

સુરત
મહાનગરપાલિકા

અંદાજપત્ર
૨૦૨૫–૨૦૨૬

સુરત મહાનગરપાલિકા
અંદાજપત્ર ૨૦૨૫–૨૦૨૬
અનુક્રમણિકા

અ.નં.	વિગત	શિડયુલ નંબર	પાના નંબર
	સુરત મહાનગરપાલિકા જનરલ બોર્ડ ઠરાવ નં.૧૭૬/૨૦૨૫		૧-૨
૧	સંપૂર્ણ ફંડ બેલેન્સ સમરી	૧	I
	સુરત મહાનગરપાલિકા સ્થાયી સમિતિ ઠરાવ નં.૫૫૮/૨૦૨૫ (આવક – ખર્ચના અંદાજ સહિત)		I-XV
	સુરત મહાનગરપાલિકા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨/૨૦૨૫ (કર અને દરની દરખાસ્ત)		૧-૨૧
	સુરત મહાનગરપાલિકા સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૭૯/૨૦૨૫ (કર અને દરની દરખાસ્ત)		૧-૨૧
	કમિશ્નરશ્રીની કર અને દરની દરખાસ્ત		૧-૨૩
	કમિશ્નરશ્રીની નોંધ		1 - 81
૨	રેવન્યુ આવક– ટૂંકસાર	૨	૧
૩	રેવન્યુ ખર્ચ– ટૂંકસાર	૩	૨
૪	કેપિટલ આવક–ટૂંકસાર	૪	૩
૫	કેપિટલ ખર્ચ–ટૂંકસાર	૫	૪
૬	ઝોન મુજબ રેવન્યુ આવક– ટૂંકસાર	૨.૧	૫-૬
૭	ઝોન મુજબ રેવન્યુ ખર્ચ– ટૂંકસાર	૩.૧	૭-૮
૮	ઝોન મુજબ કેપિટલ આવક– ટૂંકસાર	૪.૧	૯-૧૦
૯	ઝોન મુજબ કેપિટલ ખર્ચ– ટૂંકસાર	૫.૧	૧૧-૧૨
૧૦	રેવન્યુ આવક બજેટ–એકત્રિત	૨.૨	૧૩-૩૮
૧૧	રેવન્યુ ખર્ચ બજેટ– એકત્રિત	૩.૨	૩૯-૯૧
૧૨	કેપિટલ આવક બજેટ– એકત્રિત	૪.૨	૯૨-૯૫
૧૩	કેપિટલ ખર્ચ બજેટ– એકત્રિત	૫.૨	૯૬-૧૬૨
૧૪	ઝોન મુજબ રેવન્યુ આવક– સવિસ્તર	૨.૧.૧-૨.૧.૧૦	૧૬૩-૨૨૫
૧૫	ઝોન મુજબ રેવન્યુ ખર્ચ– સવિસ્તર	૩.૧.૧-૩.૧.૧૦	૨૨૬-૩૦૫
૧૬	ઝોન મુજબ કેપિટલ આવક– સવિસ્તર	૪.૧.૧-૪.૧.૧૦	૩૦૬-૩૧૮
૧૭	ઝોન મુજબ કેપિટલ ખર્ચ– સવિસ્તર	૫.૧.૧-૫.૧.૧૦	૩૧૯-૪૫૦
૧૮	લોન ફંડ બજેટ– આવક	૬	૪૫૧
૧૯	ડીપોઝીટ ફંડ બજેટ– આવક	૭	૪૫૨
૨૦	ડીપોઝીટ ફંડ બજેટ– ખર્ચ	૮	૪૫૩
૨૧	ઝોન મુજબ અંદાજીત માંગણું, વસુલાત બાકી દર્શાવતુ પત્રક	૯	૪૫૪-૪૭૪
૨૨	નોન–કેશ રેવન્યુ ચાર્જ	૧૦	૪૭૫
૨૩	રેવન્યુ બજેટ– ફાળવણી	૧૧	૪૭૬
૨૪	કેપિટલ બજેટ– ફાળવણી	૧૨	૪૭૭
૨૫	પછાત વિસ્તાર માટે વિવિધ સુવિધાની જોગવાઈ (ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ–૬૩(૨) હેઠળ)	૧૩	૪૭૮-૪૮૫
૨૬	મહેકમ ખર્ચ– ઝોનવાઈઝ/બીસીએનટી મુજબ	૧૪	૪૮૬-૪૯૯
૨૭	લોન બજેટ માટે સવિસ્તાર માહિતી (મ્યુનિસિપલ બોન્ડ)	૧૫	૫૦૦
૨૮	લોન બજેટ માટે સવિસ્તાર માહિતી (કેન્દ્ર સરકારશ્રીની વ્યાજમુકત લોન)	૧૫.૧	૫૦૧
૨૯	જવાહર નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કેપીટલ પ્રોજેકટની સવિસ્તાર માહિતી.	૧૬.૧	૫૦૨-૫૦૭
૩૦	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પ્રોજેકટની સવિસ્તાર માહિતી	૧૬.૨	૫૦૮-૫૪૧
૩૧	મળનાર ગ્રાંટના સંભવિત પ્રોજેકટની સવિસ્તાર માહિતી	૧૬.૩	૫૪૨-૫૬૯
૩૨	ગ્રાંટ ફંડ રેવન્યુ આવક	૧૮.૧	૫૭૦-૫૭૩
૩૩	ગ્રાંટ ફંડ કેપિટલ આવક	૧૮.૨	૫૭૪-૫૭૫
૩૪	ગ્રાંટ ફંડ રેવન્યુ ખર્ચ	૧૯.૧	૫૭૬-૫૮૨
૩૫	ગ્રાંટ ફંડ કેપિટલ ખર્ચ	૧૯.૨	૫૮૩-૫૯૦

સુરત મહાનગરપાલિકાની તા.૨૮–૦૩–૨૦૨૫ ના રોજ મળેલ

માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

*** * * * * * ***

સ્થાયી સમિતિ ઠરાવ નં.૫૫૮/૨૦૨૫ થી ભલામણ કર્યા મુજબ, સમગ્ર સુરત શહેર વિસ્તારને લાગુ પડતા સને ૨૦૨૪–૨૦૨૫ ના "સુધારેલ અંદાજપત્ર" તેમજ કલમ–૯૬ અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે હેડકવાટર્સ, વેસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન, નોર્થ ઝોન, ઈસ્ટ ઝોન–એ (જૂનો વિસ્તાર), ઈસ્ટ ઝોન–બી (નવો વિસ્તાર) સાઉથ ઝોન–એ, સાઉથ ઝોન–બી, સાઉથ–ઈસ્ટ ઝોન, સાઉથ–વેસ્ટ ઝોન એમ–૧૦ કેન્દ્રીત એકમો તેમજ તે ઉપરથી તૈયાર કરેલ સને ૨૦૨૫–૨૦૨૬ ના અંદાજપત્ર–"ક" અંગે નીચે મુજબની મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) સ્થાયી સમિતિના ઉકત ઠરાવમાં જણાવેલ વિગતેના સુધારા–વધારા સહિતનું સને ૨૦૨૪–૨૦૨૫ ના નાણાંકિય વર્ષનું " સુધારેલ અંદાજપત્ર" મંજુર કરવામાં આવે છે.

(૨) સ્થાયી સમિતિએ ઉકત ઠરાવમાં જણાવેલ વિગતેના સુધારા–વધારા સહિત સને ૧૯૪૯ ના મુંબઈના પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ ૯૬ હેઠળની જોગવાઈઓ મુજબ તૈયાર કરવામાં આવેલ સને ૨૦૨૫–૨૦૨૬ ના નાણાંકિય વર્ષને લગતા આ મહાનગરપાલિકાના આવક અને ખર્ચના અંદાજો મંજુર કરવામાં આવે છે.

(૩) સને ૨૦૨૫–૨૦૨૬ ના નાણાંકિય વર્ષને લાગત અંદાજપત્ર શીડયુલ મુજબ ગ્રાંટ ફંડ અન્વયે અમૃત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જેએનયુઆરએમ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્માર્ટ સીટી મિશન યોજના તેમજ ૧૫માં કેન્દ્રીય નાણાંપંચ ગ્રાંટ યોજના વિગેરે હેઠળ અને લોન ફંડ અન્વયે કેન્દ્ર સરકારશ્રીની મૂડી રોકાણ માટે વિશેષ સહાય યોજના અંતર્ગત જુદા જુદા ખાતાઓ તરફથી લેવામાં આવેલ કેપિટલ પ્રોજેકટો તેમજ તેની સામે મળનાર કેપિટલ આવકની જાણ લઈ મંજુરી આપવામાં આવે છે.

(૪) સ્થાયી સમિતિના ઉકત ઠરાવમાં જણાવ્યા અનુસાર સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન સહિત મુખ્ય કચેરીનું **અંદાજપત્ર–"ક"** મંજુર કરવામાં આવે છે.

(૫) જે તે ખાતા/ઝોન ખાતે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડ ઉપર બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડમાં આંતરીક વધારો/ઘટાડો કરવાનો હોય તો જે તે ઝોન/ખાતાના બજેટ સેન્ટરની કુલ જોગવાઈની મર્યાદામાં ઉપરાંત બજેટમાં મંજુર થયેલ કામો સંદર્ભે એક બજેટ સેન્ટરમાંથી બીજા બજેટ સેન્ટરમાં બજેટ જોગવાઈ રીએપ્રોપ્રીએટ કરવા તથા મહેકમ ખર્ચના સંદર્ભમાં કુલ રેવન્યુ ખર્ચની બજેટ જોગવાઈની મર્યાદામાં આંતરીક વધારો/ઘટાડો કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૬) કેન્દ્ર/રાજય સરકારશ્રી ધ્વારા અમૃત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જેએનયુઆરએમ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્માર્ટ સીટી મિશન યોજના તેમજ ૧૫ માં કેન્દ્રીય નાણાંપંચ ગ્રાંટ યોજના વિગેરે હેઠળની વખતોવખત રેવન્યુ ગ્રાંટ અને કેપિટલ ગ્રાંટ જે કામો માટે ફાળવવામાં આવે તો તે ગ્રાંટના જે તે કામો સદર બજેટમાં સમાવિષ્ટ થયેલ હોય/સમાવિષ્ટ ન થયેલ હોય અને હેતુફેર કરવામાં આવે તો તે મુજબના આવક/ખર્ચના બજેટ સદરોમાં ફેરફાર કરવા અને આવક/ખર્ચાઓ જમા/ઉધાર લેવા માટે અને વર્ષાંતે તે ગ્રાંટની બેલેન્સ c/f. કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

૨...

(૭) જે તે ખાતા/ઝોન ખાતે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડ ઉપર બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડમાં તા.૧–૭–૨૦૧૭ થી અમલી "ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ" ની જોગવાઈઓને આધીન ખર્ચના પ્રકાર મુજબ જે તે કિસ્સાઓમાં Tax Invoice(Not Input Tax Credit) ના કારણોસર વર્ષ દરમ્યાન ન મળવાપાત્ર ટેક્ષ ક્રેડિટને મજકુર ટેક્ષના કન્સલટન્ટના અભિપ્રાયને આધીન જે તે ખર્ચ ખાતે તબદીલ કરવાથી આંતરીક વધારો કરવાનો હોય તો જે તે ઝોન/ખાતાના બજેટ સેન્ટરની કુલ જોગવાઈની મર્યાદામાં આંતરીક વધારો કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૮) નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ ના બજેટને સામાન્ય સભા ઠરાવ નં.૪૦/૨૦૨૩ તા.૧૬–૨–૨૦૨૩ થી મંજુર થયા બાદ કોરોના(કોવિડ–૧૯) વાયરસની આકસ્મિક આપત્તિની અસરના કારણે સુરત મહાનગરપાલિકાએ રોગના નિયંત્રણ, ઉપચાર, પ્રિવેન્શન અંગે વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કેપિટલ તેમજ રેવન્યુ પ્રકારના ખર્ચાઓ અંગે કરવામાં આવેલ સંબંધિત બજેટ જોગવાઈઓને કાર્યોત્તર મંજુરી આપવામાં આવે છે .

(૯) મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ–૧૯૪૯ ની નિર્દિષ્ટ જોગવાઈઓ ધ્યાને લઈ તેમજ માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૩૪/૨૦૦૧, તા.૨૯–૫–૨૦૦૧ અન્વયે આઈ.ટી.પોલીસી અમલમાં આવેલ હોવાથી તથા સને ૨૦૨૩–૨૪ ના સામાન્ય સભા ઠરાવ નં.૪૦/૨૦૨૩ તા.૧૬–૨–૨૦૨૩ થી અંદાજપત્ર મંજુરી સમયે લેવાયેલ નિર્ણયને ધ્યાને લઈ ડીજીટલ ઈન્ડિયા કેમ્પેઈનના ભાગરૂપે અને ઈકો ફ્રેન્ડલી પેપરલેશ કાર્યવાહી હાથ ધરવા તેમજ છપામણી અંગેના રેવન્યુ ખર્ચમાં કરકસરના હેતુ ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાનું સને ૨૦૨૪–૨૫ નું "સુધારેલ અંદાજપત્ર" તથા સને ૨૦૨૫–૨૬ નું અંદાજપત્ર–"ક" ની દરખાસ્ત ડીજીટલ માધ્યમ સ્વરૂપે રજુ કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૧૦) "ડ્રાફટ અંદાજપત્ર" સમયમર્યાદામાં બનાવી રજૂ કરવામાં થયેલ વિલંબ કોન્ડોન કરવામાં આવે છે.

ઠરાવ નં.૧૭૬/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.
==========

વાર્ષિક

સૂરત મહાનગરપાલિકા

શીડયુલ – ૧

ફંડ બેલેન્સ સમરી બજેટ સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

	રેવન્યુ ફંડ	કેપીટલ ફંડ	લોન / બોન્ડ ફંડ	ડીપો. ફંડ	ગ્રાંટ ફંડ	કુલ
'અ' ઉઘડતી સિલક	૧૧૬૭૯૧.૫૮			૩૫૫૮૪.૧૯	૮૪૬૪૨.૫૬	૨૩૭૦૧૮.૩૩
'બ' આવક						
રેવન્યુ આવક (શીડ. – ૨)	૪૯૦૦૯૮.૬૩				૧૩૨૦૧૭.૯૫	૬૨૨૧૧૬.૫૮
કેપીટલ આવક (શીડ. – ૪)		૨૮૯૩૧.૭૭			૩૩૮૭૦૪.૫૦	૩૬૭૬૩૬.૨૭
લોન આવક (શીડ. –૬)			૨૦૦૦૦.૦૦			૨૦૦૦૦.૦૦
ડીપો. આવક (શીડ. – ૭)				૧૩૪૩૬.૪૮		૧૩૪૩૬.૪૮
સરવાળો	૪૯૦૦૯૮.૬૩	૨૮૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૧૩૪૩૬.૪૮	૪૭૦૭૨૨.૪૫	૧૦૨૩૧૮૯.૩૩
બાદ મળવાજોગ આવક (શીડ.–૯)	૬૪૪૫૬.૬૧					૬૪૪૫૬.૬૧
કુલ 'બ'	૪૨૫૬૪૨.૦૨	૨૮૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૧૩૪૩૬.૪૮	૪૭૦૭૨૨.૪૫	૯૫૮૭૩૨.૭૨
'ક' ખર્ચ						
રેવન્યુ ખર્ચ (શીડ. – ૩)	૩૭૮૦૮૦.૦૩				૧૩૨૦૧૭.૯૫	૫૧૦૦૯૭.૯૮
કેપીટલ ખર્ચ (શીડ. – ૫)	૨૮૬૯૭.૬૩	૨૪૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦		૪૧૬૬૬૪.૬૯	૪૯૦૨૯૪.૩૯
ડીપો. ખર્ચ (શીડ. – ૮)				૭૦૮૪૭.૭૮		૭૦૮૪૭.૭૮
સરવાળો	૪૦૬૭૭૭.૯૬	૨૪૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૭૦૮૪૭.૭૮	૫૪૮૬૮૨.૬૪	૧૦૭૧૨૪૦.૧૫
બાદ રોકડને અસર નહિં થનાર ખર્ચાઓ (શીડ.–૧૦)	૧૧૪૨૫૯.૬૭					૧૧૪૨૫૯.૬૭
કુલ 'ક'	૨૯૨૫૧૮.૨૯	૨૪૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૭૦૮૪૭.૭૮	૫૪૮૬૮૨.૬૪	૯૫૬૯૮૦.૪૮
'ડ' ફેરબદલ – એક ફંડમાંથી બીજા ફંડમા						
રેવન્યુ ફંડમાંથી (શીડ. –૧૧)	-૬૫૮૪૧.૩૯			૬૫૮૪૧.૩૯		
કેપીટલ ફંડમાંથી (શીડ. –૧૨)		-૪૦૦૦.૦૦		૪૦૦૦.૦૦		
કુલ 'ડ'	-૬૫૮૪૧.૩૯	-૪૦૦૦.૦૦		૬૯૮૪૧.૩૯		
'ઈ' બંધ થતી સિલક "અ + બ – ક(+)(–)(ડ)"	૧૮૪૦૭૩.૯૨			૪૮૦૧૪.૨૮	૬૬૮૨.૩૭	૨૩૮૭૭૦.૫૭

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૯–૩–૨૦૨૫ ના રોજ મળીને મુલતવી રહેલ અને તા.૨૦–૩–૨૦૨૫ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯–૨–૨૦૨૫ ના પત્ર નં.સી.સ્થા.સ./૯૦૯ થી રજુ કરેલ સમગ્ર સુરત શહેર વિસ્તારને લાગુ પડતા સને ૨૦૨૪–૨૦૨૫ ના "સુધારેલ અંદાજપત્ર" તેમજ કલમ–૯૫ અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે હેડકવાટર્સ, વેસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન, નોર્થ ઝોન, ઈસ્ટ ઝોન–એ (જૂનો વિસ્તાર), ઈસ્ટ ઝોન–બી (નવો વિસ્તાર) સાઉથ ઝોન–એ, સાઉથ ઝોન–બી, સાઉથ–ઈસ્ટ ઝોન, સાઉથ–વેસ્ટ ઝોન એમ–૧૦ કેન્દ્રીત એકમો તેમજ તે ઉપરથી તૈયાર કરેલ સને ૨૦૨૫–૨૦૨૬ ના ડ્રાફટ અંદાજપત્ર અંગે રજુ કરેલ દરખાસ્ત ઉપર સમિતિની સભામાં હાજર રહેલા મ્યુ.કમિશનરશ્રી, ડે.મ્યુ.કમિશનરશ્રી(IAS), ડે.મ્યુ.કમિશનરશ્રી(GAS), સીટી ઈજનેરશ્રી, ડે.મ્યુ.કમિશનરશ્રીઓ, ડે.મ્યુ.કમિશનરશ્રી (હે. એન્ડ હો.), ડીનશ્રી, એડી.સીટી ઈજનેરશ્રીઓ, આસી.મ્યુનિ. કમિશનરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, મેડીકલ સુપિન્ટેન્ડન્ટશ્રી, અને ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રી વિગેરે અધિકારીઓ સાથે પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, નીચે મુજબની મંજુરી આપવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

(૧) નીચે જણાવેલ વિગતેનું સને ૨૦૨૪–૨૦૨૫ ના નાણાંકિય વર્ષનું સુધારેલ અંદાજપત્ર મંજુર કરવા.

(૨) સને ૧૯૪૯ ના મુંબઈના પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ ૯૬ હેઠળની જોગવાઈઓ મુજબ તૈયાર કરવામાં આવેલ સને ૨૦૨૫–૨૦૨૬ ના નાણાંકિય વર્ષને લગતા આ મહાનગરપાલિકાના આવક અને ખર્ચના અંદાજો મંજુર કરવા.

(૩) સને ૨૦૨૫–૨૦૨૬ ના નાણાંકિય વર્ષને લાગત અંદાજપત્ર શીડયુલ મુજબ ગ્રાંટ ફંડ અન્વયે અમૃત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જેએનયુઆરએમ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્માર્ટ સીટી મિશન યોજના તેમજ ૧૫માં કેન્દ્રીય નાણાંપંચ ગ્રાંટ યોજના વિગેરે હેઠળ અને લોન ફંડ અન્વયે કેન્દ્ર સરકારશ્રીની મૂડી રોકાણ માટે વિશેષ સહાય યોજના અંતર્ગત જુદા જુદા ખાતાઓ તરફથી લેવામાં આવેલ કેપિટલ પ્રોજેકટો તેમજ તેની સામે મળનાર કેપિટલ આવકની જાણ લઈ મંજુર કરવા.

(૪) સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન સહિત મુખ્ય કચેરીનું ઉપર જણાવ્યા અનુસાર **અંદાજપત્ર–"ક"** મંજુર કરવા.

(૫) જે તે ખાતા/ઝોન ખાતે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડ ઉપર બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડમાં આંતરીક વધારો/ઘટાડો કરવાનો હોય તો જે તે ઝોન/ખાતાના બજેટ સેન્ટરની કુલ જોગવાઈની મર્યાદામાં ઉપરાંત બજેટમાં મંજુર થયેલ કામો સંદર્ભે એક બજેટ સેન્ટરમાંથી બીજા બજેટ સેન્ટરમાં બજેટ જોગવાઈ રીએપ્રોપ્રીએટ કરવા તથા મહેકમ ખર્ચના સંદર્ભમાં કુલ રેવન્યુ ખર્ચની બજેટ જોગવાઈની મર્યાદામાં આંતરીક વધારો/ઘટાડો કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા.

(૬) કેન્દ્ર/રાજય સરકારશ્રી ધ્વારા અમૃત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જેએનયુઆરએમ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, સ્માર્ટ સીટી મિશન યોજના તેમજ ૧૫ માં કેન્દ્રીય નાણાંપંચ ગ્રાંટ યોજના વિગેરે હેઠળની વખતોવખત રેવન્યુ ગ્રાંટ અને કેપિટલ ગ્રાંટ જે કામો માટે ફાળવવામાં આવે તો તે ગ્રાંટના જે તે કામો સદર બજેટમાં સમાવિષ્ટ થયેલ હોય/સમાવિષ્ટ ન થયેલ હોય અને હેતુફેર કરવામાં આવે તો તે મુજબના આવક/ખર્ચના બજેટ સદરોમાં ફેરફાર કરવા અને આવક/ખર્ચાઓ જમા/ઉધાર લેવા માટે અને વર્ષાંતે તે ગ્રાંટની બેલેન્સ c/f. કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા.

(૭) જે તે ખાતા/ઝોન ખાતે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડ ઉપર બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જે બજેટ સેન્ટરમાં સમાવિષ્ટ એકાઉન્ટ કોડ, પ્રોજેકટ કોડમાં તા.૧–૭–૨૦૧૭ થી અમલી "ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ" ની જોગવાઈઓને આધીન ખર્ચના પ્રકાર મુજબ જે તે કિસ્સાઓમાં Tax Invoice(Not Input Tax Credit) ના કારણોસર વર્ષ દરમ્યાન ન મળવાપાત્ર ટેક્ષ ક્રેડિટને મજકુર ટેક્ષના કન્સલટન્ટના અભિપ્રાયને આધીન જે તે ખર્ચ ખાતે તબદીલ કરવાથી આંતરીક વધારો કરવાનો હોય તો જે તે ઝોન/ખાતાના બજેટ સેન્ટરની કુલ જોગવાઈની મર્યાદામાં આંતરીક વધારો કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવા.

(૮) નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ ના બજેટને સામાન્ય સભા ઠરાવ નં.૪૦/૨૦૨૩ તા.૧૬–૨–૨૦૨૩ થી મંજુર થયા બાદ કોરોના(કોવિડ–૧૯) વાયરસની આકસ્મિક આપત્તિની અસરના કારણે સુરત મહાનગરપાલિકાએ રોગના નિયંત્રણ, ઉપચાર, પ્રિવેન્શન અંગે વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કેપિટલ તેમજ રેવન્યુ પ્રકારના ખર્ચાઓ અંગે કરવામાં આવેલ સંબંધિત બજેટ જોગવાઈઓને કાર્યોત્તર મંજુરી આપવા.

(૯) મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ–૧૯૪૯ ની નિર્દિષ્ટ જોગવાઈઓ ધ્યાને લઈ તેમજ માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૩૪/૨૦૦૧, તા.૨૯–૫–૨૦૦૧ અન્વયે આઈ.ટી.પોલીસી અમલમાં આવેલ હોવાથી તથા સને ૨૦૨૩–૨૪ ના સામાન્ય સભા ઠરાવ નં.૪૦/૨૦૨૩ તા.૧૬–૨–૨૦૨૩ થી અંદાજપત્ર મંજુરી સમયે લેવાયેલ નિર્ણયને ધ્યાને લઈ ડીજીટલ ઈન્ડિયા કેમ્પેઈનના ભાગરૂપે અને ઈકો ફ્રેન્ડલી પેપરલેશ કાર્યવાહી હાથ ધરવા તેમજ છપામણી અંગેના રેવન્યુ ખર્ચમાં કરકસરના હેતુ ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાનું સને ૨૦૨૪–૨૫ નું "સુધારેલ અંદાજપત્ર" તથા સને ૨૦૨૫–૨૬ નું "અંદાજપત્ર–ક" ની દરખાસ્ત ડીજીટલ માધ્યમ સ્વરૂપે રજુ કરવા.

(૧૦) ઉપર મુજબ "ડ્રાફટ અંદાજપત્ર" બનાવી રજૂ કરવામાં થયેલ વિલંબ કોન્ડોન કરવા.

સૂરત મહાનગરપાલિકા

રેવન્યુ આવક

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ	પ્રોજેકટ કોડ/હેડ	એકાઉન્ટ કોડ /હેડ	કમિશનરશ્રીની ભલામણ		સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
							વધારો		ઘટાડો			
					એક્ટ્રઅલ	કેશ સ્ત્રોત	એક્ટ્રઅલ	કેશ	એક્ટ્રઅલ	કેશ	એક્ટ્રઅલ	કેશ
૧	હેડ કવાટર્સ	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	-	૧૨૭૮ એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જિસ(પેઈડ એફ.એસ.આઈ.)	૦૦૦૦૦.૦૦	૦૦૦૦૦.૦૦ રે.ફ.	૪૦૦૦.૦૦	૪૦૦૦.૦૦	-	-	૦૪૦૦૦.૦૦	૦૪૦૦૦.૦૦
૨	વેસ્ટ ઝોન	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	-	૧૨૮૨ જા.આવકએજ.દ્વારાસુમપાનીજ્ય/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦ રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	-	-	૧૫૦૦.૦૦	૧૫૦૦.૦૦
૩	સેન્ટ્રલ ઝોન	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	-	૧૨૮૨ જા.આવકએજ.દ્વારાસુમપાનીજ્ય/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૦૦૦.૦૦	૧૦૦૦.૦૦ રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	-	-	૧૩૦૦.૦૦	૧૩૦૦.૦૦
૪	નોર્થ ઝોન	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	-	૧૨૮૨ જા.આવકએજ.દ્વારાસુમપાનીજ્ય/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૦૦૦.૦૦	૧૦૦૦.૦૦ રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	-	-	૧૩૦૦.૦૦	૧૩૦૦.૦૦
૫	ઈસ્ટ ઝોન – એ	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	-	૧૨૮૨ જા.આવકએજ.દ્વારાસુમપાનીજ્ય/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૩૦૦.૦૦	૧૩૦૦.૦૦ રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	-	-	૧૬૦૦.૦૦	૧૬૦૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

રેવન્યુ આવક

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ	પ્રોજેકટ કોડ/હેડ	એકાઉન્ટ કોડ /હેડ	કમિશ્નરશ્રીની ભલામણ			સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
								વધારો		ઘટાડો			
					એક્ચૂઅલ		કેશ સ્ત્રોત	એક્ચૂઅલ	કેશ	એક્ચૂઅલ	કેશ	એક્ચૂઅલ	કેશ
૬	સાઉથ ઝોન – એ	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	–	૧૨૮૨ જા.આવકએજ.ઘ વારાસુમપાનીજ્ઞ યા/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૦૦૦.૦૦	૧૦૦૦.૦૦	રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૧૩૦૦.૦૦	૧૩૦૦.૦૦
૭	સાઉથ ઈસ્ટ (લિબાયત) ઝોન	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	–	૧૨૮૨ જા.આવકએજ.ઘ વારાસુમપાનીજ્ઞ યા/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૩૦૦.૦૦	૧૩૦૦.૦૦	રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૧૬૦૦.૦૦	૧૬૦૦.૦૦
૮	અઠવા ઝોન	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	–	૧૨૮૨ જા.આવકએજ.ઘ વારાસુમપાનીજ્ઞ યા/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦	રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૧૫૦૦.૦૦	૧૫૦૦.૦૦
૯	ઈસ્ટ ઝોન – બી	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	–	૧૨૮૨ જા.આવકએજ.ઘ વારાસુમપાનીજ્ઞ યા/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૦૦૫.૦૦	૧૦૦૫.૦૦	રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૧૩૦૫.૦૦	૧૩૦૫.૦૦
૧૦	સાઉથ ઝોન – બી	૫૧ અર્બન ટ્રાન્સપોર્ટ	–	૧૨૮૨ જા.આવકએજ.ઘ વારાસુમપાનીજ્ઞ યા/મિલ્કતપરઉ ભાકરેલહોર્ડિંગ્સ(આરસીએમ)	૧૦૦૦.૦૦	૧૦૦૦.૦૦	રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૧૩૦૦.૦૦	૧૩૦૦.૦૦

			રેવન્યુ આવક ગ્રાન્ડ		૧૦૦૫.૦૦	૧૦૦૫.૦૦	૬૭૦૦.૦૦	૬૭૦૦.૦૦			૧૬૭૦૫.૦૦	૧૬૭૦૫.૦૦

વધારો ૬૭૦૦.૦૦

ઘટાડો

રેવન્યુ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ	પ્રોજેક્ટ કોડ/હેડ	એકાઉન્ટ કોડ /હેડ	કમિશનરશ્રીની ભલામણ		સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
							વધારો		ઘટાડો			
					એક્ચ્યુઅલ	કેશ સ્ત્રોત	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ
૧	હેડ કવાટર્સ	૬૪ હાઈડ્રોલીક–જળ શુધ્ધીકરણ અને વિતરણ	–	૩૦૦૭ મરામત – પ્લાન્ટ યંત્રો અને સાધનો	૨૫૦.૦૦	૨૫૦.૦૦ રે.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૫૫૦.૦૦	૫૫૦.૦૦
૨	હેડ કવાટર્સ	૬૮ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ	–	૪૮૩૧ ફરજિયાત ગ્રાન્ટ અને ફાળા	૩૨૬૯૮.૩૫	૩૨૬૯૮.૩૫ રે.ફ.	૪૪૫૦.૦૦	૪૪૫૦.૦૦	–	–	૩૭૧૪૮.૩૫	૩૭૧૪૮.૩૫
૩	હેડ કવાટર્સ	૬૮/૦૧ 'સુમન' હાઈસ્કૂલ	–	૨૪૮૩ પુસ્તકો,સામાયિકો અને વર્તમાનપત્રોનું લવાજમ	૨.૦૦	૨.૦૦ રે.ફ.	૫.૦૦	૫.૦૦	–	–	૭.૦૦	૭.૦૦
૪	હેડ કવાટર્સ	૬૮/૦૧ 'સુમન' હાઈસ્કૂલ	–	૨૪૯૨ વપરાશી માલસામાન (સ્ટેશનરી અને છપામણી સિવાય)	૧.૦૦	૧.૦૦ રે.ફ.	૭૫૦.૦૦	૭૫૦.૦૦	–	–	૭૫૧.૦૦	૭૫૧.૦૦
૫	વેસ્ટ ઝોન	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	–	૩૦૦૨ મરામત – મકાનો	૨૦૦.૦૦	૨૦૦.૦૦ રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	–	–	૨૫૫.૦૦	૨૫૫.૦૦
૬	સેન્ટ્રલ ઝોન	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	–	૨૪૪૩ સલાહકાર ફી/ખર્ચ	૦.૩૦	૦.૩૦ રે.ફ.	૨.૦૦	૨.૦૦	–	–	૨.૩૦	૨.૩૦
૭	સેન્ટ્રલ ઝોન	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	–	૩૦૦૨ મરામત – મકાનો	૪૨૩.૬૦	૪૨૩.૬૦ રે.ફ.	૭૦.૦૦	૭૦.૦૦	–	–	૪૯૩.૬૦	૪૯૩.૬૦
૮	નોર્થ ઝોન	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	–	૩૦૦૨ મરામત – મકાનો	૨૫૦.૦૦	૨૫૦.૦૦ રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	–	–	૩૦૫.૦૦	૩૦૫.૦૦

સૂરત મહાનગરપાલિકા

રેવન્યુ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ	પ્રોજેકટ કોડ/હેડ	એકાઉન્ટ કોડ /હેડ	કમિશનરશ્રીની ભલામણ			સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
								વધારો		ઘટાડો			
					એક્રૂઅલ	કેશ	સ્ત્રોત	એક્રૂઅલ	કેશ	એક્રૂઅલ	કેશ	એક્રૂઅલ	કેશ
૯	ઈસ્ટ ઝોન – એ	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	-	૩૦૦૨ મરામત – મકાનો	૧૦૦.૦૦	૧૦૦.૦૦	રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	-	-	૧૫૫.૦૦	૧૫૫.૦૦
૧૦	સાઉથ ઝોન – એ	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	-	૩૦૦૨ મરામત – મકાનો	૪૦.૦૦	૪૦.૦૦	રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	-	-	૯૫.૦૦	૯૫.૦૦
૧૧	સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	-	૩૦૦૨ મરામત – મકાનો	૭૮૫.૦૦	૭૮૫.૦૦	રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	-	-	૮૪૦.૦૦	૮૪૦.૦૦
૧૨	અઠવા ઝોન	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	-	૩૦૦૨ મરામત – મકાનો	૨૭૫.૦૦	૨૭૫.૦૦	રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	-	-	૩૩૦.૦૦	૩૩૦.૦૦
૧૩	ઈસ્ટ ઝોન – બી	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	-	૩૦૦૨ મરામત – મકાનો	૩૦૦.૦૦	૩૦૦.૦૦	રે.ફ.	૬૦.૦૦	૬૦.૦૦	-	-	૩૬૦.૦૦	૩૬૦.૦૦
૧૪	સાઉથ ઝોન – બી	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	-	૩૦૦૨ મરામત – મકાનો	૫૫.૦૦	૫૫.૦૦	રે.ફ.	૫૫.૦૦	૫૫.૦૦	-	-	૧૧૦.૦૦	૧૧૦.૦૦
			રેવન્યુ ખર્ચ ગ્રાન્ડ		૩૫૩૮૦.૨૫	૩૫૩૮૦.૨૫		૬૦૨૨.૦૦	૬૦૨૨.૦૦			૪૧૪૦૨.૨૫	૪૧૪૦૨.૨૫

વધારો ૬૦૨૨.૦૦

ઘટાડો _____

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

૧	હેડ કવાટર્સ	૪૦/૦૪ ટ્રાફીક સેલ	C-599	ફુટ ઓવર બ્રીજ (એફ.ઓ.બી.)	૫૬૬૫	ચાલુ કામ – સબ વે અને ફલાયઓવર્સ	-	-	કે.ફ.	૧.૦૦	૧.૦૦	-	-	૧.૦૦	૧.૦૦
૨	હેડ કવાટર્સ	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૨૯	ચાલુ કામ – ઓડીટોરીયમ / સભાખંડો	૨૧.૫૦	૨૧.૫૦	ગ્રા.ફ.	૧૦.૦૦	૧૦.૦૦	-	-	૩૧.૫૦	૩૧.૫૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ		પ્રોજેક્ટ કોડ/હેડ		એકાઉન્ટ કોડ /હેડ		કમિશ્નરશ્રીની ભલામણ			સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
											વધારો		ઘટાડો			
								એફ્રૂઅલ		કેશ સ્ત્રોત	એફ્રૂઅલ	કેશ	એફ્રૂઅલ	કેશ	એફ્રૂઅલ	કેશ
૩	હેડ કવાર્ટર્સ	૪૪	બ્રીજ સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૫	ચાલુ કામ – સબ વે અને ફ્લાયઓવર્સ	૧૩૯૫.૦૦	૧૩૯૫.૦૦	ગ્રા.ફ.	૧૫૦.૦૦	૧૫૦.૦૦	–	–	૧૫૪૫.૦૦	૧૫૪૫.૦૦
૪	હેડ કવાર્ટર્સ	૪૬/૧૨	વોટર રીસોર્સીસ એન્ડ રીક્રીએશન સેલ (બેરેજ)	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૯૫	ચાલુકામ–બેરેજ પ્રકલ્પ	–	–	રે.ફ.	૧૫૬૦૮.૦૦	૧૫૬૦૮.૦૦	–	–	૧૫૬૦૮.૦૦	૧૫૬૦૮.૦૦
૫	હેડ કવાર્ટર્સ	૪૬/૧૨	વોટર રીસોર્સીસ એન્ડ રીક્રીએશન સેલ (બેરેજ)	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૯૫	ચાલુકામ–બેરેજ પ્રકલ્પ	૧૫૬૦૮.૦૦	૧૫૬૦૮.૦૦	ગ્રા.ફ.	–	–	-૧૫૬૦૮.૦૦	-૧૫૬૦૮.૦૦	–	–
૬	હેડ કવાર્ટર્સ	૪૭	મ્યુનિસિપલ વર્કશોપ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૭૩૧	ચાલુ કામ – યાંત્રિક વાહનો	૧૫૦૦.૦૦	૧૫૦૦.૦૦	ગ્રા.ફ.	૬૦૦.૦૦	૬૦૦.૦૦	–	–	૨૧૦૦.૦૦	૨૧૦૦.૦૦
૭	હેડ કવાર્ટર્સ	૬૧	અગ્નિશમન ખાતુ	C-285	અગ્નિશમન કેન્દ્ર સુધારણા	૫૭૩૧	ચાલુ કામ – યાંત્રિક વાહનો	૪૬૧૫.૦૦	૪૬૧૫.૦૦	કે.ફ.	–	–	-૩૦૪૮.૦૦	-૩૦૪૮.૦૦	૧૫૬૭.૦૦	૧૫૬૭.૦૦
૮	હેડ કવાર્ટર્સ	૬૧	અગ્નિશમન ખાતુ	C-285	અગ્નિશમન કેન્દ્ર સુધારણા	૫૭૩૧	ચાલુ કામ – યાંત્રિક વાહનો	–	–	રે.ફ.	૩૧૫૮.૦૦	૩૧૫૮.૦૦	–	–	૩૧૫૮.૦૦	૩૧૫૮.૦૦
૯	હેડ કવાર્ટર્સ	૬૪	હાઈડ્રોલીક–જળ શુધ્ધીકરણ અને વિતરણ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૯૧	ચાલુ કામ–પાણીની પાઈપલાઈન	૩૬૨૯.૦૦	૩૬૨૯.૦૦	ગ્રા.ફ.	૯૦૦.૦૦	૯૦૦.૦૦	–	–	૪૫૨૯.૦૦	૪૫૨૯.૦૦
૧૦	હેડ કવાર્ટર્સ	૬૪	હાઈડ્રોલીક–જળ શુધ્ધીકરણ અને વિતરણ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૭૧૧	ચાલુ કામ – હાઈડ્રોલિક પ્લાન્ટ યંત્રો	૨૦૮૩.૦૦	૨૦૮૩.૦૦	ગ્રા.ફ.	૮૦૦.૦૦	૮૦૦.૦૦	–	–	૨૮૮૩.૦૦	૨૮૮૩.૦૦
૧૧	હેડ કવાર્ટર્સ	૬૫	ડ્રેનેજ ખાતુ	C-389	ડ્રેનેજ–પંપીંગ સ્ટેશન ખાતેના સીવીલ કામો	૫૭૧૨	ચાલુ કામ – ડ્રેનેજ પ્લાન્ટ અને યંત્રો	૧૩૯.૦૦	૧૩૯.૦૦	કે.ફ.	૧૬૦૦.૦૦	૧૬૦૦.૦૦	–	–	૧૭૩૯.૦૦	૧૭૩૯.૦૦
૧૨	હેડ કવાર્ટર્સ	૬૫	ડ્રેનેજ ખાતુ	C-411	સ્થાયી મિલકતો	૫૭૩૧	ચાલુ કામ – યાંત્રિક વાહનો	૧૬૫.૦૦	૧૬૫.૦૦	કે.ફ.	૨૫.૦૦	૨૫.૦૦	–	–	૧૯૦.૦૦	૧૯૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ		પ્રોજેકટ કોડ/હેડ		એકાઉન્ટ કોડ /હેડ		કમિશ્નરશ્રીની ભલામણ			સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
											વધારો		ઘટાડો			
								એક્ચ્યુઅલ		કેશ સ્ત્રોત	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ
૧૩	હેડ કવાટર્સ	૬૫	ડ્રેનેજ ખાતુ	C-419	સ્ટોર્મ વોટર ડ્રેનેજ	૫૮૦૮	ચાલુ કામ –પ્રોજેકટ ડેવલોપમેન્ટ કોસ્ટ	૨૯૮.૪૭	૨૯૮.૪૭	કે.ફ.	૧૧૦૦.૦૦	૧૧૦૦.૦૦	–	–	૧૩૯૮.૪૭	૧૩૯૮.૪૭
૧૪	હેડ કવાટર્સ	૮૧	સેન્ટ્રલ હેલ્થ ઓફીસ	C-448	હેલ્થ સેન્ટર અપગ્રેડેશન	૫૭૧૫	ચાલુ કામ – હોસ્પિટલ / દવાખાનાના સાધનો	૧૫.૦૦	૧૫.૦૦	કે.ફ.	૧૩૨.૦૦	૧૩૨.૦૦	–	–	૧૪૭.૦૦	૧૪૭.૦૦
૧૫	હેડ કવાટર્સ	૮૧/૮૩	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેકટ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૭૧૪	ચાલુ કામ – સોલિડ વેસ્ટ પ્લાન્ટ અને યંત્રો	–	–	ગ્રા.ફ.	૨૨૦૦.૦૦	૨૨૦૦.૦૦	–	–	૨૨૦૦.૦૦	૨૨૦૦.૦૦
૧૬	હેડ કવાટર્સ	૮૧/૯૧	"સ્મિમેર" મેડીકલ કોલેજ	C-482	મેડીકલ કોલેજ	૫૭૧૫	ચાલુ કામ – હોસ્પિટલ / દવાખાનાના સાધનો	૧.૦૦	૧.૦૦	કે.ફ.	૧૯૦.૦૦	૧૯૦.૦૦	–	–	૧૯૧.૦૦	૧૯૧.૦૦
૧૭	હેડ કવાટર્સ	૮૧/૯૧	"સ્મિમેર" મેડીકલ કોલેજ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૬	ચાલુ કામ – હોસ્પિ/દવા.ના મકાનો/હે.સે./પ્ર. ગૃહ	૫૧૭૦.૦૦	૫૧૭૦.૦૦	ગ્રા.ફ.	૨૦.૦૦	૨૦.૦૦	–	–	૫૧૯૦.૦૦	૫૧૯૦.૦૦
૧૮	હેડ કવાટર્સ	૮૧/૯૧	"સ્મિમેર" મેડીકલ કોલેજ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૭૫૨	ચાલુ કામ – વિજાણુ સાધનો / ઉપકરણો	૩૨૩.૦૦	૩૨૩.૦૦	ગ્રા.ફ.	૫.૦૦	૫.૦૦	–	–	૩૨૮.૦૦	૩૨૮.૦૦
૧૯	વેસ્ટ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૧	ચાલુકામ–ઓફીસ મકાનો	૧૫૦.૦૦	૧૫૦.૦૦	ગ્રા.ફ.	૨૦૦.૦૦	૨૦૦.૦૦	–	–	૩૫૦.૦૦	૩૫૦.૦૦
૨૦	વેસ્ટ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૩૨	ચાલુકામ – આંગણવાડી	–	–	ગ્રા.ફ.	૬૦.૦૦	૬૦.૦૦	–	–	૬૦.૦૦	૬૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ		પ્રોજેકટ કોડ/હેડ		એકાઉન્ટ કોડ /હેડ		કમિશ્નરશ્રીની ભલામણ		સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
										વધારો		ઘટાડો			
								એક્ચ્યુઅલ	કેશ સ્ત્રોત	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ
૨૧	વેસ્ટ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૩	ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૨૭૫.૦૦	૨૭૫.૦૦ ગ્રા.ફ.	૩૫૦.૦૦	૩૫૦.૦૦	–	–	૬૨૫.૦૦	૬૨૫.૦૦
૨૨	વેસ્ટ ઝોન	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૮૬૫.૦૦	૮૬૫.૦૦ ગ્રા.ફ.	૨૧૦૦.૦૦	૨૧૦૦.૦૦	–	–	૨૯૬૫.૦૦	૨૯૬૫.૦૦
૨૩	વેસ્ટ ઝોન	૬૩	રોશની ખાતુ	C-616	નવા વિસ્તાર માટે પ્રાથમિક સુવિધા – ૨૦૨૦	૫૬૬૨	ચાલુ કામ – જાહેર દિવાબત્તીઓ અને કેબલ્સ	૨૮૫.૦૦	૨૮૫.૦૦ ગ્રા.ફ.	૨૦૦.૦૦	૨૦૦.૦૦	–	–	૪૮૫.૦૦	૪૮૫.૦૦
૨૪	સેન્ટ્રલ ઝોન	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૧૫૦.૦૦	૧૫૦.૦૦ ગ્રા.ફ.	૨૩૦૦.૦૦	૨૩૦૦.૦૦	–	–	૨૪૫૦.૦૦	૨૪૫૦.૦૦
૨૫	નોર્થ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૫	ચાલુ કામ – શાળા મકાનો	૧૨૪૦.૦૦	૧૨૪૦.૦૦ ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૧૨૯૦.૦૦	૧૨૯૦.૦૦
૨૬	નોર્થ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૬	ચાલુ કામ – હોસ્પિ/દવા.ના મકાનો/હે.સે./પ્ર. ગૃહ	૮૭૩.૦૦	૮૭૩.૦૦ ગ્રા.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૧૧૭૩.૦૦	૧૧૭૩.૦૦
૨૭	નોર્થ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૩૨	ચાલુકામ – આંગણવાડી	૧૫૫.૦૦	૧૫૫.૦૦ ગ્રા.ફ.	૨૦.૦૦	૨૦.૦૦	–	–	૧૭૫.૦૦	૧૭૫.૦૦
૨૮	નોર્થ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૧	ચાલુ કામ – બાગ બગીચા/શાંતીકુંજ	–	– ગ્રા.ફ.	૨૦.૦૦	૨૦.૦૦	–	–	૨૦.૦૦	૨૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ		પ્રોજેકટ કોડ/હેડ		એકાઉન્ટ કોડ /હેડ		કમિશનરશ્રીની ભલામણ			સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
											વધારો		ઘટાડો			
								એક્રૂઅલ	કેશ	સ્ત્રોત	એક્રૂઅલ	કેશ	એક્રૂઅલ	કેશ	એક્રૂઅલ	કેશ
૨૯	નોર્થ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૩	ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૩૪૯.૦૦	૩૪૯.૦૦	ગ્રા.ફ.	૧૦૦.૦૦	૧૦૦.૦૦	–	–	૪૪૯.૦૦	૪૪૯.૦૦
૩૦	નોર્થ ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	–	–	ગ્રા.ફ.	૧૦.૦૦	૧૦.૦૦	–	–	૧૦.૦૦	૧૦.૦૦
૩૧	નોર્થ ઝોન	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	–	–	ગ્રા.ફ.	૨૫૩૦.૦૦	૨૫૩૦.૦૦	–	–	૨૫૩૦.૦૦	૨૫૩૦.૦૦
૩૨	ઈસ્ટ ઝોન – એ	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૬	ચાલુ કામ – હોસ્પિ/દવા.ના મકાનો/હે.સે./પ્ર. ગૃહ	૨૩૦.૦૦	૨૩૦.૦૦	ગ્રા.ફ.	૨૨૦.૦૦	૨૨૦.૦૦	–	–	૪૫૦.૦૦	૪૫૦.૦૦
૩૩	ઈસ્ટ ઝોન – એ	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૮	ચાલુ કામ – બજાર અને કતલખાના	–	–	ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૫૦.૦૦	૫૦.૦૦
૩૪	ઈસ્ટ ઝોન – એ	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૩	ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૧૫૦.૦૦	૧૫૦.૦૦	ગ્રા.ફ.	૪૦.૦૦	૪૦.૦૦	–	–	૧૯૦.૦૦	૧૯૦.૦૦
૩૫	ઈસ્ટ ઝોન – એ	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૬૫૦.૦૦	૬૫૦.૦૦	ગ્રા.ફ.	૧૬૭૪.૦૦	૧૬૭૪.૦૦	–	–	૨૩૨૪.૦૦	૨૩૨૪.૦૦
૩૬	સાઉથ ઝોન – એ	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૬	ચાલુ કામ – હોસ્પિ/દવા.ના મકાનો/હે.સે./પ્ર. ગૃહ	૧૧૦.૦૦	૧૧૦.૦૦	ગ્રા.ફ.	૧૦૦.૦૦	૧૦૦.૦૦	–	–	૨૧૦.૦૦	૨૧૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ		પ્રોજેકટ કોડ/હેડ		એકાઉન્ટ કોડ /હેડ		કમિશનરશ્રીની ભલામણ		સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
										વધારો		ઘટાડો			
								એક્ચૂઅલ	કેશ સ્ત્રોત	એક્ચૂઅલ	કેશ	એક્ચૂઅલ	કેશ	એક્ચૂઅલ	કેશ
૩૭	સાઉથ ઝોન – એ	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૫૨૬.૦૦	૫૨૬.૦૦ ગ્રા.ફ.	૩૯૦૦.૦૦	૩૯૦૦.૦૦	–	–	૪૪૨૬.૦૦	૪૪૨૬.૦૦
૩૮	સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૫	ચાલુ કામ – શાળા મકાનો	૨૯૦.૦૦	૨૯૦.૦૦ ગ્રા.ફ.	૨૬૦.૦૦	૨૬૦.૦૦	–	–	૫૫૦.૦૦	૫૫૦.૦૦
૩૯	સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૬	ચાલુ કામ – હોસ્પિ/દવા.ના મકાનો/હે.સે./પ્ર. ગૃહ	૫૦.૦૦	૫૦.૦૦ ગ્રા.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૩૫૦.૦૦	૩૫૦.૦૦
૪૦	સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૩	ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૨૫.૦૦	૨૫.૦૦ ગ્રા.ફ.	૭૫.૦૦	૭૫.૦૦	–	–	૧૦૦.૦૦	૧૦૦.૦૦
૪૧	સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૩૫૦.૦૦	૩૫૦.૦૦ ગ્રા.ફ.	૨૨૩૧.૦૦	૨૨૩૧.૦૦	–	–	૨૫૮૧.૦૦	૨૫૮૧.૦૦
૪૨	સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન	૬૫/૦૩	સ્ટ્રોર્મ વોટર ડીસ્પોઝલ વિભાગ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૮૨	ચાલુ કામ – સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન	૧૦૧.૦૦	૧૦૧.૦૦ ગ્રા.ફ.	૧૮૦.૦૦	૧૮૦.૦૦	–	–	૨૮૧.૦૦	૨૮૧.૦૦
૪૩	અઠવા ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૫	ચાલુ કામ – શાળા મકાનો	૩૦૦.૦૦	૩૦૦.૦૦ ગ્રા.ફ.	૨૦૦.૦૦	૨૦૦.૦૦	–	–	૫૦૦.૦૦	૫૦૦.૦૦
૪૪	અઠવા ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૮	ચાલુ કામ – બજાર અને કતલખાના	–	– ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૫૦.૦૦	૫૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ		પ્રોજેકટ કોડ/હેડ		એકાઉન્ટ કોડ /હેડ		કમિશ્નરશ્રીની ભલામણ			સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
											વધારો		ઘટાડો			
								એક્ચ્યુઅલ	કેશ	સ્ત્રોત	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ	એક્ચ્યુઅલ	કેશ
૪૫	અઠવા ઝોન	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૩	ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૧૫૦.૦૦	૧૫૦.૦૦	ગ્રા.ફ.	૯૫૦.૦૦	૯૫૦.૦૦	–	–	૧૧૦૦.૦૦	૧૧૦૦.૦૦
૪૬	અઠવા ઝોન	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૨૫૧૫.૦૦	૨૫૧૫.૦૦	ગ્રા.ફ.	૩૪૦૦.૦૦	૩૪૦૦.૦૦	–	–	૫૯૧૫.૦૦	૫૯૧૫.૦૦
૪૭	ઈસ્ટ ઝોન – બી	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૬	ચાલુ કામ – હોસ્પિ/દવા.ના મકાનો/હે.સે./પ્ર. ગૃહ	૨૬૧.૦૦	૨૬૧.૦૦	ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૩૧૧.૦૦	૩૧૧.૦૦
૪૮	ઈસ્ટ ઝોન – બી	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૨૮	ચાલુ કામ – જાહેર વાંચનાલયો/રીડીંગ રૂમ	૨૩.૦૦	૨૩.૦૦	ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૭૩.૦૦	૭૩.૦૦
૪૯	ઈસ્ટ ઝોન – બી	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૩	ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૧૦૬૧.૦૦	૧૦૬૧.૦૦	ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૧૧૧૧.૦૦	૧૧૧૧.૦૦
૫૦	ઈસ્ટ ઝોન – બી	૪૫	રસ્તા વિકાસ ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧	ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૨૦૦.૦૦	૨૦૦.૦૦	ગ્રા.ફ.	૩૦૨૬.૦૦	૩૦૨૬.૦૦	–	–	૩૨૨૬.૦૦	૩૨૨૬.૦૦
૫૧	ઈસ્ટ ઝોન – બી	૭૧	જાહેર બાગ બગીચા ખાતુ	C-828	યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૪	ચાલુ કામ – સરોવર – પીકનીક સ્પોર્ટસ	૩.૦૦	૩.૦૦	ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૫૩.૦૦	૫૩.૦૦
૫૨	સાઉથ ઝોન – બી	૪૨	પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-616	નવા વિસ્તાર માટે પ્રાથમિક સુવિધા – ૨૦૨૦	૫૬૩૨	ચાલુકામ – આંગણવાડી	૩૦૦.૦૦	૩૦૦.૦૦	ગ્રા.ફ.	૫૦.૦૦	૫૦.૦૦	–	–	૩૫૦.૦૦	૩૫૦.૦૦

સૂરત મહાનગરપાલિકા

કેપીટલ ખર્ચ

સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

અ.નં.	ઝોન	બજેટ સેન્ટર કોડ/હેડ	પ્રોજેકટ કોડ/હેડ	એકાઉન્ટ કોડ /હેડ	કમિશ્નરશ્રીની ભલામણ		સ્થાયી સમિતિએ સુચવેલ				સુધારેલ	
							વધારો		ઘટાડો			
					એક્રૂઅલ	કેશ સ્ત્રોત	એક્રૂઅલ	કેશ	એક્રૂઅલ	કેશ	એક્રૂઅલ	કેશ
૫૩	સાઉથ ઝોન – બી	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-616 નવા વિસ્તાર માટે પ્રાથમિક સુવિધા – ૨૦૨૦	૫૬૪૩ ચાલુ કામ–રમત ગમતના મેદાનો અને ખુલ્લી જગ્યાઓ	૧૮૫.૦૦	૧૮૫.૦૦ ગ્રા.ફ.	૨૦૦.૦૦	૨૦૦.૦૦	–	–	૩૮૫.૦૦	૩૮૫.૦૦
૫૪	સાઉથ ઝોન – બી	૪૨ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ	C-828 યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૧૧ ચાલુકામ–ઓફીસ મકાનો	૨૧૫.૦૦	૨૧૫.૦૦ ગ્રા.ફ.	૧૦૦.૦૦	૧૦૦.૦૦	–	–	૩૧૫.૦૦	૩૧૫.૦૦
૫૫	સાઉથ ઝોન – બી	૪૫ રસ્તા વિકાસ ખાતુ	C-616 નવા વિસ્તાર માટે પ્રાથમિક સુવિધા – ૨૦૨૦	૫૬૬૧ ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૮૮૪.૭૫	૮૮૪.૭૫ ગ્રા.ફ.	૪૦૦.૦૦	૪૦૦.૦૦	–	–	૧૨૮૪.૭૫	૧૨૮૪.૭૫
૫૬	સાઉથ ઝોન – બી	૪૫ રસ્તા વિકાસ ખાતુ	C-828 યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૬૧ ચાલુ કામ – રસ્તા, શેરીઓ અને પેવમેન્ટસ	૪૦.૦૦	૪૦.૦૦ ગ્રા.ફ.	૩૦૦.૦૦	૩૦૦.૦૦	–	–	૩૪૦.૦૦	૩૪૦.૦૦
૫૭	સાઉથ ઝોન – બી	૭૧ જાહેર બાગ બગીચા ખાતુ	C-828 યુડીપી–૭૮–૨૦૨૫–૨૬ આંતરમાળખાકીય સુવિધા કામો	૫૬૪૪ ચાલુ કામ – સરોવર – પીકનીક સ્પોર્ટસ	૯૧૫.૦૦	૯૧૫.૦૦ ગ્રા.ફ.	૧૦૦.૦૦	૧૦૦.૦૦	–	–	૧૦૧૫.૦૦	૧૦૧૫.૦૦
			કેપીટલ ખર્ચ ગ્રાન્ડ		૪૮૮૩૯.૭૨	૪૮૮૩૯.૭૨	૫૨૭૪૫.૦૦	૫૨૭૪૫.૦૦	૧૮૬૫૬.૦૦	૧૮૬૫૬.૦૦	૮૨૯૨૮.૭૨	૮૨૯૨૮.૭૨

વધારો	૫૨૭૪૫.૦૦
ઘટાડો	૧૮૬૫૬.૦૦
એકંદરે વધારો	૩૪૦૮૯.૦૦

बहुजनहिताय बहुजनसुखाय

સૂરત મહાનગરપાલિકા

પત્રક – બ

સુધારેલ ફંડ બેલેન્સ સમરી બજેટ સને ૨૦૨૪-૨૦૨૫

(₹ લાખમાં)

	રેવન્યુ ફંડ	કેપીટલ ફંડ	લોન / બોન્ડ ફંડ	ડીપો. ફંડ	ગ્રાંટ ફંડ	કુલ
'અ' ઉઘડતી સિલક	૨૭૫૮૨.૨૦			૨૭૦૮૨.૦૧	૧૧૬૪૪૩.૩૮	૧૭૧૧૦૭.૫૯
'બ' આવક						
રેવન્યુ આવક (શીડ. – ૨)	૪૬૫૮૯૯.૮૨				૧૨૦૬૧૦.૭૫	૫૮૬૫૧૦.૫૭
કેપીટલ આવક (શીડ. – ૪)		૨૯૫૬૬.૯૮			૨૪૩૧૨૨.૬૭	૨૭૨૬૮૯.૬૫
લોન આવક (શીડ. – ૬)			૩૯૪૭૩.૦૦			૩૯૪૭૩.૦૦
ડીપો. આવક (શીડ. – ૭)				૧૨૬૪૦.૭૦		૧૨૬૪૦.૭૦
સરવાળો	૪૬૫૮૯૯.૮૨	૨૯૫૬૬.૯૮	૩૯૪૭૩.૦૦	૧૨૬૪૦.૭૦	૩૬૩૭૩૩.૪૨	૯૧૧૩૧૩.૯૨
બાદ મળવાજોગ આવક (શીડ.–૯)	૫૮૪૮૩.૦૪					૫૮૪૮૩.૦૪
કુલ 'બ'	૪૦૭૪૧૬.૭૮	૨૯૫૬૬.૯૮	૩૯૪૭૩.૦૦	૧૨૬૪૦.૭૦	૩૬૩૭૩૩.૪૨	૮૫૨૮૩૦.૮૮
'ક' ખર્ચ						
રેવન્યુ ખર્ચ (શીડ. – ૩)	૩૬૪૯૬૫.૯૧				૧૨૦૬૧૦.૭૫	૪૮૫૫૭૬.૬૬
કેપીટલ ખર્ચ (શીડ. – ૫)	૧૪૬.૩૦	૨૫૫૬૬.૯૮	૩૯૪૭૩.૦૦		૨૭૪૯૨૩.૪૯	૩૪૦૧૦૯.૭૭
ડીપો. ખર્ચ (શીડ. – ૮)				૬૮૮૭૮.૯૧		૬૮૮૭૮.૯૧
સરવાળો	૩૬૫૧૧૨.૨૧	૨૫૫૬૬.૯૮	૩૯૪૭૩.૦૦	૬૮૮૭૮.૯૧	૩૯૫૫૩૪.૨૪	૮૯૪૫૬૫.૩૪
બાદ રોકડને અસર નહિં થનાર ખર્ચાઓ (શીડ.–૧૦)	૧૦૭૬૪૫.૨૦					૧૦૭૬૪૫.૨૦
કુલ 'ક'	૨૫૭૪૬૭.૦૧	૨૫૫૬૬.૯૮	૩૯૪૭૩.૦૦	૬૮૮૭૮.૯૧	૩૯૫૫૩૪.૨૪	૭૮૬૯૨૦.૧૪
'ડ' ફેરબદલ – એક ફંડમાંથી બીજા ફંડમા						
રેવન્યુ ફંડમાંથી (શીડ. –૧૧)	-૬૦૭૪૦.૩૯			૬૦૭૪૦.૩૯		
કેપીટલ ફંડમાંથી (શીડ. –૧૨)		-૪૦૦૦.૦૦		૪૦૦૦.૦૦		
કુલ 'ડ'	-૬૦૭૪૦.૩૯	-૪૦૦૦.૦૦		૬૪૭૪૦.૩૯		
'ઈ' બંધ થતી સિલક "અ + બ – ક(+)(–)(ડ)"	૧૧૬૭૯૧.૫૮			૩૫૫૮૪.૧૯	૮૪૬૪૨.૫૬	૨૩૭૦૧૮.૩૩

बहुजनहिताय बहुजनसुखाय

વાર્ષિક

સૂરત મહાનગરપાલિકા

શીડયુલ – ૧

ફંડ બેલેન્સ સમરી બજેટ સને ૨૦૨૫-૨૦૨૬

(₹ લાખમાં)

	રેવન્યુ ફંડ	કેપીટલ ફંડ	લોન / બોન્ડ ફંડ	ડીપો. ફંડ	ગ્રાંટ ફંડ	કુલ
'અ' ઉઘડતી સિલક	૧૧૬૭૯૧.૫૮			૩૫૫૮૪.૧૯	૮૪૬૪૨.૫૬	૨૩૭૦૧૮.૩૩
'બ' આવક						
રેવન્યુ આવક (શીડ. – ૨)	૪૯૦૦૯૮.૬૩				૧૩૨૦૧૭.૯૫	૬૨૨૧૧૬.૫૮
કેપીટલ આવક (શીડ. – ૪)		૨૮૯૩૧.૭૭			૩૩૮૭૦૪.૫૦	૩૬૭૬૩૬.૨૭
લોન આવક (શીડ. –૬)			૨૦૦૦૦.૦૦			૨૦૦૦૦.૦૦
ડીપો. આવક (શીડ. – ૭)				૧૩૪૩૬.૪૮		૧૩૪૩૬.૪૮
સરવાળો	૪૯૦૦૯૮.૬૩	૨૮૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૧૩૪૩૬.૪૮	૪૭૦૭૨૨.૪૫	૧૦૨૩૧૮૯.૩૩
બાદ મળવાજોગ આવક (શીડ.–૯)	૬૪૪૫૬.૬૧					૬૪૪૫૬.૬૧
કુલ 'બ'	૪૨૫૬૪૨.૦૨	૨૮૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૧૩૪૩૬.૪૮	૪૭૦૭૨૨.૪૫	૯૫૮૭૩૨.૭૨
'ક' ખર્ચ						
રેવન્યુ ખર્ચ (શીડ. – ૩)	૩૭૮૦૮૦.૦૩				૧૩૨૦૧૭.૯૫	૫૧૦૦૯૭.૯૮
કેપીટલ ખર્ચ (શીડ. – ૫)	૨૮૬૯૭.૯૩	૨૪૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦		૪૧૬૬૬૪.૬૯	૪૯૦૨૯૪.૩૯
ડીપો. ખર્ચ (શીડ. – ૮)				૭૦૮૪૭.૭૮		૭૦૮૪૭.૭૮
સરવાળો	૪૦૬૭૭૭.૯૬	૨૪૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૭૦૮૪૭.૭૮	૫૪૮૬૮૨.૬૪	૧૦૭૧૨૪૦.૧૫
બાદ રોકડને અસર નહિં થનાર ખર્ચઓ (શીડ.–૧૦)	૧૧૪૨૫૯.૬૭					૧૧૪૨૫૯.૬૭
કુલ 'ક'	૨૯૨૫૧૮.૨૯	૨૪૯૩૧.૭૭	૨૦૦૦૦.૦૦	૭૦૮૪૭.૭૮	૫૪૮૬૮૨.૬૪	૯૫૬૯૮૦.૪૮
'ડ' ફેરબદલ – એક ફંડમાંથી બીજા ફંડમા						
રેવન્યુ ફંડમાંથી (શીડ. –૧૧)	-૬૫૮૪૧.૩૯			૬૫૮૪૧.૩૯		
કેપીટલ ફંડમાંથી (શીડ. –૧૨)		-૪૦૦૦.૦૦		૪૦૦૦.૦૦		
કુલ 'ડ'	-૬૫૮૪૧.૩૯	-૪૦૦૦.૦૦		૬૯૮૪૧.૩૯		
'ઈ' બંધ થતી સિલક "અ + બ – ક(+)(–)(ડ)"	૧૮૪૦૭૩.૯૨			૪૮૦૧૪.૨૮	૬૬૮૨.૩૭	૨૩૮૭૭૦.૫૭

ઠરાવ નં.૫૫૮/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.

પ્રો.રા.જનરલ બોર્ડ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૦–૩–૨૦૨૫.

નકલ સ.૨.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

સુરત મહાનગરપાલિકાની તા.૨૦–૦૨–૨૦૨૫ ના રોજ મળેલ

માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૭૯/૨૦૨૫ થી, મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ, ૧૯૪૯ ની કલમ ૧૨૭(૧) તથા ૧૨૭(૨) અંતર્ગત અધિનિયમની કલમ ૧૪૧(બી) થી ૧૪૧(એફ) હેઠળની જોગવાઈઓ મુજબ એરીયા બેઈઝડ આકારણી પધ્ધતિ પ્રમાણે નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માં સમગ્ર સુરત શહેરના વિસ્તારોને લાગુ પાડવાના "કર અને દર" તથા વિવિધ ચાર્જીસ નીચે જણાવેલ વિગતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેની બહાલી આપવામાં આવે છે.

<u>સને ૨૦૨૫–૨૬ ના વર્ષ માટેના કર–દર તથા વિવિધ ચાર્જીસ</u>

<u>મિલકત વેરાના દર :</u>

સુરત મહાનગરપાલિકા પ્રતિ વર્ષે શહેરીજનોની પાયાની સુવિધાઓ અને સુખાકારી વધે તે માટે સતત પ્રયત્નશીલ રહી છે. પરિણામે વિકાસલક્ષી કામો અને વિવિધ પ્રોજેકટો હાથ ધરાતા ખર્ચમાં પણ ઉત્તરોત્તર ધરખમ વધારો થતો રહયો છે. જેની સામે આવકના પૂરતા સ્ત્રોત હોવા પણ અનિવાર્ય છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧–૦૪–૨૦૦૮ થી એરીયા બેઈઝ મિલ્કતવેરા પધ્ધતિ અપનાવીને આવકનો સ્ત્રોત ક્રમશઃ વધારવાનું આયોજન કરેલ છે. હાલમાં સુરત મહાનગરપાલિકામાં આવકનો મુખ્ય સ્ત્રોત માત્ર મિલ્કતવેરો જ છે. જેથી શહેરીજનોની પાયાની સુવિધાઓ અને સુખાકારી અર્થે થઈ રહેલા વિકાસ કામોના ખર્ચને પહોંચી વળવા માટે સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૨૭ મુજબના મિલ્કતકરો, મજકુર અધિનિયમની કલમ ૧૪૧ (બી) થી ૧૪૧ (એફ) અન્વયે સમગ્ર સુરત શહેર માટે સને ૨૦૨૫–૨૦૨૬ ની મિલ્કતવેરાની કર દરની દરખાસ્ત **પરિશિષ્ટ–૫** થી અલાયદી સામેલ છે.

દર વર્ષે મહાનગરપાલિકા મિલકતવેરો ગણવા માટે રહેણાંક તથા બિનરહેણાંકવાળી મિલ્કતો માટેના દર, બજેટમાં કર–દરની દરખાસ્ત અન્વયે જાહેર કરશે અને આ દરને **R** કહેવાશે.

આગામી વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે આ દર નીચે મુજબ છે.

R – રહેણાંકવાળી મિલ્કત માટે રૂા.૧૨/– પ્રતિ ચો.મીટર/ પ્રતિ વર્ષ

R – બિન–રહેણાંકવાળી મિલ્કત માટે રૂા.૩૫/– પ્રતિ ચો.મીટર/પ્રતિ વર્ષ

આમ આ દર તથા મલ્ટીપ્લાયરને જે મકાનના બાંધકામના વિસ્તાર સાથે ગુણતા મિલ્કતવેરો નકકી થશે જેની ફોર્મ્યુલા નીચે મુજબની રહેશે.

મિલ્કતવેરો = **R X M X A**

જેમાં,

R = વાર્ષિક દર

M = (ફેકટર–૧) **X** (ફેકટર–૨) **X** (ફેકટર–૩) **X** (ફેકટર–૪)

A = મિલ્કતનું ક્ષેત્રફળ

આ એરિયા બેઈઝ ફોર્મ્યુલાની મુખ્ય બાબતો નીચે પ્રમાણેની છે :

(૧) આખા શહેરને છ ભાગમાં વહેંચવામાં આવેલ છે અને તેને લોકેશન ફેકટર **(F-1)** કહેવાશે.

(૨) મકાનની ઉમર અંગેનું ફેકટર **(F-2)** કહેવાશે.

(૩) રહેણાંકવાળી મિલ્કતોને તેના પ્રકાર મુજબ નવ ભાગમાં વહેંચવામાં આવેલ છે. જયારે બિન રહેણાંકવાળી મિલ્કતોને તેના વપરાશ મુજબ મુખ્ય અગીયાર ભાગમાં વહેંચવામાં આવેલ છે. જેને મિલ્કતના પ્રકાર/ઉપયોગ અંગેનું ફેકટર **(F-3)** કહેવાશે.

(૪) ભોગવટાનું ફેકટર (મિલ્કતનો ઉપયોગ કોણ કરે છે તે આધારીત ફેકટર) **(F-4)** કહેવાશે.

આમ આ ચાર ફેકટરની સંખ્યાના ગુણાકારને મલ્ટીપ્લાયર **(M)** કહેવાશે.

{M=(F-1) X (F-2) X (F-3) X (F-4)}

આ પ્રમાણે દરેક નાગરિક પોતાના ઘરનો મિલ્કતવેરો પોતાની મેળે જ ગણતરી કરી શકશે અને તેને કારણે મિલ્કતવેરાની પધ્ધતિમાં પારદર્શીતા વધશે અને મિલ્કતવેરા અંગેના નાગરિકોના પ્રશ્નો મહદઅંશે હલ થઈ શકશે.

૨...

નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે ઉપરોકત ચાર ફેકટરો તથા કર–દરની દરખાસ્ત આ સાથે પરિશિષ્ટ–૫ થી સામેલ છે.

બિનયાંત્રિક વાહનો ઉપરનો વાહન વેરો સામાન્ય સભાના ઠરાવ નંબર–૪૨૩ તા.૨૦–૦૩–૧૯૮૯ થી રદ કરવામાં આવેલ છે, જે રાજય સરકારશ્રીની મંજૂરીને આધિન રહેશે.

સને ૧૯૪૯ ના મુંબઈના પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૨૭ ની પેટા કલમ (૨) હેઠળની જોગવાઈઓ મુજબ.

(૧) જકાત :

નામદાર ગુજરાત સરકારશ્રીના તા.૩૦–૦૭–૨૦૦૭ ના પ્રસિધ્ધ થયેલ ગુજરાત રાજય પત્ર (અસાધારણ ગેઝેટ) માં દર્શાવ્યા પ્રમાણે ધી બી.પી.એમ.સી.એકટમાં જયાં જયાં ઓકટ્રોય શબ્દનો ઉલ્લેખ છે, ત્યાંથી ઓકટ્રોય શબ્દ કમી કરવામાં આવેલ છે. સદરહુ રાજયપત્રના સંદર્ભમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા તા.૧૨–૦૯–૨૦૦૭ ના નોટીફીકેશન નં.**KV-245 OF 2007-JKT-802007-1963-P** અન્વયે તા.૧૪–૧૧–૨૦૦૭ ના રાત્રીના ૧૨:૦૦ કલાક બાદ એટલે કે, તા.૧૫–૧૧–૨૦૦૭ ના ૦૦:૦૦ કલાકથી જકાત વસુલાતની કાર્યવાહી બંધ થયેલ છે. જેથી નાણાંકીય વર્ષ **૨૦૨૫–૨૦૨૬** માટે જકાત કરની દરખાસ્ત કરવાની રહેતી નથી.

(૨) ટોલ :

શહેરમાં પ્રવેશતા પશુઓ પર સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૨૭(ઈ) અનુસાર લેવાનો થતો ટોલ નાણાંકીય વર્ષ **૨૦૨૫–૨૦૨૬** માટે કોઈ દરખાસ્ત નથી.

❖ **<u>આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ :</u>**

સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ–૧૨૭ અન્વયે વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષમાં નીચેની વિગતે **આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ વસુલ કરવો.**

➢ **<u>ટુ વ્હીલર વાહનઃ</u>**

વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષમાં **ટુ વ્હીલર વાહન માટે** આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ વાહનની પડતર કિંમતના ૨% લેખે વસુલ કરવા અંગે દરખાસ્ત યથાવત રાખવામાં આવે છે.

➢ **<u>થ્રી વ્હીલર વાહનઃ</u>**

વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષમાં થ્રી વ્હીલર વાહન માટે આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ વાહનની પડતર કિંમતના નીચે જણાવ્યા મુજબ વસુલ કરવા અંગે દરખાસ્ત રાખવામાં આવે છે.

(અ) આર.ટી.ઓ., સુરત ખાતે રજીસ્ટ્રેશન સમયે સી.એન.જી. ફીટેડ વાહનો ઉપર ૧.૫% લેખે
(બ) ઉપરોકત (અ) સિવાયના તમામ પ્રકારના થ્રી વ્હીલર વાહનો ઉપર ૨.૫ % લેખે

➢ **<u>ફોર વ્હીલર કે તેથી વધુ વ્હીલના વાહનઃ</u>**

વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષમાં ફોર વ્હીલર કે તેથી વધુ વ્હીલના વાહન માટે આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ પડતર કિંમતના નીચે જણાવ્યા મુજબ વસુલ કરવો.

(અ) <u>રૂા.૧૦,૦૦,૦૦૦/–</u> સુધીની કિંમતના કોઈ પણ વાહન માટે આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ ૨.૫૦% લેખે.

(બ) <u>રૂા.૧૦,૦૦,૦૦૦/– થી વધુ અને રૂા.૨૫,૦૦,૦૦૦/–</u> સુધીની કિંમતના કોઈ પણ વાહન માટે આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ ૩.૫૦% લેખે.

(ક) <u>રૂા.૨૫,૦૦,૦૦૦/–</u> થી વધુની કિંમતના કોઈ પણ વાહન માટે આજીવન યાંત્રિક પરિવહન ચાર્જ ૪.૦૦% લેખે.

➢ **<u>પ્રદૂષણમુકત સુરતના પ્રોત્સાહન માટે આરટીઓ સુરત ખાતે રજીસ્ટ્રેશન સમયે મહાનગરપાલિકા ધ્વારા લેવાતા ચાર ચકકીય વાહન વેરામાં છૂટછાટ આપવી.</u>**

૨૫ લાખ સુધીના કંપની ફીટેડ સીએનજી વાહનો પર ૧% ની છૂટ આપવી.

૩...

➢ **<u>ઈલેકટ્રીક વાહનો માટે ૨૫% ની રાહત :</u>**

શહેરમાં ઈલેકટ્રીક વાહનોની સંખ્યામાં વધારો થાય અને એર પોલ્યુશનની માત્રામાં ઘટાડો થાય તો સમયાંતરે વાહનો ધ્વારા થતા પોલ્યુશનના પ્રમાણમાં ઘટાડો કરી શકાય તે હેતુથી ઈલેકટ્રીક વાહનોનો વપરાશ વધે, કાર્બનના પ્રમાણમાં ઘટાડો થાય, હવાની ગુણવત્તામાં સુધારો થાય તે હેતુસર ઈલેકટ્રીક વાહનો માટે વર્ષ **૨૦૨૫–૨૦૨૬**(તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૩/૨૦૨૬) માટે આજીવન યાંત્રિક પરિવહન ચાર્જમાં ૨૫% રાહત આપવી.(સામાન્ય સભાના ઠરાવ નં.૩૨૬/૨૦૨૧, તા.૦૧/૧૨/૨૦૨૧થી નક્કી થયેલ "**Surat City Electric Vehicle Policy-2021**")

➢ **<u>દિવ્યાંગ વાહનધારકો માટે રાહત :</u>**

દિવ્યાંગ વ્યકિતઓ ધ્વારા ખરીદવામાં આવતા દિવ્યાંગ માટેના વાહનો જે આરટીઓ ખાતે ''ઈનવેલીડ કેરેજ'' તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય તેવા દરેક વાહનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહનવેરામાં ૧૦૦% માફી આપવી.

➢ **<u>નામ ટ્રાન્સફર ફી :</u>**

વર્ષ **૨૦૨૫–૨૦૨૬** માટે સુરત મહાનગરપાલિકામાં કર ભરવાના હેતુસર આકારણીના દફતરે નોંધાયેલ પ્રથમ કર ભરવાને પાત્ર વ્યકિતના નામમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે નીચે મુજબના દરે નામ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે.

એરીયા (ચો.મી)	દર	
	રહેણાંક અથવા એગ્રીકલ્ચર રૂા.	બિન રહેણાંક રૂા.
૦ થી ૫૦	૫૦૦	૧૦૦૦
૫૦.૦૧ થી ૧૦૦	૭૫૦	૧૫૦૦
૧૦૦.૦૧ થી ૨૦૦	૧૦૦૦	૨૦૦૦
૨૦૦.૦૧ થી ૪૦૦	૧૨૫૦	૫૦૦૦
૪૦૦.૦૧ થી ૫૦૦	૨૫૦૦	૭૦૦૦
૫૦૦ થી વધુ	૩૦૦૦	૧૦૦૦૦

સુરત મહાનગરપાલિકા આકારણી દફતરે નામ દાખલ કરતી વખતે વેચાણ દસ્તાવેજ કે કબજા રસીદ ધ્વારા મિલકતનું હસ્તાંતરણ થયેલુ હશે ત્યારે જ નામ ટ્રાન્સફર ફી ભરવાની રહેશે. પરંતુ જો મિલકત વીલ કે વારસાઈથી પ્રાપ્ત થયેલ હશે તો મહાનગરપાલિકા દફતરે નામ ફેરફાર કરતા કોઈ પ્રકારનો ચાર્જ કે ફી લેવામાં આવશે નહિ.

❖ **<u>થીયેટર ટેક્ષ :</u>**

ભારત સરકાર ધ્વારા તા.૦૧/૦૭/૨૦૧૭ થી ગુડ્ઝ અને સર્વિસ ટેક્ષ(GST) લાગુ કરવામાં આવેલ હોય, મજકુર ટેક્ષ તા.૦૧/૦૭/૨૦૧૭ થી શૂન્ય કરવામાં આવે છે.

❖ **<u>એડવર્ટાઈઝમેન્ટ અને હોર્ડીંગ ટેક્ષની દરખાસ્ત :</u>**

ધી બી.પી.એમ.સી.એકટ–૧૯૪૯ ની કલમ–૪૫૫(૧) તથા ૧૪૯(૨) ની જોગવાઈઓ અન્વયે ગુજરાત સરકારના પંચાયત અને હાઉસીંગ, અર્બન ડેવલપમેન્ટ વિભાગના તા.૩૦–૦૫–૧૯૭૯ ના ઠરાવ નં.એસએમસી/૪૪૭૭–૩૨૦૪–૭૯ થી મંજુર થયેલા દરો અનુસાર લેવાનો થતો ટેક્ષ સને ૨૦૨૫–૨૦૨૬ ના વર્ષમાં રદ કરવો.

❖ **<u>મિલ્કત કરની લેણી રકમ ઉપર વ્યાજ લેવા બાબત :</u>**

સને ૧૯૪૯ ના મુંબઈના પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૪૧–ક અન્વયેની જોગવાઈઓ મુજબ, મિલ્કત કર ભરવાને જવાબદાર કોઈ વ્યકિત, તે માટે કરેલી જોગવાઈઓ હેઠળ તેની ચૂકવણી માટે ઠરાવેલા સમયની અંદર બિલની રકમ ન ભરે તો મજકૂર ઠરાવેલ સમય પૂરો થવાની તારીખે શરૂ થતી અને બિલની રકમની ચૂકવણીની તારીખે પૂરી થતી મુદત માટે આવી વ્યકિતએ આવી રીતે ન ભરેલ બિલની રકમ ઉપર અથવા એવી મુદત દરમ્યાન તે કરની જેટલી ઓછી રકમ ભરવાની બાકી રહી હોય તેટલી રકમ ઉપર વાર્ષિક ૧૮%(અઢાર ટકા) ના દરે સાદું વ્યાજ ભરવાને લગતી પ્રર્વતમાન જોગવાઈઓ અમલમાં રહે છે.

૪...

❖ **<u>પ્રોત્સાહક યોજના :</u>**

સને ૨૦૨૪–૨૦૨૫ ના નાણાંકીય વર્ષમાં તા.૩૧–૩–૨૦૨૫ સુધીમાં ચાલુ વર્ષના અને અગાઉના નાણાંકીય વર્ષના મિલકતવેરા, તમામ યુઝર ચાર્જ અને શિક્ષણ ઉપકર સહિતની સંપુર્ણ માંગણાની રકમ પુરેપુરી ચુકવી આપવામાં આવશે તો વેરો ભરપાઈ થનાર તારીખ સુધી ફકત વર્ષ ૨૦૨૩–૨૦૨૪ સુધીની વ્યાજપાત્ર રકમ ઉપરના તમામ વ્યાજ, નોટીસ ફી, વોરંટ ફી તથા પેનલ્ટીમાં નીચે મુજબ રાહત.

➢ રહેણાંક મિલકતો

તમામ રહેણાંક મિલકતો માટે બાકી રહેતી વ્યાજ, નોટીસ ફી, વોરંટ ફી તથા પેનલ્ટીની રકમમાં ૧૦૦%

➢ બિન રહેણાંક મિલકતો

તમામ બિન રહેણાંક મિલકતો માટે બાકી રહેતી વ્યાજ, નોટીસ ફી, વોરંટ ફી તથા પેનલ્ટીની રકમમાં ૫૦%

સને ૨૦૨૪–૨૫ ના ચાલુ વર્ષના મિલકત વેરા માટે ઉપરોકત પ્રોત્સાહક યોજના લાગુ પડશે નહીં.

❖ **<u>વળતર (રીબેટ) :</u>**

કરદાતાને સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષને લગતા મિલ્કતવેરાના બીલો પહોંચાડવામાં આવે તે પહેલા વેરાની વસૂલાત થઈ શકે તેવા ખ્યાલને અનુરૂપ પ્રોત્સાહન રૂપે નીચે જણાવેલ શરતોને આધિન સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષમાં ચાલુ વર્ષના અને અગાઉના નાણાંકીય વર્ષના માંગણાની લેણી રકમ માહે એપ્રિલ અને મે માસ દરમ્યાન પૂરેપૂરી ચૂકવી આપેલ હશે તો તેવા કિસ્સાઓમાં સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષમાં વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના મિલ્કતવેરાની રકમ ઉપર એપ્રિલ માસમાં ૧૦% તથા મે માસમાં ૦૭% ના દરે શરૂઆતના બે માસ દરમ્યાન વળતર આપવાનું રહેશે.

<u>: શ ર તો :</u>

૧. આ વળતર યોજનાનો અમલ તા.૦૧–૦૪–૨૦૨૫ થી કરવાનો રહેશે.

૨. કરદાતાએ સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષનો તેમજ અગાઉના સમયનો બાકી શિક્ષણ ઉપકર તથા યુઝર ચાર્જીસ સહિતનો પૂરેપૂરો મિલ્કત વેરો ચૂકવી આપ્યો હશે અથવા તો ચુકવી આપે તો જ તેને સને **૨૦૨૫–૨૦૨૬**ના મિલ્કતવેરાની રકમ પર નીચે પ્રમાણે પ્રોત્સાહન સ્વરૂપે વળતર આપવાનું રહેશે.

(ક) તા.૦૧–૦૪–૨૦૨૫ થી તા.૩૦–૦૪–૨૦૨૫ દરમ્યાનની ચૂકવણીના પ્રસંગે ૧૦% ના દરે.

(ખ) તા.૦૧–૦૫–૨૦૨૫ થી તા.૩૧–૦૫–૨૦૨૫ દરમ્યાનની ચૂકવણીના પ્રસંગે ૦૭% ના દરે.

૩. શિક્ષણ ઉપકરની રકમની ચૂકવણી ઉપર કોઈપણ પ્રકારનું પ્રોત્સાહન સ્વરૂપનું વળતર આપવાનું રહેતુ નથી.

૪. સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષ માટે મિલ્કતવેરાની પૂરેપૂરી રકમ શિક્ષણ ઉપકર તથા યુઝર ચાર્જીસ સહિતની મિલ્કતવેરાની પાછલી બાકીની પૂરેપૂરી રકમ કરદાતાએ ચૂકવી આપવાની રહેશે અથવા ચૂકવી આપે તો જ તેને સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષના મિલ્કત કરની રકમ ઉપર વળતર આપવાનું રહેશે.

૫. આ વળતર(રીબેટ) ની રકમ સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષની ચાલુ વસુલાતમાંથી જ બાદ કરીને વળતર તરીકે પાકી રસીદમાં મજરે આપવાની રહેશે.

❖ **<u>સીનીયર સીટીઝનને સામાન્ય વેરામાં રાહત :</u>**

શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧–૦૩–૨૦૨૫ ના રોજ **"સીનીયર સીટીઝન"** તરીકેનો દરજજો ધરાવતા હશે અને તા.૩૧–૦૫–૨૦૨૫ સુધીમાં સીનીયર સીટીઝન તરીકેના જરૂરી પુરાવાઓ સાથે અરજી કરશે તો તેવા નાગરિકો, જો સને **૨૦૨૫–૨૦૨૬** ના વર્ષના જે તે વોર્ડના બીલ મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાઓ તથા શિક્ષણ ઉપકર સહિતનો પૂરેપૂરો વેરો ભરપાઈ કરશે **તો તેઓની ગમે તે એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલ્કત કરના ૧૦% વળતર(રીબેટ) આપવું.**

૫...

સને **૨૦૨૫–૨૦૨૬** ના નાણાકીય વર્ષમાં ચાલુ વર્ષના અને અગાઉના નાણાંકીય વર્ષના મિલકતવેરા, યુઝર ચાર્જ અને શિક્ષણ ઉપકર સહિતની માંગણાની લેણી રકમ સુરત મની કાર્ડ/અન્ય ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ/ નેટ–બેન્કિંગ/વોલેટ/અન્ય કોઈપણ માધ્યમથી ડીઝીટલ પેમેન્ટ ધ્વારા પૂરેપૂરી ચૂકવી આપશે તો તેવા કિસ્સાઓમાં નાણાંકીય વર્ષ **૨૦૨૫–૨૦૨૬** માં ફકત મિલ્કતવેરાની(સામાન્ય વેરો) રકમ ઉપર ૨% ના દરે ખાસ પ્રકારનું વળતર આપવું.

❖ **ડિફેન્સ ખાતામાં ફરજ બજાવતા કર્મચારીઓ/એકસ સર્વિસમેન તથા શહીદોની વિધવાઓને મિલકત વેરામાંથી મુકિત :**

શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧–૦૩–૨૦૨૫ ના રોજ ડીફેન્સ ખાતામાં ફરજ બજાવતા કર્મચારી/એકસ સર્વિસમેન તથા શહીદોની વિધવા તરીકેનો દરજજો ધરાવતા હશે અને ડિફેન્સમાં ફરજ બજાવતા કર્મચારી/એકસ સર્વિસમેન તથા શહીદની વિધવા તરીકેના જરૂરી પુરાવાઓ સાથે અરજી કરશે તો તેવા નાગરિકો જો સને **૨૦૨૫–૨૦૨૬** વર્ષના જે તે વોર્ડના બીલો મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાબીલ તથા શિક્ષણ ઉપકર સહિતનો પૂરેપૂરો વેરો ભરપાઈ કરશે તો **તેઓની ગમે તે એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલ્કતવેરામાંથી(સામાન્ય વેરા) મુકિત આપવામાં આવશે.**(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : સમન–૮૦૨૦૧૫–૨૯૨૬–પી, તા.૧૨/૦૧/૨૦૧૬)

❖ **<u>વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ :</u>**

સુરત મહાનગરપાલિકા ધ્વારા JnNURM સ્કીમ હેઠળ(તા.૦૧/૦૪/૨૦૦૮) થયેલ એમ.ઓ.યુ. પ્રમાણે સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવતી સેવાઓ સંદર્ભે ઓપરેશન અને મેઈન્ટેનન્સ કોસ્ટ ૧૦૦% લેખે વસુલ લેવા કરાર કરવામાં આવેલ છે. પરંતુ, સુરત મહાનગરપાલિકા હજુ સુધી પુરી પાડવામાં આવતી સેવાના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સંદર્ભે હાલ પણ ૧૦૦% ચાર્જ વસુલ કરી શકતી નથી. જે એમ.ઓ.યુ. પ્રમાણે વસુલવા જરૂરી છે. આ સંદર્ભે તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ OFFICE OF THE ACCOUNTANT GENERAL (G&SSA), RAJKOT ધ્વારા થયેલ ઓડીટમાં ઉપસ્થિત કરેલ ઓડીટ વાંધા સંદર્ભે તેઓના પત્ર ક્રમાંક Z થી પુરી પાડવામાં આવતી સેવાઓના બદલામાં ૧૦૦% રીકવરીનો લક્ષ્યાંક ઘણા વર્ષો વ્યતિત થવા છતા પુરો કરી શકયા નથી. તે સોર્ટ ફોલ સહીત વસુલવા તથા લીધેલ પગલાની જાણ ઓડીટ દરમ્યાન કરવા ઓડીટ મેમો ઉપસ્થિત કરેલ છે. JnNURM યોજના અંતર્ગત સરકારશ્રીમાં રજુ કરેલ રીફોર્મ્સ અનુસાર સને ૨૦૨૪–૨૫ ના વર્ષ સુધીમાં શહેરમાં નાગરિકોને આપવામાં આવતી સુવિધાનો ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સનો ખર્ચ રીકવર કરવા માટે યુઝર ચાર્જીસની ચોકકસ પોલીસી તા.૦૧/૦૪/૨૦૦૮ થી નકકી કરેલ છે. વધુમાં વોટર સપ્લાય સૌથી મહત્વની અને આવશ્યક સેવા હોય, ઉકત સેવા અવિરતપણે જળવાય તથા સ્વાવલંબી બની SELF SUSTAINABLE રહે તે ખુબ જ અનિવાર્ય હોય વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષ માટે સને–૧૯૪૯ ના મુંબઈના પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૪૧–એએ અન્વયે વર્ષ **૨૦૨૫–૨૦૨૬** ના નાણાંકીય વર્ષ માટે નીચે પ્રમાણે વોટર એન્ડ સુઅરેજ ચાર્જ લાગુ પાડવો.

- સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નોંધાયેલ મિલ્કતોના ૧/૨" (અડધા) થી ૨" (બે) ઈંચ સુધીની સાઈઝના (વોટરમીટર વિના કે વોટર મીટર સહિત) રહેઠાણ તથા ધાર્મિક હેતુ માટેના નળ જોડાણોના કરદાતાઓ પાસેથી નીચે મુજબનો વાર્ષિક "વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ" વસુલ કરવાનો રહેશે.

પરિશિષ્ટ–૧–અ (રહેઠાણ તથા ધાર્મિક હેતુ માટે)

અ.નં.	સને ૨૦૨૪–૨૫ ના દર		સને ૨૦૨૫–૨૦૨૬ ના દર
	કારપેટ એરીયા (ચો.મી.)	ફકત રહેણાંક તથા ધાર્મિક હેતુ માટે (કુટુંબ દીઠ)રૂા.	ફકત રહેણાંક તથા ધાર્મિક હેતુ માટે (કુટુંબ દીઠ)રૂા.
૧	૦–૧૫ ચો.મી.	૪૭૦-૦૦	૪૭૦-૦૦
૨	૧૫.૦૧–૨૫ ચો.મી.	૮૧૦-૦૦	૮૧૦-૦૦
૩	૨૫.૦૧–૫૦ ચો.મી.	૧,૨૯૬-૦૦	૧,૨૯૬-૦૦
૪	૫૦.૦૧–૧૦૦ ચો.મી.	૧,૯૪૪-૦૦	૧,૯૪૪-૦૦
૫	૧૦૦.૦૧–૨૦૦ ચો.મી.	૩,૫૪૪-૦૦	૩,૫૪૪-૦૦
૬	૨૦૦.૦૧–૪૦૦ ચો.મી.	૬,૩૩૦-૦૦	૬,૩૩૦-૦૦
૭	૪૦૦.૦૧–૫૦૦ ચો.મી.	૮,૨૨૯-૦૦	૮,૨૨૯-૦૦
૮	૫૦૦ ચો.મી. થી વધુ	૧૬,૪૫૪-૦૦	૧૬,૪૫૪-૦૦

- આમ, વોટર ઝોન તરીકે જાહેર કરેલ શહેરમાં આવેલ વિસ્તારો કે જેમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્ટેન્ડ પોસ્ટ અથવા બોરીંગ અથવા ટેન્કર ધ્વારા પાણી આપવામાં આવતુ હોય તેમજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કે પૂર્વ નગરપાલિકા/ગ્રામ પંચાયતની નળિકાના નેટવર્ક ધ્વારા કાર્યરત હોય તેવા વિસ્તારો માટે **પાણી પુરવઠો તથા ડ્રેનેજના સુરત મહાનગરપાલિકાના નેટવર્ક નંખાયા બાદ/કાર્યરત થયા બાદ તેનો લાભ/સુવિધાઓ સીધી રીતે નાગરીકોને ન મળે ત્યાં સુધી** રહેણાંક તેમજ બિન રહેણાંકના હેતુ માટે ઉપયોગમાં લેવાતી પ્રત્યેક મિલ્કત માટે વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ ઉપર દર્શાવેલ ચાર્જની **રકમના ૫૦%(અડધા)** પ્રમાણે વસુલ લેવાનો રહેશે.
- શહેરમાં આવેલ વિસ્તારો કે જેમાં સુરત મહાનગરપાલિકા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કે પૂર્વ નગરપાલિકા/ગ્રામ પંચાયતની નળિકાના નેટવર્ક ધ્વારા પાણી પુરવઠો કાર્યરત ન હોય તેમજ જે સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર કરેલ વોટર ઝોનમાં સમાવિષ્ટ ન હોય, તેવા વિસ્તારો માટે કોઈપણ પ્રકારનો વોટર અને સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવાનો રહેશે નહી.
- ૧/૨" (અડધા) કે તેથી વધુ વ્યાસ ઉપરના હયાત વોટરમીટર ધરાવતા નળ જોડાણો ઉપર માસીક પ્રથમ ૨૦,૦૦૦ લીટર વપરાશ પ્રતિ યુનિટ લેખે શુન્ય દરે ચાર્જ વસુલવામાં આવશે. જેના બદલામાં વાર્ષિક દરે પરિશિષ્ટ–૧–અ માં જણાવ્યા મુજબનો વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવશે. આનાથી વધારેના પાણીના વપરાશ માટે પરિશિષ્ટ–૨ મુજબ પાણીના જથ્થા આધારીત વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવશે. જયાં હજુ સુધી વોટર મીટર લગાડવામાં આવેલ નથી ત્યાં વપરાશ નકકી થતો ન હોય પરિશિષ્ટ–૧(અ) અનુસાર વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવશે.
- વધુમાં એગ્રીકલ્ચર પ્લોટને વોટર અને સ્યુઅરેજ ચાર્જ લાગુ પાડવાનો રહેશે નહી.
- વધુમાં સુરત શહેરમાં સમાવિષ્ટ થયેલ વિસ્તારોની પાણી પુરવઠાની લાંબાગાળાની JnNURM સ્વર્ણિમ ગુજરાત કે અન્ય યોજનાઓના અંતર્ગત મંજુર થયેલ યોજના અનુસાર ૨૪ × ૭ ના ધોરણે પાણી આપવાનું હોવાથી આ નેટવર્ક હેઠળ તમામ સાઈઝના નળજોડાણો મેળવનારને પાણીના વપરાશના જથ્થા પ્રમાણે(મીટર આધારીત) પાણી વપરાશ અને સ્યુઅરેજ નિકાલનો ચાર્જ નીચે પરિશિષ્ટ–૨ તથા ૩ અનુસાર વસુલ લેવાનો રહેશે એટલે કે ઉકત વિસ્તારોના પાણી વપરાશના ઉપભોકતાઓને તમામ સાઈઝના નળજોડાણો ફરજીયાત મીટરથી આપવાના રહેશે અને મહાનગરપાલિકા ધ્વારા મીટર બેસાડવામાં આવશે. જે મીટરનો ખર્ચ તથા નિભાવનો ખર્ચ ઉપભોકતાએ ભોગવવાનો રહેશે અથવા મીટર ભાડા તરીકે ઉપભોકતા પાસેથી વસુલ લેવામાં આવશે. કોઈ ખાસ કિસ્સામાં મહાનગરપાલિકા પાસે મીટરો ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં પૂર્વ મંજુરી મેળવી મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ બ્રાન્ડના ઉપભોકતા મીટરો ખરીદીને બેસાડી શકશે.
- ૨૪×૭ યોજના વિસ્તારોમાં મીટરો ધરાવતા તેમજ મીટર ધ્વારા પાણી પુરવઠો મેળવતા અન્ય તમામ નળ જોડાણો સંલગ્ન ટેનામેન્ટના વેરાબીલમાંથી વોટરચાર્જ દુર કરી વોટરચાર્જની રકમ મીટર બીલીંગ સાઈકલમાં સરખે હીસ્સે વહેંચી બીલો ઈસ્યુ કરવાના રહેશે.

૭...

૧/૨'' (અડધા) કે તેથી વધુ વ્યાસના નળ જોડાણ :– પાણીના ધંધાકીય, ઔદ્યોગિક વિગેરે વપરાશ આધારીત (Water based/Non Water based Commercial & Industries) હેતુ માટેઃ–

(A) ૧/૨'' (અડધા) કે તેથી વધુ વ્યાસના બિન રહેણાંકના હેતુ : –૧/૨'' (અડધા ઈંચ) કે તેથી વધુ વ્યાસના પાણીના વપરાશ આધારીત(Water based/Non Water based Commercial & Industries) બિન રહેણાંક હેતુ માટેના આપવામાં આવેલ નળ જોડાણો તથા આપવામાં આવનાર નળ જોડાણ ઉપર ફરજીયાત મીટર મુકવાનું રહેશે અને વોટરચાર્જ પાણીના વપરાશના જથ્થાના આધારે (મીટર આધારીત) પરિશિષ્ટ–૩ માં દર્શાવેલ ભાવે વસુલ કરવાનું રહેશે.

(B) ૧/૨'' (અડધા) કે તેથી વધુ વ્યાસ ઉપરના હયાત નળ જોડાણો ઉપર માસીક પ્રથમ ૧૦,૦૦૦ લીટર વપરાશ પ્રતિ યુનિટ લેખે શુન્ય દરે ચાર્જ વસુલવામાં આવશે. જેના બદલામાં વાર્ષિક દરે પરિશિષ્ટ–૧–બ માં જણાવ્યા મુજબનો વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવશે. આનાથી વધારેના પાણીના વપરાશ માટે પરિશિષ્ટ–૩ મુજબ પાણીના જથ્થા આધારીત વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવશે. જયાં હજુ સુધી વોટર મીટર લગાડવામાં આવેલ નથી ત્યાં વપરાશ નકકી થતો ન હોય પરિશિષ્ટ–૧(બ) અનુસાર વોટર એન્ડ સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવશે.

(C) ૨૪×૭ યોજના વિસ્તારોમાં મીટરો ધરાવતા તેમજ મીટર ધ્વારા પાણી પુરવઠો મેળવતા અન્ય તમામ નળ જોડાણો સંલગ્ન ટેનામેન્ટના વેરાબીલમાંથી વોટરચાર્જ દુર કરી વોટરચાર્જની રકમ મીટર બીલીંગ સાઈકલમાં સરખે હીસ્સે વહેચી બીલો ઈસ્યુ કરવાના રહેશે.

પરિશિષ્ટ–૧–બ (બિનરહેઠાણ હેતુ માટે)

અ.નં.	સને ૨૦૨૪–૨૫ ના દર		સને ૨૦૨૫–૨૦૨૬ ના દર
	કારપેટ એરીયા (ચો.મી.)	બિનરહેણાંક હેતુ માટે (એકમ દીઠ) રૂા.	બિનરહેણાંક હેતુ માટે (એકમ દીઠ) રૂા.
૧	૦–૧૫ ચો.મી.	૮૧૦-૦૦	૮૧૦-૦૦
૨	૧૫.૦૧–૨૫ ચો.મી.	૧,૪૫૮-૦૦	૧,૪૫૮-૦૦
૩	૨૫.૦૧–૫૦ ચો.મી.	૧,૯૪૪-૦૦	૧,૯૪૪-૦૦
૪	૫૦.૦૧–૧૦૦ ચો.મી.	૩,૨૪૦-૦૦	૩,૨૪૦-૦૦
૫	૧૦૦.૦૧–૨૦૦ ચો.મી.	૬,૦૭૫-૦૦	૬,૦૭૫-૦૦
૬	૨૦૦.૦૧–૪૦૦ ચો.મી.	૧૦,૧૨૫-૦૦	૧૦,૧૨૫-૦૦
૭	૪૦૦.૦૧–૫૦૦ ચો.મી.	૧૩,૧૬૩-૦૦	૧૩,૧૬૩-૦૦
૮	૫૦૦ ચો.મી. થી વધુ	૨૪,૬૮૦-૦૦	૨૪,૬૮૦-૦૦

❖ **૧/૨'' કે તેનાથી વધુ ડાયામીટરના નળજોડાણો પાણીના વપરાશના જથ્થા પ્રમાણે (મીટર આધારીત) પાણી વપરાશ તથા સ્યુઅરેજ નિકાલનો ચાર્જ સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૧૩૪) :**

આ યોજના અંતર્ગત સરથાણાથી વિવિધ જળવિતરણ મથક (WDS) ને જોડતી કોમન ટ્રાન્સમીશન નળીકા નાંખવાની કામગીરી રૂા.૩૨.૩૪ કરોડ (ખરીદી લેબર સહિત), સરથાણા વોટર વર્કસ ખાતે ૬૦ લાખ લીટર ક્ષમતાની બુસ્ટર હાઉસના ઈલેકટ્રીકલ–મીકેનીકલ સહિતની કામગીરી રૂા.૮.૩૯ કરોડના ખર્ચે તથા ૨૪×૭ યોજના અંતર્ગત ૬૯ લાખ લીટર ક્ષમતાની ભુગર્ભ ટાંકી તથા ૨૧ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકીની કામગીરી રૂા.૪.૯૯ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જયારે ઈસ્ટ (વરાછા–બી) ઝોનમાં સરથાણા ખાતે ૧૪૪ (ઝીરો લીકવીડ ડીસ્ચાર્જ સહિત) એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી તેમજ ૨૪×૭ પાણી પુરવઠા યોજના હેઠળના કામોમાં ૯૯ લાખ લીટર ક્ષમતાના ૦૨(બે) જળવિતરણ મથકો, ૧૧૭ લાખ લીટર ક્ષમતાની ૦૬(છ) ઓવરહેડ ટાંકીઓ તથા તેને સંલગ્ન રાઈઝીંગ મેઈન ડીસ્ટ્રીબ્યુશન નળીકાઓ નાંખવા સહિતની (ફકત નેટવર્ક આઈશોલેશન અને મીટર કનેકશનો સિવાયની) અંદાજીત ૯૯.૫૦ % કામગીરી પૂર્ણ થયેલ છે.

વધુમાં ESR-9A,10,11 વિગેરે ૩(ત્રણ) હયાત ઓવરહેડ ટાંકી અને તેને સંલગ્ન હયાત વોટર સપ્લાય નેટવર્કનું રીફરબીશમેન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. રીફરબીશમેન્ટ એરીયામાં ૨૪૭૭ નંગ તથા ૨૪×૭ યોજના હેઠળના ડી.એમ.એ. ૧ થી ૭ માં ૮૦૯૬ નંગ મળી કુલ ૧૦૫૭૩ નંગ વોટર મીટર કનેકશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

➢ ડ્રેનેજ

શહેરના સુઅરેજ માસ્ટર પ્લાનના તબકકાવાર અમલીકરણ હેઠળ જુના શહેર વિસ્તાર સુઅરેજ સુધારણા ઉપરાંત રાજય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે SJMMSVY, NRCP, AMRUT તેમજ સ્માર્ટ સીટી યોજના અંતર્ગત ડ્રેનેજ સુવિધા ઓગમેન્ટેશન અપગ્રેડેશન વિગેરે કામગીરી તથા બાકી રહેલા વિસ્તારોને ડ્રેનેજ લાઈનોથી આવરી લઈ સમગ્ર શહેરને ચાલુ વર્ષમાં ડ્રેનેજ સુવિધાથી મહદઅંશે સંપૂર્ણતઃ સજજ કરવાનું આયોજન છે.

સને ૨૦૪૧ ની વસ્તીને અનુરૂપ કન્સલટન્ટ મારફતે તૈયાર કરાવવામાં આવેલ ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટને અનુરૂપ તબકકાવાર ડ્રેનેજ યોજનાઓના સુધારા વધારા કરવાનું આયોજન છે.

વધુમાં સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારમાં ડ્રેનેજ સુવિધાથી સુદ્રઢ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

પશ્ચિમ ઝોન

પાલ સુએઝ પંપીંગ સ્ટેશન સીવીલ વર્ક, પાલ, પાલ ફેઝ–૨ પિસાદ સુએઝ પંપીંગ સ્ટેશનના ઈલેકટ્રીકલ–મીકેનીકલ કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

વરીયાવ મશીનહોલ સુએઝ પંપીંગ સ્ટેશન ખાતે ઈલેકટ્રીકલ–મીકેનીકલ ઓગમેન્ટેશનની કામગીરી, ભાઠા સુએઝ પંપીંગ સ્ટેશનની સીવીલ વર્ક, પાલ–ઈચ્છાપોર–ભાટપોર, ભાઠા, વરીયાવ–૧ તથા વરીયાવ–૨ સુએઝ પંપીંગ સ્ટેશનથી ભેંસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાની કામગીરી વિગેરે વેસ્ટ ઝોન વિસ્તારમાં સુઅરેજ નેટવર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઓખા, ઈચ્છાપોર સુએઝ પંપીંગ સ્ટેશન સીવીલ વર્ક, અડાજણ–પાલ પાલનપોર–પાલ–રાંદેર–ઓખા–ભાટપોર–ભાઠા–ઈચ્છાપોરખાતે ઈલેકટ્રીકલ–મીકેનીકલ ઓગમેન્ટેશનની, ભેંસાણ, ઓખા, વણકલા, વિહેલ, ચીચી અને મલગામા ખાતે સુઅરેજ નેટવર્કની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન

શહેર કોટ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક ઓગમેન્ટેશનના ભાગરૂપ માસ્ટર પ્લાન અંતર્ગત પ્રથમ અને બીજા તબકકાની કામગીરી તબકકાવાર પુર્ણ કરવામાં આવેલ. જેમાં સૈયદપુરા, મહિધરપુરા, હરિપુરા, લાલદરવાજા, રૂધનાથપુરા, શાહપોર, નાણાવટ, સલાબતપુરા, બેગમપુરા, ગોપીપુરા, નાનપુરા, સોની ફળિયા, વાડી ફળિયા વિસ્તારમાં આંશિક કામગીરી પુર્ણ થયેલ.

હાલ શહેર કોટ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક ઓગમેન્ટેશનના ભાગરૂપે માસ્ટર પ્લાન અંતર્ગત પ્રથમ તથા બીજા તબકકા બાદ બાકી રહેલ કામો ત્રીજા તબકકા હેઠળ પેકેજ–૧૬ થી ૧૮માં આવરી લેવામાં આવેલ. જેમાં સેન્ટ્રલઝોનમાં સમાવિષ્ટ સૈયદપુરા, રામપુરા, મહીધરપુરા, હરિપુરા, કાંસકીવાડ, શાહપોર, નાણાંવટ, સગરામપુરા, બેગમપુરા, નવાપુરા, ગોપીપુરા, વાડી ફળિયા, નાનપુરા, રૂદરપુરા, ખાંડેરાવ પુલ વિસ્તારમાં કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉત્તર ઝોન

કોસાડ ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કંતારેશ્વર સુએઝ પંપીંગ સ્ટેશનનું ઈલેકટ્રીકલ – મીકેનીકલ ઓગમેન્ટેશન તથા નોર્થઝોન વિસ્તારના રસ્તાઓ પર સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

નોર્થ ઝોન સમાવિષ્ટ ભરથાણા–કોસાડ, ગોથાણ સુએઝ પંપીંગ સ્ટેશનની સીવીલ વર્કની કામગીરી, સીંગણપોર સુએઝ પંપીંગ સ્ટેશનની ઈલેકટ્રીકલ – મીકેનીકલ ઓગમેન્ટેશનની કામગીરી, ઉમરા, ગોથાણ વિગેરે વિસ્તારોમાં સુઅરેજ નેટવર્ક, ભરથાણા–કોસાડ, સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી કોતર–૭ ને જોડતી રાઈઝીંગ મેઈન નળિકા નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

વેલંજા –ગોથાણ, વાલક–ભાદા, છાપરાભાઠા, આઉટર રીંગરોડ ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરથાણા–ઉમરા ખાતે સુએઝ પંપીંગ સ્ટેશનની સીવીલ વર્ક, ગોથાણ–ઉમરા, ભરથાણા–કોસાડ, ખાતે સુએઝ પંપીંગ સ્ટેશનના ઈલેકટ્રીકલ – મીકેનીકલ સંબંધિત કામગીરી, વેલંજા –ગોથાણ, વાલક–ભાદા, આઉટર રીંગરોડ, સરથાણા, ભરથાણા–કોસાડ વિગેરે વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક સંબંધિત કામગીરી, ઉમરા–સરથાણા–સરથાણા (ટી.પી.૮૪) વિસ્તારમાં રાઈઝીંગ મેઈન નળિકા નાંખવાનું આયોજન કરવામાં આવેલ છે.

પૂર્વ ઝોન (એ)

પુર્વઝોન–એ (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ મહત્તમ ટી.પી.રસ્તાઓ પર ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી, નવાગામ સુએઝ પંપીંગ સ્ટેશનનાં ઈલેકટ્રીકલ–મીકેનીકલ ઓગમેન્ટેશનની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

પુર્વઝોન–એ (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ બાકી રહેલ ટી.પી.રસ્તાઓ પર ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી સહિત નવાગામ અને પુણા વિસ્તારના હયાત ડ્રેનેજ નેટવર્કનો સર્વે કરી જરૂરિયાત અનુસાર નેટવર્ક ઓગમેન્ટેશનની કામગીરી પણ સાથોસાથ હાથ ધરવામાં આવેલ છે.

પૂર્વ ઝોન (બી)

પુર્વઝોન–બી માં નવા સમાવિષ્ટ ઉમરા ગામ વિસ્તારમાં સુઅરેજ સીસ્ટમ પ્રસ્થાપિત કરવાના કામે ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

નવા પુર્વઝોન–બી (સરથાણા) માં સમાવિષ્ટ વેલંજા અને અબ્રામામાં સુઅરેઝ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી મોજે અબ્રામા વિસ્તારમાં સુએઝ પમ્પીંગ સ્ટેશન અને ડ્રેનેજ નેટવર્કની કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

નવા પુર્વ ઝોન–બી માં સમાવિષ્ટ વિસ્તારો પૈકી આઉટર રીંગ રોડને સંલગ્ન વિસ્તારો ટી.પી.સ્કીમ નં.૫૮ (વાલક) અને ટી.પી.સ્કીમ નં.૮૫ (સરથાણા–પાસોદરા–લસકાણા) માં સુએઝ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાનું અને ટી.પી.સ્કીમ નં.૮૫ (સરથાણા–પાસોદરા–લસકાણા), ટી.પી.સ્કીમ નં.૨૧ (સરથાણા–સીમાડા) અને ટી.પી.સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક) ના પાર્ટ વિસ્તારમાંથી ઉદભવતા સુએઝને શુધ્ધિકરણ કરવા સુએઝ પમ્પીંગ સ્ટેશન અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં અબ્રામા–૧, અબ્રામા–૨, કઠોદરા, ખડસદ, સારોલી, સણિયા હેમાદ ખાતે સુએઝ પંપીંગ સ્ટેશન બનાવવાની, સુએઝ પંપીંગ સ્ટેશનની ઈલેકટ્રીકલ–મીકેનીકલ કામગીરી, સુઅરેજ નેટવર્કની કામગીરી તથા રાઈઝીંગ મેઈન નળિકા સંબંધિત કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

દક્ષિણ ઝોન (એ)

સાઉથ ઝોન (ઉધના) ઉદ્યોગનગર સંઘમાં પમ્પીંગ સ્ટેશન તથા રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. ઉધના ઉદ્યોગનગર સંઘમાં હયાત ડ્રેનેજ લાઈનના ઓગમેન્ટેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. ભેસ્તાન–પાંડેસરા તથા બમરોલી વિસ્તારમાં બાકી રહેલ ટી.પી.રસ્તા પર ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

હયાત ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાના બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ટ્રીટમેન્ટ પધ્ધતિમાં બાયોલોજીકલ ટ્રીટમેન્ટ ઉપરાંત કેમીકલ ટ્રીટમેન્ટ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાના હેતુસહ ૧૦૦ એમ.એલ.ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના અપગ્રેડેશનની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

દક્ષિણ ઝોન (બી)

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ઉન–સોનારી વિસ્તારના વિકાસને ધ્યાને લેતા સોનારી સુએઝ પમ્પીંગ સ્ટેશનની રાઈઝીંગ મેઈન લાઈનની ક્ષમતા વૃધ્ધિકરણની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ થયેલ સાઉથ ઝોન– બી વિસ્તાર પૈકી તલંગપોર–ઉબેર વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક અને રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાની કામગીરી તથા સચિન અને પારડી કણદે વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરી તેમજ ગભેણી, તલંગપોર–ઉબેર, સચિન અને પાલી સુએઝ પમ્પીંગ સ્ટેશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

પાલી વિસ્તારમાં સુઅરેજ ડ્રેનેજ નેટવર્કની કામગીરી માટેનું આયોજન કરવામાં આવેલ છે, વધુમાં, સચિન–પાલી–પારડી કણદે વિસ્તારમાં રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાની કામગીરી તથા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ / સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

દક્ષિણ–પૂર્વ ઝોન

ન્યુ પરવટ ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશન, ઈલેકટ્રીકલ– મિકેનીકલ, રાઈઝીંગ મેઈન નળીકા નાંખવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

હયાત પરવટ સુએઝ પમ્પીંગ સ્ટેશન ખાતે ઈલેકટ્રીકલ– મિકેનીકલ ઓગમેન્ટેશનની કામગીરી તથા કુંભારીયા ખાતે સુએઝ પમ્પીંગ સ્ટેશન, સુઅરેજ નેટવર્ક અને રાઈઝીંગ મેઈન નળીકા કામગીરી પ્રગતિ હેઠળ છે.

ગણપતિધામ મશીનહોલ સુએઝ પંપીંગ સ્ટેશન, કુંભારીયા સુએઝ પંપીંગ સ્ટેશન ખાતે ઈલેકટ્રીકલ–મિકેનીકલની કામગીરી અને ગણપતિધામ મશીનહોલ સુએઝ પંપીંગ સ્ટેશનની કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામનું આયોજન કરવામાં આવેલ છે.

દક્ષિણ–પશ્ચિમ ઝોન

હયાત વેસુ મેઈન, વેસુ ઓ.એન.જી.સી. સુએઝ પમ્પીંગ સ્ટેશનના ક્ષમતા વિસ્તૃતિકરણના હેતુસહ ઈલેકટ્રીકલ/મિકેનીકલ ઓગમેન્ટેશન કરવાની કામગીરી તથા નવા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તાર અંતર્ગત હદ વિસ્તરણ સંદર્ભે સમાવિષ્ટ થયેલ કાંદી ફળિયા વિસ્તારમાં સુઅરેજ સીસ્ટમ, રાઈઝીંગ, સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) વિસ્તાર માં ડ્રેનેજ નેટવર્ક સુધારણા યોજના અંતર્ગત વેસુ–પીપલોદ–ઓ.એન.જી.સી. ઈન્ટરમીડીએટ સુએઝ પમ્પીંગ સ્ટેશન ડ્રેનેજ કેચમેન્ટ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક ઓગમેન્ટેશનની, અઠવા–વેસુ–આભવા–ભીમપોર–ગવિયર–સુલતાનાબાદ–ડુમસ વગેરેના કેચમેન્ટ એરીયામાં ડ્રેનેજ નેટવર્ક ઓગમેન્ટેશનની, અઠવા સુએઝ પમ્પીંગ સ્ટેશન તથા ભીમરાડ સુએઝ પમ્પીંગ સ્ટેશનના ક્ષમતા વિસ્તૃતિકરણના હેતુસહ ઈલેટ્રીકલ–મિકેનીકલ ઓગમેન્ટેશનની, વેસુ ઈન્ટરમીડીએટ સુએઝ પમ્પીંગ સ્ટેશનથી ગવિયર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને જોડતી, વેસુ ટર્મીનલ સુએઝ પમ્પીંગ સ્ટેશનથી ખજોદ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી નવી એમ.એસ. રાઈઝીંગ મેઈન નળિકા નાંખવાની કામગીરી તથા ભટાર ખાતે હયાત ૧૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સ્ટ્રેન્ધન ટ્રીટમેન્ટ પેરામીટર્સ મેળવવા (NGT લેવલ ટ્રીટમેન્ટ પેરામીટર્સ) માટે અપગ્રેડેશન કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ખટોદરા (નવજીવન) સુએઝ પમ્પીંગ સ્ટેશનના સીવીલ–ઈલેકટ્રીકલ–મીકેનીકલ કેપેસીટી ઓગમેન્ટેશન અંગે સ્ટ્રકચર સ્ટ્રેન્ધનીંગની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

સુઅરલાઈન મેઈન્ટેનન્સ સેલ– આધુનીકરણ

સુરત મહાનગરપાલિકાની ડ્રેનેજ લાઈન સફાઈની કામગીરી દૈનિક ધોરણે ખાતાકીય રીતે કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ મશીનહોલ તથા સુએજ નેટવર્ક અને સેપ્ટીક ટેન્કની સફાઈ માટે કુલ ૧૬૩ મશીનરીઓ ઉપલબ્ધ છે. જેમાં મુખ્યત્વે સુપર સકર મશીન, સુઅર જેટીંગ મશીન, ગલ્પર મશીન, ગ્રેબ બકેટ મશીન, ખાળકુવા ટેન્કર, રીસાકયલર મશીન, રોબોર્ટ વિગેરે મશીનરીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અને ઉકત મશીનરીઓ મારફતે જ ડ્રેનેજ મશીનહોલ તથા સુએજ નેટવર્ક અને સેપ્ટીક ટેન્કની સફાઈ કરાવવામાં આવે છે.

ડ્રેનેજ લાઈન અને સેપ્ટીક ટેન્કની સફાઈની કામગીરી માટે કામદારો/કર્મચારીની સલામતી માટેના મેન્યુઅલ સ્કેવેન્જર એકટ–૨૦૧૩ અને સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ અન્વયેની સુચના મુજબ ડ્રેનેજ તથા ઝોનના ડ્રેનેજ વિભાગના સફાઈ કામદારો પોતાની અને જાહેર સલામતી માટે સભાનતા સારૂ વખતોવખત તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના નવા સીમાંકન મુજબ નવા સમાવિષ્ટ વિસ્તારને ધ્યાને લઈ ઝોન/ખાતાની ડીમાન્ડ અનુસાર ડ્રેનેજ મશીનહોલ તથા સુએજ નેટવર્ક અને સેપ્ટીક ટેન્કની સફાઈ માટે બજેટ વર્ષ ૨૦૨૪–૨૫માં નવા સુઅર કલીનીંગ મશીનરીઓ જેવી કે, સુઅર જેટીંગ મશીન, ગ્રેબ બકેટ મશીન, સુપર સકર મશીન, ૩ ઈન ૧ મશીન, ગબ્પર મશીન વિગેરે ખરીદવાનું આયોજન કરવામાં આવેલ છે.

ખાડી રીમોડેલીંગ અને રીસ્ટ્રકચરીંગ પ્રોજેકટ

કાંકરા ખાડી – મીઠીખાડી

- નેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન હેઠળ મીંઢોળા રીવર રીહેબીલીટેશનના કામે સુરત શહેરના લિંબાયત, ઉધનાઝોન વિસ્તારમાંથી પસાર થતી મીઠીખાડીના કુલ ૬.૬૦ કિ.મી. લંબાઈમાં ભવાની ઈન્ડસ્ટ્રીઝ (મગોબ) થી લઈને જીવન જયોત ખાડી બ્રીજ સુધીના ભાગમાં અને કાંકરાખાડીના કુલ ૬.૫૫ કિ.મી. લંબાઈમાં જીવનજયોત બ્રિજથી (જીવનજયોત બ્રિજના ડાઉન સ્ટ્રીમમાં જમણી બાજુના ભાગે એપ્રોચની કામગીરી સિવાય) થી અલથાણ–બમરોલીના આર્શીવાદ એન્કલેવ બ્રીજ સુધીના ભાગમાં બંને કાંઠાને ગેબિયન / ડાયા ફ્રામ વોલ–રીટેઈનીંગવોલથી બેંક પ્રોટેકશન કરી એમ્બેન્કમેન્ટ અને રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

કોયલી ખાડી

- કોયલી ખાડીની કુલ લંબાઈ ૮.૩૫ કિ.મી. પૈકી ૬.૭૦ કિ.મી. લંબાઈમાં ડાયાફ્રામવોલ – રીટેઈનીંગ વોલ–ગર્ડર સ્લેબથી પ્રોટેકશનની કામગીરીની સાથોસાથ ખાડીના ઉપરના ભાગે ૧૫ થી ૨૦ મીટર પહોળાઈના વાહન વ્યવહારના વધારાના કોરીડોરની વ્યવસ્થા ઉભી કરવાનું કામ તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી હાલમાં વરાછાઝોન–એ વિસ્તારમાં આવેલ સરિતાવિહાર સોસાયટીથી લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ એ.પી.એમ.સી. માર્કેટ સુધીના ૧.૩૫ કિ.મી. લંબાઈની કામગીરી પુર્ણ થયેલ છે, કરંજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી સરિતાવિહાર સોસાયટીના ૧.૫૦ કિ.મી. લંબાઈની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ સાકેતધામ સોસાયટીથી કરંજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૨.૮૦ કિ.મી. લંબાઈની કામગીરી હાલ સ્થળ પર પ્રગતિ હેઠળ છે.

- લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ ભાઠેના સુએઝ પમ્પીંગ સ્ટેશનથી ઉધના ઝોન વિસ્તારમાં આવેલ જીવનજયોત બ્રીજ સુધીના ૧.૩૦ કિ.મી. લંબાઈની કામગીરી હાલ સ્થળ પર પ્રગતિ હેઠળ છે અને ખાડીના બાકીના ભાગની કામગીરી ગ્રાંટને આધીન હાથ ધરવામાં આવનાર છે.

ભેદવાડ ખાડી

- લિંબાયત ઝોન વિસ્તારમાંથી શરૂ થઈ ભેદવાડ ખાડીમાં ડિંડોલી ગામથી પ્રમુખપાર્ક થઈ ઉધના ઝોન વિસ્તારમાં આવેલ બમરોલી ગામથી કાંકરા ખાડી સુધીના અંદાજે ૧૧ કિ.મી. લંબાઈના ભાગે બંને કાંઠાએ બેંક પ્રોટેકશન કરવાની કામગીરી માટેના યોગ્ય તે વિકલ્પનું આયોજન કરવામાં આવનાર છે.

તાપી શુધ્ધિકરણ પ્રોજેકટ

કાંકરાપાર બેરેજથી સુરત ખાતેના ઓ.એન.જી.સી. બ્રીજ સુધીના તાપી નદીના કુલ ૮૫ કિ.મી. લંબાઈમાં તાપી નદી ડાબા કાંઠા તથા જમણા કાંઠા સ્થિત વિવિધ આઉટલેટો/ખાડી મારફતે પ્રવેશતા ગંદા પાણીને તાપી નદીમાં મલિન થતા અટકાવવા રૂા.૯૭૧.૨૫ કરોડના "પોલ્યુશન એબટમેન્ટ એન્ડ કન્ઝર્વેશન ઓફ રીવર તાપી" પ્રોજેકટને કેન્દ્ર સરકારશ્રીના પર્યાવરણ, વન અને કલાયમેટ ચેન્જ મંત્રાલયના NRCD વિભાગ ધ્વારા તા.૦૫/૦૩/૨૦૧૯ થી બહાલી આપવામાં આવેલ છે.

ઉકત વિગતે સરકારશ્રી ધ્વારા નિયત થયેલ નિતી નિયમો તથા હુકમો અંતર્ગત, સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળ(સુડા) વિસ્તારમાં કામગીરી માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્થળ અમલિકરણ કરવામાં આવે છે. જયારે સુરત મહાનગરપાલિકા–સુડા હદ વિસ્તાર બહાર સુરત જિલ્લાની કામગીરી રાજય સરકારશ્રી હસ્તકના ગુજરાત વોટર સપ્લાય એન્ડ સુઅરેઝ બોર્ડ (GWS&SB) ધ્વારા કરવાની રહે છે.જે અન્વયે અત્રે સુરત મહાનગરપાલિકા તથા સુડા હદ વિસ્તારમાં કરવાની રહેતી કામગીરી માટે અત્રેથી તબકકાવાર જુદા જુદા છ પેકેજોથી કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં તાપી નદીના જમણા કાંઠાના સ્વામીનારાયણ મંદિર અડાજણ આઉટલેટ, રામજી ઓવારા આઉટલેટ, એકવેરીયમ આઉટલેટ, તથા પાલ હળપતિવાસ વિગેરે આઉટલેટસ મારફતે તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઈન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે પાલ–ગૌરવપથ ખાતે ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના નવા સુએઝ પંપીંગ સ્ટેશન માટેની સીવીલ–ઈલેકટ્રીકલ–મીકેનીકલ વર્ક, ગ્રેવીટી લાઈન, રાઈઝીંગ મેઈન લાઈનના કામો પુર્ણ કરવામાં આવેલ છે. વધુમાં, સુડા વિસ્તાર આમેજિત વાલક ખાડીને ઈન્ટરસેપ્ટ અને ડાયવર્ઝન કરી જેના શુધ્ધિકરણ હેતુ વાલક ખાતે ૪૩.૨૪ એમ.એલ.ડી. ક્ષમતાના વાલક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી પુર્ણ કરી પ્લાન્ટ કમીશન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તાપી નદીના ડાબા કાંઠા વિસ્તારના કોતર–૭ આઉટલેટ, કોતર–૯ આઉટલેટ, મકકાઈ બ્રીજ આઉટલેટ, સરદાર બ્રીજ, અઠવા આઉટલેટ, ઉમરા ખાડી, ડીમ્પલ રો હાઉસ આઉટલેટ, જીંજર હોટલ આઉટલેટ, રાયન સ્કુલ આઉટલેટ મારફતે તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઈન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે પાંચ સુએઝ પંપીંગ સ્ટેશનના સીવીલ–ઈલેકટ્રીકલ–મીકેનીકલ વર્ક, ગ્રેવીટી લાઈન, રાઈઝીંગ મેઈન લાઈનની કામગીરી પૂર્ણ કરી સુએઝ પંપીંગ સ્ટેશનને કમીશન કરવામાં આવેલ છે. આ સાથોસાથ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં તાપી નદીના ડાબા કાંઠા સ્થિત ભદ્રાશ્રમ, અંબિકાનિકેતન તથા હોટલ મેરીયોટ અને જમણા કાંઠા સ્થિત ગોરાટ–હનુમાન, સુલતાનીયા જીમખાના તથા હનુમાન ટેકરી આઉટલેટ મારફતે તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઈન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે ૩(ત્રણ) સુએઝ પંપીંગ સ્ટેશનના સીવીલ–ઈલેકટ્રીકલ–મીકેનીકલ વર્ક, ગ્રેવીટી લાઈન, રાઈઝીંગ મેઈન લાઈનની કામગીરી પૂર્ણ કરી સુએઝ પંપીંગ સ્ટેશનને કમીશન કરવામાં આવેલ છે.

વધુમાં, સુડા વિસ્તાર આમેજિત વરાછા ખાડીને ઈન્ટરસેપ્ટ અને ડાયવર્ઝન કરી જેના શુધ્ધિકરણ હેતુ વરાછા ખાતે ૫૧.૭૨ એમ.એલ.ડી. ક્ષમતાના વરાછા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી જુન–૨૦૨૪ માં પુર્ણ કરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કમીશન કરવામાં આવેલ છે.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ(સુડા) વિસ્તારની કામગીરી અંતર્ગત તાપી નદી ડાબા કાંઠા તથા જમણા કાંઠા આમેજિત સુડા વિસ્તારના ગામો–ડુંગરા, કોળીભરથાણા, ખોલેશ્વર, દેરોડ, નનસાદ, કામરેજ, લસકાણા, પાસોદરા, ખોલવડ, વાવ, કરજણ, ધોરણપારડી, કઠોર, ભરથાણા વિગેરે વિસ્તાર માંથી તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને અટકાવવા સદરહુ વિસ્તારમાં ડ્રેનેજ કમ્પ્રેહેન્સીવ સિસ્ટમ તથા ઈન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન સીસ્ટમની કામગીરી અંતર્ગત "સુડા" વિસ્તારમાં જુદીજુદી ક્ષમતાના સુએઝ પંપીંગ સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રાઈઝીંગ મેઈન વિગેરેની કામગીરી જુન–૨૦૨૪માં પૂર્ણ કરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સુએઝ પંપીંગ સ્ટેશનને કમીશન કરવામાં આવેલ છે તથા ડ્રેનેજ ગ્રેવીટી નેટવર્કની નેટવર્કની કામગીરી મહદઅંશે પૂર્ણ કરવામાં આવેલ છે.

નોનકોર કામગીરી પૈકી તાપી નદીમાંથી જળકુંભ/લીલ દુર કરવા માટે એકવાટીક વીડ હાર્વેસ્ટીંગ મશીન (ડીવીડર મશીન) ની ખરીદી કરવામાં આવેલ છે. વધુમાં, તાપી નદી જમણા તથા ડાબા કાંઠા વિસ્તારમાં અલગ–અલગ જગ્યાઓ પર માસ પ્લાન્ટેશન, સોશિયો ઈકોનોમી સર્વે અને તાપી નદી શુધ્ધિકરણ અભિયાન અંતર્ગત લોકજાગૃતિ અર્થેના કામો પણ કરવામાં આવેલ છે.

પોલ્યુશન એબટમેન્ટ એન્ડ કન્ઝર્વેશન ઓફ રીવર તાપી પ્રોજેકટ અંતર્ગતના સુરત મહાનગરપાલિકા અને સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (સુડા) હદ વિસ્તારમાં તાપી નદીના ડાબા કાંઠે અને જમણાં કાંઠે આવેલ વિવિધ વિસ્તારોમાં પ્રસ્થાપિત થનાર ડ્રેનેજ પ્રકલ્પોના લાંબા ગાળાના સેલ્ફ સસ્ટેનેબલ આયોજન તથા પર્યાવરણ હિત–બચાવ માટેની પહેલવૃત્તિની દિશામાં વિવિધ સુએઝ પંપીંગ સ્ટેશન અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે "રૂફ ટોપ સોલાર પાવર સીસ્ટમ" તથા અસરકારક સુએઝ પંપીંગ સ્ટેશનો ખાતે "ડિઓર્ડરાઈઝેશન સીસ્ટમ" પ્રસ્થાપિત કરવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવેલ છે.

ટર્શરી ટ્રીટમેન્ટ અને રીસાયકલ સેલ

પાણીના પરંપરાગત સ્ત્રોતો પર નિર્ભરતા ઘટાડવા તથા ગુજરાત સરકારશ્રીની વેસ્ટ વોટર રીસાયકલ – રીયુઝ પોલીસીને વેગ આપવા સુરત મહાનગરપાલિકા ધ્વારા સુએઝ વોટરને રીસાઈકલ કરી રીયુઝ કરી પર્યાવરણના સંરક્ષણ તરફ એક પહેલ રૂપે જુદાજુદા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સેકેન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટરને પુનઃ ઉપયોગ કરવાના આયોજને સુરત મહાનગરપાલિકા હદ તથા હદ વિસ્તાર બહાર આવેલ વિવિધ ઔદ્યોગિક એકમોને સેકન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટર –ટર્શરી ટ્રીટેડ વેસ્ટ વોટર પુરૂ પાડવા આયોજન હાથ ધરેલ છે. જેના પર્યાયે,

- પાણીના પરંપરાગત સ્ત્રોતો પર નિર્ભરતા ઘટાડવા તથા સુએઝ વોટરને રીસાઈકલ કરી રીયુઝ કરી પર્યાવરણના સંરક્ષણ તરફ એક પહેલ રૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા ૪૦ એમએલડી ક્ષમતાનો ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બમરોલી ખાતે બનાવી સેકન્ડરી ટ્રીટેડ સુએઝ વોટરને ટર્શરી ટ્રીટમેન્ટ આપી, તૈયાર કરવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ વોટરને પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ઔદ્યોગિક એકમોને સને ૨૦૧૪ થી પુરૂ પાડવામાં આવી રહયું છે. સદર પ્લાન્ટના સફળતાપૂર્વકના સંચાલન બાદ પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ઔદ્યોગિક એકમોની કુલ ૮૦ એમ.એલ.ડી. જરૂરિયાતને અનુલક્ષીને વધુ ૪૦ એમ.એલ.ડી. ક્ષમતાનો કુલ રૂા.૧૨૫ કરોડનો નવો ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્માર્ટ સીટી મીશન હેઠળ નવા ડીંડોલી ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી તથા સચિન ટેક્ષટાઈલ પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ વેલફેર એસોશીએશનના ઔદ્યોગિક એકમોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તૈયાર કરવામાં આવેલ ૩૫ એમએલડી ક્ષમતાના નવા બમરોલી ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી પુરૂ પાડવામાં આવી રહયું છે.
- ગુજરાત સરકાર ધ્વારા મે–૨૦૧૮ માં પ્રસિધ્ધ કરવામાં આવેલ રિયુઝ–રિસાઈકલ પોલીસી મુજબ વિવિધ ઔદ્યોગિક એકમો ટ્રીટેડ વેસ્ટ વોટરનો પુનઃઉપયોગ કરે તે હેતુસર સુરત શહેરમાં / નજીક આવેલ ઔદ્યોગિક એકમો જેવા કે પલસાણા–કદોડરા વિસ્તારમાં આવેલ પલસાણા એન્વાયરો પ્રોટેકશન લી., ગુજરાત ઈકો ટેક્ષટાઈલ પાર્ક, ન્યુ પલસાણા ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી લી. જેવા ઔદ્યોગિક એકમોને ટ્રીટેડ વેસ્ટ વોટર પાડવાનું આયોજન છે. જે અંતર્ગત વરાછા ટ્રીટેડ વેસ્ટ વોટર સમ્પથી પલસાણા એન્વીરો પ્રોટેકશન લિમિટેડ (PEPL) ને તબકકાવાર ૧૦૦ એમ.એલ.ડી. તથા ડીંડોલી ટ્રીટેડ વેસ્ટ વોટર સમ્પથી ગુજરાત ઈકો ટેક્ષટાઈલ પાર્ક (GETP) અને ન્યુ પલસાણા ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ.સોસાયટી લિ. (NPICSL) ને તબકકાવાર ૭૫ એમ.એલ.ડી. ટ્રીટેડ વેસ્ટ વોટર પુરૂ પાડવાનું આયોજન કરવામાં આવેલ છે. જે કામગીરી પ્રગતિ હેઠળ છે.
- થર્મલ પાવર પ્લાન્ટના ૫૦ કિ.મી. રેડીયસમાં આવેલ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ટ્રીટેડ વેસ્ટ વોટર (TWW) નો ફરજિયાત ઉપયોગ કરે તે માટે સુરત શહેરમાં / નજીક આવેલ થર્મલ પાવર પ્લાન્ટને ટ્રીટેડ વેસ્ટ વોટર પુરૂ પાડવા અંગે સરકારશ્રીની પોલીસી અનુસાર કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે.
- લેક રીજુવીનેશન અંતર્ગત પાલ–પાલનપોર લેક તથા સિંગણપોર લેક માટે ભેંસાણ તથા સિંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે અનુક્રમે ૧.૦૫ અને ૦.૨૫ એમ.એલ.ડી. ક્ષમતાના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ અન્વયેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી ડ્રીમ સીટી લી., ખજોદને ૫ એમ.એલ.ડી. ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ વોટર નોન પોટેબલ વપરાશ માટે આપવામાં આવી રહયું છે.
- હાલમાં ઔદ્યોગિક વપરાશ ઉપરાંત, સુરત મહાનગરપાલિકા હસ્તકના છ અલગ અલગ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે કાર્યરત ટેન્કર ફીલીંગ સ્ટેશન મારફતે ટેન્કર ધ્વારા વિવિધ પંપીંગ સ્ટેશનો ખાતે ગાર્ડનીંગમાં, રોડ ડિવાઈડર પ્લાન્ટેશનમાં, મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ ડીસ્પોઝલ સાઈટ, બાયો ડાયવર્સિટી પાર્ક ખાતે સ્પ્રીકલીંગમાં, ગટર

લાઈનની સાફ સફાઈ દરમ્યાન સુઅર જેટીંગ મશીનમાં પણ પોટેબલ પાણીના સ્થાને ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ કરવામાં આવી રહયો છે.

- વિવિધ ટ્રાફિક આઈલેન્ડસમાં મુકવામાં આવેલ ફુવારામાં તથા મેટ્રો રેલ પ્રોજેકટ માટે પણ કન્સ્ટ્રકશન હેતુ માટે પણ પોટેબલ પાણીના સ્થાને ટ્રીટેડ વેસ્ટ વોટરનો ઉપયોગ કરવામાં આવનાર છે.
- કવિ કલાપી ગાર્ડન ખાતે દૈનિક ૧૦ લાખ લીટર ક્ષમતાના ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પાયલોટ પ્રકલ્પના પાણીનો ગાર્ડન તથા તળાવ ભરવા માટે ઉપયોગ કરવામાં આવી રહયો છે તથા કેન્દ્ર સરકારશ્રીની ૧૫ માં નાણાંપંચ યોજના હેઠળ વધુ ૦૫(પાંચ) ગાર્ડન તથા તળાવ ભરવા માટે ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં ટ્રીટેડ વેસ્ટ વોટર પુનઃઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.
- ગટર સફાઈ તથા ગાર્ડનીંગમાં સેકન્ડરી ટ્રીટેડ સુએઝનો ટેન્કર ધ્વારા ઉપયોગ કરી દૈનિક ૧૫ લાખ લીટર પીવાના પાણીની બચતનું આયોજન કરવામાં આવેલ છે.
- ટ્રીટેડ વેસ્ટ વોટરનો કૃષિ ક્ષેત્રમાં રીયુઝ, સુરત મહાનગરપાલિકા હસ્તકના કાર્યરત વિવિધ વિભાગો / ઝોન મારફત ચાલતા પાઈપ લાઈનના કામોએ ટ્રેન્ચ રીફીલીંગ કર્યા બાદ કરવામાં આવતા વોટરીંગમાં રીયુઝ કરવા માટે નોન પોટેબલ ઉપયોગ માટે ટ્રીટેડ વેસ્ટ વોટરના રીયુઝ અંગેની પોલીસી તૈયાર કરવામાં આવેલ છે.

➢ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ

મહાનગરપાલિકામાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા મુખ્યત્વે વિવિધ તબકકામાં નીચે જણાવ્યા મુજબ ગાર્બેજનાં પ્રાથમિક એકત્રીકરણ, વહન, સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશનની કામગીરી કરાવવામાં આવે છે. વધુમાં, સુરત શહેરને સ્વચ્છ ભારત મિશન અંર્તગત સ્વચ્છ સર્વેક્ષણ– ૨૦૨૩ માં 1st Cleanest City of India તથા 7-Star Garbage Free City નો એવોર્ડ તથા સ્વચ્છ વાયુ સર્વેક્ષણ–૨૦૨૪ માં સમગ્ર ભારતદેશમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે.

પ્રાથમિક એકત્રીકરણ અને વહન

શહેર વિસ્તારમાંથી ઉત્પન્ન થતો વિવિધ કચરો અને ગાર્બેજનો લોડીંગ અને ટ્રાન્સપોર્ટની કામગીરી પધ્ધતિસર, કાર્યક્ષમ અને નવી ટેકનોલોજીમાં ઉપયોગી થાય તે મુજબ, Closed (બંધ) બોડી પ્રમાણેનું નવી સિસ્ટમ અમલમાં લાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તથા હાલમાં તમામ ઝોનમાં પ્રણાલીગત ટ્રેકટરો બંધ કરાવી, બંધ બોડીના ઈ–વ્હીકલો મારફત ન્યુસન્સ સ્પોટ તથા રોડ સાઈડ ડસ્ટબીનમાંથી કચરો ઉઠાવવાની કામગીરી શરૂ કરેલ છે. જેથી, સુરત મહાનગરપાલિકાને કચરા તથા ગાર્બેજ વિગેરેનાં કલેકશન, ટ્રાન્સપોર્ટ અને ડીસ્પોઝલનો થતો ખર્ચ મહદઅંશે ઘટાડી શકાય.

- જે અંગે એક ઝોન એક એજન્સીની વિચારધારા મુજબ, તમામ ઝોન વિસ્તારમાં પ્રાયમરી વેસ્ટ કલેકશન (ડોર ટુ ડોર કલેકશન, રોડ સાઈડ ડસ્ટબીન તથા ઈ–વ્હીકલ) થી લઈને સેકન્ડરી ટ્રાન્સફર સ્ટેશન સહિતની તમામ કામગીરી શરૂ કરવામાં આવેલ છે.
- કોમર્શીયલ વિસ્તારો, ખાણી–પીણીના લારી ગલ્લા અને રસ્તા ઉપર મુકવામાં આવેલ સુકો–ભીનો કચરા એકત્રિકરણની ડસ્ટબીનમાં એકત્રિત થતો કચરો કોર્મશિયલ શીફટ દરમ્યાન ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના વાહનો થકી એકત્રિત કરી લેવામાં આવે છે.

સમયાંતરે કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી તથા અન્ય પ્રાયમરી વેસ્ટ કલેકશનની કામગીરી જે તે ઝોનનાં આરોગ્ય ખાતાનાં સ્ટાફનાં સુપરવીઝન/મોનીટરીંગ હેઠળ કામગીરી કરવામાં આવે છે. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સીસ્ટમમાં જે તે ખાનગી એજન્સીઓ દ્વારા ગાર્બેજ વાહનો–કામદારો રોકી કામગીરી કરવામાં આવે છે. આ તમામ ગાર્બેજનાં પ્રાથમિક એકત્રીકરણ અને વહનની કામગીરી માટે રેવન્યુ ખર્ચ પેટે પુરતી જોગવાઈ રાખવામાં આવેલ છે.

સ્વીપીંગ પ્રવૃત્તિ

શહેર વિસ્તાર ચારે તરફથી ઔદ્યોગિક વિસ્તારથી ઘેરાયેલો હોય તથા ચારે તરફ વિકાસ થતો હોય, ઔદ્યોગિક ગૃહોમાં જતાં વાહનો, બાંધકામના મટીરીયલ વાહનોમાંથી મોટા પાયે રસ્તા પર પડતું હોય છે તથા રોજબરોજ શહેરી વિસ્તારમાં વિવિધ એજન્સીઓધ્વારા થતા નાના મોટા ખોદાણોના લીધે રસ્તા પર માટી, ધૂળ, ડેબ્રીઝ પડતી હોય છે. જેથી, શહેરની સ્વચ્છતા અને સુંદરતામાં વધારો થાય તથા જાહેર આરોગ્ય, સુખાકારી અને સલામતીમાં અડચણરૂણ ડેબ્રીઝ ઓછા સમયમાં મહત્તમ રસ્તાઓ આવરી શકાય તે હેતુસર તમામ ઝોનવિસ્તારમાં નિયત કરેલ રસ્તાઓ ઉપર નેશનલ કલીન એર પ્રોગ્રામ (NCAP) હેઠળ સુરત શહેરના ઝોનવિસ્તારોમાં નિયત કરેલ રસ્તાઓ ઉપર ૬(છ)મિકેનીકલ રોડ સ્વીપર મશીન મારફતે સ્વીપીંગ/સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી ૫ વર્ષના સમયગાળા માટે સોંપવામાં આવેલ છે. વધુમાં, મંજુર થયેલ સીટી

એકશન પ્લાનમાં સુરત શહેર ઝોનવિસ્તારોમાં નિયત કરેલ રસ્તાઓ ઉપર ૧૪ મિકેનીકલ રોડ સ્વીપર મશીન મારફતે સ્વીપીંગ/સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી ૭ વર્ષના સમયગાળા માટે સોંપવામાં આવેલ છે

આ ઉપરાંત સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઝોન વિસ્તારોમાં નિયત કરેલ રસ્તાઓ ઉપર ૧૬ મીકેનીકલ રોડ સ્વીપર મશીન મારફતે સ્વીપીંગ/સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી ૭ વર્ષના સમયગાળા માટે સોંપવામાં આવેલ છે તથા તમામ ઝોનમાં પ્રણાલીગત ટેમ્પાની જગ્યાએ બંધ બોડીના ઈ–વ્હીકલો મારફત નાઈટ સ્ક્રેપીંગ–બુશીંગની કામગીરી કરવાની શરૂ કરેલ છે.

સેગ્રીગેશન એટ સોર્સ

"સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬" અનુસાર સુકો અને ભીનો કચરો અલગ–અલગ બીન્સમાં એકત્રિત કરવા અંગેની જવાબદારી જે–તે રહેણાંક મકાનો તથા કોમર્શીયલ સોસાયટીઓની રહે છે. આઠ ઝોન વિસ્તારોના લોકો પૈકીના જે લોકો દ્વારા તેઓના ઘરો / દુકાનો / ઓફિસો / સંસ્થાઓમાં ઉત્પન્ન થતા કચરામાંથી સુકો–ભીનો–ઘરેલુ જોખમી કચરો વર્ગીકૃત કરવામાં આવે છે, તેવા રહેણાંક વિસ્તારના લોકોનો સેગ્રીગેશન કરેલ વેસ્ટ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના વાહનો મારફત અલગ–અલગ એકત્રિત કરવામાં આવી રહેલ છે. આમ છતાં, નાગરિકોમાં કચરાના સેગ્રીગેશન વિશે સંપુર્ણપણે સમજણ કેળવાય અને સેગ્રીગેશન અંગે જાગૃતિ આવે તે માટે, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનના તમામ વાહનો પર પબ્લિક એડ્રેસ સીસ્ટમ (ટેપરેકોર્ડર અને લાઉડ સ્પીકર) લગાવી સેગ્રીગેશન કરવા અંગેનો પ્રચાર કરવામાં આવી રહેલ છે.

વધુમાં, ભીનો અને સુકો કચરો અલગ–અલગ એકત્રિત કરવા અંગે શહેરીજનોને માહિતગાર કરવા / જાગૃત કરવા અંગે પેમ્ફલેટ / હેન્ડબીલનું વિતરણ કરી તમામ પ્રકારની IEC એકટીવીટીઝોન કક્ષાએથી તેમજ એજન્સી કક્ષાએથી સઘન બનાવવામાં આવી રહેલ છે.

"એક ઝોન એક એજન્સીની વિચારધારા" મુજબના ટેન્ડરમાં ઈજારદાર મારફત NGO સાથે જરૂરી સંકલન સાધી IEC એકટીવીટી કરાવી શહેરીજનો મારફત ભીનો તથા સુકો કચરો અલગ અલગ એકત્રીત કરવા અંગે સઘન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જે અંગે ઈજારદારને જરૂરી ઈન્સેન્ટીવ પુરુ પાડવામાં આવશે તથા તેમ ન કર્યેથી પેનલ્ટી વસુલવાની જોગવાઈ પણ ટેન્ડરમાં આમેજ કરવામાં આવેલ છે.

સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશન

પ્રાયમરી કલેકશનના વાહનો મારફતે એકત્રિત થયેલ ગાર્બેજનો, જે તે ઝોન માટે નિયત કરેલ રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન થી ખજોદ ફાયનલ ડિસ્પોઝલ સાઈટ ખાતે ગાર્બેજને ગાર્બેજ વાહનો થકી લઈ જવામાં આવે છે. સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશનની કામગીરી માટે રેવન્યુ ખર્ચ પેટે પુરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

મટીરીયલ રીકવરી ફેસીલીટી

સુરત મહાનગરપાલિકા તમામ ટ્રાન્સફર સ્ટેશનો કતારગામ, ભટાર, આંજણા, વરાછા, પાલ, કોસાડ, ભેસ્તાન તથા ડીંડોલી ટ્રાન્સફર સ્ટેશનોના "સેમી કલોઝડ બોડી" ટ્રાન્સફર સ્ટેશનો ખાતે દૈનિક એકત્રિત થતા ઘનકચરાના સંયુકત જથ્થા માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ માં નિયમ મુજબ તમામ ટ્રાન્સફર સ્ટેશનો પર મિકેનાઈઝડ પધ્ધતિથી Material Recovery Facility (MRF) નું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

વધુમાં, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દેશના તમામ શહેરોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબ ઘનકચરાનું વર્ગીકરણ, કચરાનું વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ, સુકા કચરાનું રીસાયકલીંગ કરવું વિગેરે જેવી બાબતોનું અમલીકરણ કરવાનું રહે છે. જે અન્વયે તમામ ટ્રાન્સફર સ્ટેશનો ખાતે Material Recovery Facility (MRF) સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે તથા સદર ફેસીલીટી ખાતે સુકા કચરામાંથી અલગ કરેલ પ્લાસ્ટીક અને નોન–પ્લાસ્ટીક વેસ્ટનેઈકોવીઝન એન્વાયરોમેન્ટલ રીસોર્સીસ એલએલપી.ને ૧૦ (દસ) વર્ષ માટે વેચાણે આપી, કચરામાંથી સુરત મહાનગરપાલિકાને રોયલ્ટી મળે તે મુજબ કાર્યપધ્ધતિ નિશ્ચિત કરવામાં આવેલ છે. જે અંગે સુરત મહાનગરપાલિકાને પ્લાસ્ટીક વેસ્ટ માટે રૂા.૪૫૦/– પ્રતિ મે.ટન તેમજ નોન પ્લાસ્ટીક વેસ્ટ માટે રૂા.૩૫૦/– ની રોયલ્ટી મળે છે.

અન્ય કામગીરી

મૃત મોટા પશુનાનિકાલની કામગીરી

સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી મોટા મરેલા જાનવરો (જેવા કે, ગાય, ભેંસ, પાડા, ઘોડા, ઘેડા,ઊંટ વિગેરે) ઈજારદારના પોતાના વાહનો / કામદારો મારફતે ઉપાડી ઈજારદારના પોતાના પ્લાન્ટ ખાતે વૈજ્ઞાનિક ઢબે અંતિમ નિકાલ કરવાની કામગીરી કરાવવામાં આવે છે. જે માટે રેવન્યુ ખર્ચ પેટે પુરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

ઓફેલ / વેસ્ટના નિકાલની કામગીરી

સુરત મહાનગરપાલિકા સંચાલિત કતલખાના, મટન–મચ્છી માર્કેટ તથા સરથાણા નેચરપાર્ક ખાતે દૈનિક ઉત્પન્ન થતા ઓફેલ / વેસ્ટને ઈજારદારની પોતાની માલિકીના યોગ્ય ક્ષમતાવાળા બીન્સ / કન્ટેઈનરોમાં એકત્રિત કરી, પોતાના વાહનો તથા કામદારો મારફત ઉપાડી મહાનગરપાલિકા સુચવે સ્થળે નિકાલ કરાવવાની કામગીરી ૩ વર્ષના સમયગાળા માટે ખાનગી એજન્સીઓને સોંપવામાં આવેલ છે. જે માટે રેવન્યુ ખર્ચ પેટે પુરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ રૂલ્સ ૨૦૧૬ અંતર્ગત વિવિધ પ્રકારના વેસ્ટના અલગીકરણ અને એકત્રીકરણ માટે પૂરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

ડ્રીસેન્ટ્રલાઈઝ ઓર્ગેનિક વેસ્ટ ટ્રીટમેન્ટ

- ૨૯ (ઓગણત્રીસ) જેટલા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર (OWC) યુનિટ સુરત મહાનગરપાલિકા વિસ્તારનાં મહત્વના વેજીટેબલ, નોન–વેજીટેબલ માર્કેટ તથા સ્લોટર હાઉસમાં ઈનસ્ટોલ કરવામાં આવેલ છે. વધુમાં ૫૦ ટી.પી.ડી. બાયોમીથીનેશન પ્લાન્ટ APMC માર્કેટ ખાતે કાર્યરત છે.
- આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાના વિવિધ ગાર્ડનમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ કાર્યરત છે. જે સ્થળ પર આવતા વિવિધ ગાર્ડન વેસ્ટને પ્રોસેસીંગ કરી ખાતર બનાવવાની કામગીરીમાં મદદરૂપ રહે છે.

સ્વચ્છ ભારત મિશન તથા ૧૫ માં કેન્દ્રીય નાણાપંચમાંથી મળનાર ગ્રાન્ટનું આયોજન

સ્વચ્છ ભારત મિશન તથા ૧૫ માં કેન્દ્રીય નાણાપંચની ગ્રાન્ટ અન્વયે સોલિડ વેસ્ટ ઘટક માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી આગામી નીચે મુજબનાં પ્રોજકટનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

(૧) સુરત શહેર વિસ્તારમાંથી ઉત્પન્ન થતો વિવિધ કચરો અને ગાર્બેજનો લોડીંગ અને ટ્રાન્સપોર્ટની કામગીરી પધ્ધતિસર, કાર્યક્ષમ અને નવી ટેકનોલોજીના ઉપયોગથી વધારાના ઈ–વ્હીકલો ખરીદવાની કામગીરી.

(૨) ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે વધારાના નવા વ્હીકલ અને સાધનોની ખરીદી કરવાનું કામ.

આગામી વર્ષનું અન્ય આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત વિવિધ કતલખાના (સ્લોટર હાઉસ), મટન મચ્છી માર્કેટ તથા સરથાણા નેચર પાર્કમાંથી ઉત્પન્ન થતા વેસ્ટ/ઓફેલ તથા અન્ય મરેલા જાનવર વિગેરેના ટ્રીટમેન્ટ અન્વયે પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

➢ એન્વાયરમેન્ટ સેલ

શહેરમાંથી ઉત્પન્ન થતા આશરે ૨૭૦૦ થી ૨૮૦૦ ટી.પી.ડી. (મે.ટન પ્રતિ દિવસ) ઘન કચરાના નિકાલ અર્થે, કેન્દ્ર સરકારશ્રીની સ્વચ્છ ભારત મિશન યોજના તથા ૧૫ માં કેન્દ્રીય નાણાંપંચ હેઠળ મળનાર નાણાંકીય સહાય અંતર્ગત સોલીડ વેસ્ટ પ્રોસેસીંગ વિભાગ હસ્તક વિવિધ પ્રકારના આયોજન કરેલ છે.

(૧) પ્લાસ્ટિક વેસ્ટ

સમગ્ર શહેરમાંથી ઉત્પન્ન થતા પ્લાસ્ટિક વેસ્ટના ટ્રીટમેન્ટ અંગેની કામગીરી, સુરત શહેરના ભટાર વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ઈકો વિઝન એન્વાયરોમેન્ટલ રીસોર્સ L.L.P ને પી.પી.પી. ધોરણે ૨૦ વર્ષના Concession Period થી કામગીરી સોંપવામાં આવેલ છે. જે પ્લાન્ટના બાંધકામની કામગીરી પૂર્ણ કરી પ્લાન્ટને June-17 થી કાર્યરત કરવામાં આવેલ છે તથા હાલમાં અંદાજે ૧૮૦ થી ૧૯૦ મે.ટન પ્રતિ દિન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ટ્રીટ થઈ રહયો છે. સદર પ્લાન્ટ ખાતેના પ્લાસ્ટીક વેસ્ટમાંથી કુલ–૩૨ કિ.મી. જેટલો રોડ પણ બનાવવામાં આવેલ છે.આ ઉપરાંત પ્લાસ્ટિક વેસ્ટ માંથી પ્લાસ્ટિકના દાણા બનાવીને તેનું વેચાણ કરવામાં આવે છે.

(૨) કન્સ્ટ્રકશન ડિમોલીશન વેસ્ટ

સમગ્ર શહેરમાંથી ઉત્પન્ન થતા કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટના ટ્રીટમેન્ટ અંગેની કામગીરી, સુરત શહેરના કોસાડ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ છે. જે માટે સુરત ગ્રીન પ્રિકાસ્ટ પ્રા.લિ.એજન્સીને પી.પી.પી. ધોરણે ૨૦ વર્ષના Concession Period થી કામગીરી સોંપવામાં આવેલ છે. જે પ્લાન્ટના બાંધકામની કામગીરી પૂર્ણ કરી, ૩૦૦ મે.ટન પ્રતિ દિનની ક્ષમતા ધરાવતા પ્લાન્ટને ફેબ્રુઆરી–૨૦૧૯ થી કાર્યરત કરવામાં આવેલ છે તથા હાલમાં અંદાજે ૨૯૦ થી ૩૦૦ મે.ટન જેટલો કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટનો જથ્થો ટ્રીટ કરવામાં આવી રહયો છે. સુરત મહાનગરપાલિકા ના વિવિધ પ્રોજેકટોમાં કન્સ્ટ્રકશન એન્ડ ડિમોલીશન વેસ્ટ માંથી ઉત્પન્ન થતી પ્રોડકટનો ઉપયોગ કરવા માટે SVNIT ના રીપોર્ટને આધીન ૨૦ % જેટલો ઉપયોગમાં લેવામાં આવે છે.

(૩)ઈ–વેસ્ટ

સમગ્ર શહેરમાંથી ઉત્પન્ન થતા ઈ–વેસ્ટના ટ્રીટમેન્ટ અંગેની કામગીરી, સુરત શહેરના ઉન વિસ્તારમાં શરૂ કરવામાં આવનાર છે. જે અંતર્ગત પૃથ્વી ઈ રિસાયકલ પ્રા.લી. રાજકોટ એજન્સીને પી.પી.પી. ધોરણે ૧૫ વર્ષના Concession Period થી કામગીરી સોંપવામાં આવેલ છે. સદર ઈ–વેસ્ટનો પ્લાન્ટ ઓગસ્ટ ૨૦૨૧ માં કાર્યરત કરવામાં આવેલ છે.

(૪) ૨૫૦૦ મે.ટન/દિન (ટી.પી.ડી.) વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ

ખજોદ ફાયનલ ડિસ્પોઝલ સાઈટ ખાતે સમગ્ર સુરત શહેરમાંથી ઉત્પન્ન થતા ઘનકચરાના અવિરત પ્રોસેસીંગ કાર્યરત રાખવા, દૈનિક ન્યુનતમ ૨૫૦૦ મે.ટન/દિન લેખે આગામી ૩ વર્ષના સમયગાળામાં મહત્તમ ૩૦ લાખ મે.ટન મ્યુ.સોલીડ વેસ્ટ પ્રોસેસ કરવાની કામગીરી ઈજારદારશ્રી સી.ડી.ટ્રાન્સપોર્ટ ને પીપીપી ધોરણે સોંપવામાં આવેલ છે. જે પ્લાન્ટ જાન્યુઆરી–૨૦૨૩ થી કાર્યરત કરવામાં આવેલ છે. જેમાંથી ખાતર તેમજ RDF બનાવી સિમેન્ટ કંપનીમાં બળતણ તરીકે મોકલવામાં આવે છે.

(૫) ખજોદ ખાતે સેનેટરી લેન્ડફીલ સેલ નં.૦૨ના બાયોમાઈનીંગનું કામ

ખજોદ ફાયનલ ડીસ્પોઝલ સાઈટ ખાતે છેલ્લા વર્ષો થી કાર્યરત સેનેટરી લેન્ડફીલ સેલ ૨ ના ઘનકચરા તથા ભટાર ડીસ્પોઝલ સાઈટ ખાતે વર્ષો જુના ઘનકચરાનું બાયોમાઈનીંગ તથા વૈજ્ઞાનિક રીતે કલોઝર કરવાની તેમજ રીકલેમેશન કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર કામગીરી અન્વયે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૬૦ % ગ્રાન્ટમાંથી ખર્ચ કરવામાં આવેલ છે. વધુમાં, ભટાર ખાતેની કામગીરી પૂર્ણ કરી, આશરે ૩૦,૦૦૦ ચો.મી. જગ્યાનો કબ્જો ગાર્ડન વિભાગને બાયોડાયવર્સીટી પાર્ક માટે આવવામાં આવેલ છે.

(૬) ઉબેર ખાતે ૪૫૦૦ મે.ટન/દિન ટી.પી.ડી. વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ

ઉબેર ખાતે ઘનકચરા વ્યવસ્થાપન પાર્કમાં સેન્ટ્રલાઈઝડ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ, સેનેટરી લેન્ડફિલ સેલ અને સ્થળની આવશ્યકતા મુજબ માર્ગ, પાર્કિંગ વે બ્રિજ અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતના પ્રસ્થાપનની કામગીરી સોંપવામાં આવેલ છે. જે અન્વયે સિવિલ વર્કસની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે પ્લાન્ટના પ્રસ્થાપનની સમયમર્યાદા એપ્રિલ–૨૦૨૬ સુધીની છે. સદર કામગીરી અન્વયે સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત રૂા.૧૬૭ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

(૭) બાયોગેસ પ્લાન્ટ

સુરત મહાનગરપાલિકામાંથી નીકળતા ભીના કચરા અને સુકા કચરાના પ્રોસેસીંગ થકી બાયોગેસ ઉત્પન્ન કરવાનો બમરોલી ખાતે ઈજારદારશ્રી બાયોફિકસ પ્રા.લિ. ધ્વારા ૧૨૦ TPD તથા ઈજારદારશ્રી ડયુરોગ્રીન વેસ્ટ મેનેજમેન્ટ પ્રા.લિ. ધ્વારા ૯૦ TPD બાયોગેસ પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું કામ પ્રગતિ હેઠળ છે.

(૮) ગાર્ડન વેસ્ટ અને ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટની પ્રોસેસીંગની ફેસીલીટી

સુરત શહેરની સોસાયટીઓ તથા મુખ્ય રસ્તાઓ પર ઉત્પન્ન થતા ગાર્ડન વેસ્ટના કલેકશન, ટ્રાન્સપોર્ટેશન અને પ્રોસેસીંગની કામગીરી અન્વયે પી.પી.પી. ધોરણે ઝોનવાઈઝ ડીસેન્ટ્રાલાઈઝડ પ્રોસેસીંગ ફેસીલીટી પ્રસ્થાપિત કરવાનું આયોજન છે.

આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટની અલાયદી પ્રોસેસીંગ ફેસીલીટી ઉભી કરી, રેવન્યુ આવક ઉભી કરવાના ભાગરૂપે પી.પી.પી. ધોરણે વેસ્ટ ટુ સ્કીમ પ્રોજેકટ પ્રસ્થાપિત કરવાનું આયોજન છે.

આમ, એમ.એસ.ડબલ્યુ–૨૦૧૬ ના નિયમ અનુસાર મીક્ષ મ્યુનિસિપલ સોલીડ વેસ્ટના નિકાલ અર્થે, વિવિધ પ્રકારના વેસ્ટ માટેના અને એમ.એસ.ડબલ્યુ– વેસ્ટ ટુ એનર્જી તેમજ વેસ્ટ ટુ કમ્પોસ્ટ માટેના ટ્રીટમેન્ટ પ્લાન્ટસ પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. જેના માટે સ્વચ્છ ભારત મિશન, ૧૫માં કેન્દ્રીય નાણાપંચની ગ્રાંટ વિગેરે નાણાંકીય વ્યવસ્થા સહિતનું પુરતું આયોજન કરવામાં આવેલ છે.

શહેરી પરિવહન

➢ રસ્તા વિકાસ

રસ્તા વિકાસ ખાતા મારફત સુરત મહાનગરપાલિકાનાં રસ્તાઓ પૈકી મુખ્ય પ્રવેશ માર્ગો તથા અન્ય મહત્વનાં રસ્તાઓને સીમેન્ટ કોન્ક્રીટનાં બનાવવાનું કામ હાથ ધરવામાં આવેલ છે જે અન્વયે સને ૨૦૨૪–૨૫ સુધીમાં કુલ ૯૦.૧૫ કિ.મી. ટી.પી. રસ્તાઓને સીમેન્ટ કોન્ક્રીટ રોડ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, તેમજ વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન હાથ ધરાયેલા તથા ૨૦૨૫–૨૦૨૬ દરમ્યાન અંદાજીત ૬.૩૫ કિ.મી. ના ટી.પી. રસ્તાઓને સી.સી. રોડ તરીકે ડેવલપ કરવાનું આયોજન કરેલ છે.

વર્ષ ૨૦૨૪–૨૫ માં નીચે મુજબનાં પ્રોજેકટ કામો પ્રગતિ હેઠળ છે.

પ્રગતિ હેઠળનાં સીમેન્ટ કોન્ક્રીટ રોડ બનાવવાનું કામ

- સાઉથ(ઉધના)ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ સિધ્ધાર્થનગર ROB થી તીરૂપતી સર્કલ સુધીનાં ૪૫.૦૦ મી. પહોળાઈના રસ્તાને સીમેન્ટ કોંક્રિટ રોડ તરીકે ડેવલપ કરવાના કામે ટેન્ડર રકમ રૂા.૪૧૬૫.૭૫ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સાઉથ(ઉધના) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ તીરૂપતી સર્કલથી ભીમરાડ ખાડી બ્રીજ સુધીનાં ૪૫.૦૦ મી. પહોળાઈના રસ્તાને સીમેન્ટ કોંક્રિટ રોડ તરીકે ડેવલપ કરવાના કામે ટેન્ડર રકમ રૂા.૩૦૭૩.૩૨ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ સરોલી બ્રીજ થી વરીયાવ ખાડી બ્રીજ સુધીનાં આઉટર રીંગ રોડને પ્રથમ ફેઝમાં ડેવલપ કરવામાં આવશે. જેમાં સેન્ટ્રલ ૧૨.૦૦ મી. ના મીડીયનની બંને બાજુ ૧૧.૦૦ મી. પહોળાઈનાં સી.સી. રોડ તેમજ તેની સાથોસાથ સ્ટ્રીટ લાઈટ નાંખવાના કામે ટેન્ડર રકમ રૂા.૭૭૦૦.૦૦ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- પશ્ચિમ ઝોન વિસ્તારમાં સુડા લીમીટથી વણકલા જકાતનાકા સુધીના ૪૫.૦૦ મી. પહોળાઈના કેનાલ રોડને (પેકેજ–૧૫ બી) સી.સી. રોડ તરીકે ડેવલપ કરવાના કામે ટેન્ડર રકમ રૂા.૧૫૩૦.૨૦ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- વેસ્ટ(રાંદેર)ઝોન વિસ્તારમાં જહાંગીરપુરા ઈસ્કોન Y જંકશનથી વરીયાવ ચેક પોસ્ટ (આઉટર રીંગ રોડ) સુધીના ૩૬.૦ મી. પહોળાઈના રસ્તાને સહિત સીમેન્ટ કોંક્રિટ રોડ તરીકે ડેવલપ કરવાનું અંદાજીત રકમ રૂા.૨૦૦૨.૯૯ લાખનું કામ ટેન્ડર લેવલે છે.
- પશ્ચિમ ઝોન વિસ્તારમાં પેકેજ–૧૩ (એ) અંતર્ગત કાકરાપાર જમણાં કાંઠા હજીરા બ્રાન્ચ કેનાલ પૈકી ટી.પી.સ્કીમ નં.૧૦(પાલ) પાલનપોર ગામ કેનાલ કલવર્ટ(રોયલ પ્લેટીનમ એપાર્ટમેન્ટ)થી ગૌરવ પથ સુધીના ૪૫.૦૦ મી. પહોળાઈના સીમેન્ટ કોંક્રિટ રોડ ડેવલપ કરવાના કામે ટેન્ડર રકમ રૂા.૧૬૨૭.૦૦ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સુરત મહાનગરપાલિકા સાઉથ–વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૭૮ (ડુમસ–ભીમપોર–ગવીયર) અને ડ્રા.ટી.પી.સ્કીમ નં.૭૯(સુલતાનાબાદ–ભીમપોર) માં આવેલ એરપોર્ટ બાઉન્ડ્રીથી ભીમપોર ગેટ સુધીના ૬૦.૦૦ મી. પહોળાઈ અને ૧.૮૦ કિ.મી. લંબાઈના સીમેન્ટ કોંક્રિટ રોડ ડેવલપ કરવાના કામે ટેન્ડર રકમ રૂા.૪૧૨૪.૯૩ લાખની કામગીરી પ્રગતિ હેઠળ છે.

હયાત રસ્તાઓને રીસરફેસીંગ કરવાનું કામ

(૧) પોલીમરીક રોડ (રીસરફેસીંગ વર્ક)

રસ્તા વિકાસ ખાતા મારફત સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ રસ્તાઓને પોલીમરીક / CGBM પધ્ધતિથી રીસરફેસીંગની કામગીરી સને ૨૦૦૧–૦૨ થી હાથ ધરવામાં આવેલ છે. ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૪–૨૫ દરમ્યાન "પોલીમરીક / CGBM પધ્ધતિ" થી અંદાજીત કુલ ૭(સાત) રસ્તાઓને ૬૨૦૦૦.૦૦ ચો.મી. વિસ્તારને આશરે રૂા.૭૪૩.૦૦ લાખનાં ખર્ચે રીસરફેસીંગ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ માર્ચ–૨૦૨૫ સુધી વધુ ૮(આઠ) રસ્તાઓ ઉપર રૂા.૬૫૬.૦૦ લાખના ખર્ચે પોલીમરીક રીસરફેસીંગ કામગીરી કરવામાં આવનાર છે.

(૨) શ્રેડેડ પ્લાસ્ટીક વેસ્ટ રીસરફેસીંગ

માન. પ્રધાનમંત્રીશ્રીનાં સ્વચ્છતા મિશનનાં ભાગરૂપ સુરત શહેરમાં ઉત્પન્ન થતા ઘન કચરા પૈકીનાં પ્લાસ્ટીક વેસ્ટનાં ડીસ્પોઝલની સમસ્યાનાં નિવારણ કરવા પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રોડ બનાવવાની શરૂઆત કરવામાં આવેલ છે. શ્રેડેડ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી બીટયુમીનસ રોડ બનાવાથી ગ્લોબલ વોર્મીંગમાં તથા પ્રદૂષણમાં ઘટાડો થાય છે તેમજ પ્લાસ્ટીક બીટયુમીનસ મીક્ષની બોન્ડીંગ સામાન્ય હોટમીક્ષ મટીરીયલની સરખામણીમાં ઘણી જ વધારે હોય છે. તેથી રસ્તાની મજબુતાઈમાં વધારો થાય છે તેમજ પ્લાસ્ટીક વેસ્ટનાં ઉપયોગથી પર્યાવરણનો સુધારો તેમજ પ્લાસ્ટીક વેસ્ટનો રચનાત્મક ઉપયોગ થાય છે.

શહેર વિસ્તારમાં વર્ષ ૨૦૨૪–૨૫ માં આજદિન સુધી જુદા જુદા ૪.૪૭(કિ.મી.) લંબાઈના ૫(પાંચ) રસ્તાને અંદાજે રૂા.૬૫૦.૦૦ લાખનાં ખર્ચે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રીસરફેસીંગ કરવામાં આવેલ છે. તેમાં આશરે ૩૩.૫૯ મે.ટન પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેમજ માર્ચ ૨૦૨૫ સુધીમાં વધુ ૪.૫૦(કિ.મી.) લંબાઈના ૦૧(એક) રસ્તાને અંદાજે રૂા.૨૫૦.૦૦ લાખનાં ખર્ચે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રીસરફેસીંગ કરવામાં આવશે. તેમાં આશરે ૨૦.૦૦ મે.ટન પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માં નીચે મુજબનાં નવા પ્રોજેકટ કામો સ્થળની ફીઝીબીલીટી ચકાસી યોગ્યતા અન્વયે હાથ ધરવાનું આયોજન છે.

- આઉટર રીંગ રોડ વણકલા કેનાલ કલ્વર્ટ જંકશનથી વૈષ્ણોદેવી સ્કાય જંકશન તરફ જતા સુરત મહાનગરપાલિકાની હદ સુધીના વિસ્તારના ૧.૨૦ કિ.મી. લંબાઈના અને ૯૦.૦૦ મી. પહોળાઈના આઉટર રીંગ રોડ પૈકી ૪૨.૦૦ મી. પહોળાઈમાં સી.સી. રોડ ડેવલપ કરવાનું આયોજન.
- સાઉથ(ઉધના) ઝોન–એ માં સમાવિષ્ટ તીરૂપતી સર્કલથી એન.એચ.–૫૩(બુડીયા ગામ તરફ) સુધીના ૩૬.૦૦ મી. પહોળાઈના રસ્તાને હયાત ડામરની સપાટીનો સિમેન્ટ કોંક્રિટના બેઝ તરીકે ઉપયોગ કરી સી.સી. ઓવર–લે કરવાનું આયોજન.
- પૂર્વ(સરથાણા) ઝોન–બી માં સમાવિષ્ટ વરાછા મેઈન રોડથી સવજી કોરાટ બ્રીજ થઈ મોટા વરાછા તળાવ (સ્વામીનારાયણ મંદિર નજીક) સુધીના ૪૫.૦૦ મી. પહોળાઈના રસ્તાને હયાત ડામરની સપાટીનો સિમેન્ટ કોંક્રિટના બેઝ તરીકે ઉપયોગ કરી સી.સી. ઓવર–લે કરવાનું આયોજન.
- સુરત શહેરનાં તમામ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ અગત્યનાં મુખ્ય રસ્તાઓને પોલીમરીક / CGBM માર્ગ પધ્ધતિથી રીસરફેસીંગ કરવાની કામગીરી પૈકી સને ૨૦૨૫–૨૬ દરમ્યાન અંદાજે ૧.૪૦ લાખ ચો.મી. રસ્તાઓને રૂા.૧૭૦૦૦.૦૦ લાખના ખર્ચે રીસરફેસીંગ કરવાનું આયોજન છે.
- સુરત શહેર વિસ્તારમાં વર્ષ ૨૦૨૫–૨૬ માં શ્રેડેડ પ્લાસ્ટીક વેસ્ટથી ૭.૫૦(કિ.મી.) લંબાઈના રસ્તાઓને અંદાજે રૂા.૮૦૦.૦૦ લાખનાં ખર્ચે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રીસરફેસીંગ કરવાનું આયોજન છે. તેમાં આશરે ૫૦.૦૦ મે.ટન પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરવાનું આયોજન છે.

જાહેર પરિવહન વ્યવસ્થા

➢ **ટ્રાફિક સેલ–બી.આર.ટી.એસ.પ્રોજેકટ**

વર્ષ ૨૦૨૪–૨૫ માં પૂર્ણ/પ્રગતિ હેઠળના કામો તથા વર્ષ ૨૦૨૫–૨૬ માં સુચિત કામો

- શહેરના જુદા–જુદા ઝોન વિસ્તારમાં તથા અલથાણ, પાલનપુર, મગોબ, વેસુ, ભેસ્તાન અને પાલ (એકવેરીયમની સામે) બસ ડેપો મળી કુલ ૬(છ) ઈલેકટ્રીક બસ ડેપો તથા કોસાડ, પુણા, ભેસ્તાન ગાર્ડનની સામે અને વેસુ (નંદિની એપાર્ટમેન્ટ પાસે) મળી કુલ ૪ (ચાર) જગ્યાએ હાલમાં પરંપરાગત (ડીઝલ) બસ ડેપો કાર્યરત છે.
- આ વર્ષે સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કતારગામ દરવાજા અને વેડ દરવાજા પર, નવો પૂર્વ સરથાણા ઝોન (બી) માં સીમાડા નાકા પર અને સાઉથ ઝોન –બી (સચિન–કનકપુર) ખાતે સચીન રેલ્વે ઓવર બ્રીજની નીચે એમ કુલ ૪ (ચાર) લોકેશન પર રૂા.૧.૪૧ કરોડના ખર્ચે પોર્ટેબલ ટાઈપ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર્સ બનાવવાની કામગીરી પૂર્ણ થતા લોકાર્પણ કરવામાં આવેલ છે.
- શહેરના વાતાવરણમાં પ્રદુષણ ઓછું કરવા માટે ઈલેકટ્રીક બસ ચલાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૪૫૦ ઈલેકટ્રીક બસ બી.આર.ટી.એસ. / સીટી બસ કાર્યરત થયેલ છે. વર્ષ ૨૦૨૫ –૨૬ સુધીની ડિમાન્ડને ધ્યાને લઈ વધુ ૬૦૦ ઈલેકટ્રીક બસ PM E-Drive સ્કીમ અંતર્ગત GCC (Gross Cost Contract) ધોરણે કાર્યરત કરવાનું આયોજન હેઠળ છે.
- સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં વેસુ ખાતે હયાત ઈલેકટ્રીક ડેપો ખાતે રૂા.૭.૦૭ કરોડના ખર્ચે વર્કશોપ બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે.
- સાઉથ ઝોન–એ (ઉધના) માં ભેસ્તાન ખાતે હયાત બી.આર.ટી.એસ. બસ ડેપોને રૂા.૧.૨૨ કરોડના અંદાજીત ખર્ચે ઈલેકટ્રીક બસ ડેપો તરીકે રૂપાંતરિત કરવાની તથા ડેપોના વર્કશોપમાં આવેલ ટ્રસના સ્ટ્રેન્ધનીંગ/ મોડિફિકેશન કરવાની કામગીરી કામ પ્રગતિ હેઠળ છે.
- નવા પૂર્વ (સરથાણા) ઝોનમાં મોજે –પાસોદરા ખાતે રૂા.૮.૭૦ કરોડના ખર્ચે ઈલેકટ્રીક બસ ડેપો ડેવલપમેન્ટનું કામ પ્રગતિ હેઠળ છે.
- મોજે કોસાડ ખાતે હયાત કાર્યરત બી.આર.ટી.એસ. બસ ડેપોની બાજુમાં ૨૦૫૦૦ ચો.મી. જગ્યા પર રૂા.૮.૪૮ કરોડના ખર્ચે ઈલેકટ્રીક બસ ડેપોની એરિયા ડેવલપમેન્ટ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- નવો પૂર્વ (સરથાણા) ઝોનમાં મોજે–પાસોદરા, ખાતેના અન્ડર કન્સ્ટ્રકશન બસોના ડેપો/વર્કશોપ ખાતે અર્થ રીટેઈનીંગ સ્ટ્રકચર (ગેબીયન વોલ) બનાવવાના કામના અંદાજ મંજુરી હેઠળ છે.
- શહેરના Comprehensive Mobility Plans (CMP) ને હદ વિસ્તરણ અને વસ્તી વધારાને અનુલક્ષીને રીવીઝન કરવા માટેનું કામ રૂા. ૧.૩૦ કરોડના ખર્ચે હાલમાં પ્રગતિ હેઠળ છે.

- શહેરમાં ઈનર રીંગરોડ પર (૧) સુરત ટેક્ષટાઈલ માર્કેટ અને (૨) સહારા દરવાજા પર કુલ રૂા.૦.૬૪ કરોડના અંદાજીત ખર્ચે પોર્ટેબલ ટાઈપ બી.આર.ટી.એસ. બસ શેલ્ટરો બનાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે.
- ટ્રાફિક–બી.આર.ટી.એસ વિભાગ હસ્તકના હયાત બસ ડેપોમાં ૩૫ (પાંત્રીસ) અને બાંધકામ પ્રગતિ હેઠળના બસ ડેપોમાં ૧૮(અઢાર) લોકેશનો પર ગ્રાઉન્ડ વોટર રીચાર્જ બોરવેલ સ્થાપિત કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- રાંદેર ઝોન વિસ્તારમાં પબ્લીક ટ્રાન્સપોર્ટ નેટવર્કના વિસ્તરણના ભાગરૂપે રૂા.૧.૦૨ કરોડના ખર્ચે પાલ આર.ટી.ઓ. થી ભુલકા વિહાર સુધીના અંદાજીત ૧.૦૦ કિ.મી. રોડને ડેડીકેટેડ બી.આર.ટી.એસ. કોરીડોર તરીકે ડેવલપ કરવા તથા ૧ (એક) લોકેશન પર પોર્ટેબલ ટાઈપ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર બનાવવાનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે.
- મોજે કોસાડ ખાતે હયાત કાર્યરત બી.આર.ટી.એસ. બસ ડેપોની બાજુમાં ટર્મિનલ / વર્કશોપ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણતાને આરે છે.
- પાલનપોર ડેપોથી પાલ આર.ટી.ઓ. તેમજ પાલનપોર ડેપોથી જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ સુધીના રોડ પર ૫ (પાંચ) લોકેશનો ખાતે ૯ (નવ) બી.આર.ટી.એસ. બસ શેલ્ટર બનાવવાનું કામ આયોજન હેઠળ છે.
- સ્ટાર બજારની સામે, ફલાય ઓવર બ્રીજની નીચે રૂા. ૦.૬૫ કરોડના ખર્ચે કન્વેન્શનલ ટાઈપ બી.આર.ટી.એસ. બસ શેલ્ટર બનાવવાનું કામ આયોજન હેઠળ છે.
- શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં ટ્રાફિક સિગ્નલ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા કરવાનું તથા જુના ટ્રાફિક સિગ્નલ અપગ્રેડ કરવાનું કામ આયોજન હેઠળ છે.
- "નોન મોટરાઈઝડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (NMT)" હેઠળ પબ્લીક બાયસીકલ શેરીંગ સીસ્ટમના પ્રોજેકટ અંતર્ગત સુરત શહેરના જુદા–જુદા ૧૨૦ (ડોકીંગ સ્ટેશન) લોકેશન પર ૧૨૬૭ સાયકલો (૧૦% સ્પેર સહિત) જાહેર જનતા માટે કાર્યરત છે. સદર સીસ્ટમ અંતર્ગત બનાવવામાં આવેલ મોબાઈલ એપ્લીકેશનમાં આજદિન સુધી ૧.૬૪ લાખથી વધુ શહેરીજનો ધ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.
- પાર્કિંગ મેનેજમેન્ટ – પાર્કિંગ પોલીસી અમલીકરણના ભાગરૂપે વર્ષ ૨૦૨૪–૨૫ માટે સુચિત આશરે ૧૦ થી વધુ લોકેશનો પર પાર્કિંગની સુવિધા ઉભી કરવામાં આવશે.
- બી.આર.ટી.એસ. કોરીડોરમાં અનઅધિકૃત વાહન પ્રવેશ અટકાવવા ઓટોમેટેડ ઈ–ચલણ સાથે ઓટોમેટીક નંબર પ્લેટ રેકગ્નિશન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવનાર છે.

➢ બ્રીજ

સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં નદી પરનાં બ્રીજ– ૧૬ (સોળ), ખાડી પરના બ્રીજ–૬૨ (બાસઠ), ફલાય ઓવર બ્રીજ – ૨૯ (ઓગણત્રીસ) તેમજ રેલ્વે ઓવર / અંડર બ્રીજ – ૧૪ (ચૌદ) મળી રૂા.૨૯૧૩.૮૧ કરોડનાં ખર્ચે કુલ–૧૨૧(એકસો એકવીસ) બ્રીજો બનાવવામાં આવેલ છે. કુલ રૂા.૪૯૧.૨૩ કરોડના કુલ – ૧૨ (બાર) બ્રીજોની કામગીરી પ્રગતિ હેઠળ તથા વધુ ૧૯(ઓગણીસ) બ્રીજો આયોજન હેઠળનાં છે.

વધુમાં, આગામી વર્ષમાં આઉટગ્રોથ વિસ્તાર સહિતના ૫ (પાંચ) જેટલા નવા બ્રીજો સુચિત કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૪ –૨૫ ના પ્રગતિ હેઠળના કામો

ફલાય ઓવર બ્રીજ

- નોર્થ ઝોન (કતારગામ)વિસ્તારમાં રત્નમાલા જંકશન નજીક ફલાય ઓવર બ્રીજ – રૂા. ૬૨.૮૪ કરોડ
- ભીમરાડથી સિધ્ધાર્થનગર થઈ ડીંડોલી જતાં રસ્તા પર નવીન ફ્લોરીન જંકશન પાસે સુરત–નવસારી રોડને ક્રોસ કરતા રસ્તા પર ફલાય ઓવર બ્રીજ – રૂા. ૩૪.૦૦ કરોડ
- ટી.પી.સ્કીમ નં.૬૨ (ભેસ્તાન–ભેદવાડ–ડીંડોલી) માં ડીંડોલી ખરવાસા જંકશન અને મીડલ રીંગરોડ જંકશન સાંઈ પોઈન્ટ પાસે ચાર રસ્તા પર ફલાય ઓવર બ્રીજ – રૂા.૫૧.૨૭ કરોડ
- ઈસ્ટ ઝોન–એ (વરાછા) વિસ્તારમાં સુરત – બારડોલી રોડ ઉપર એ.પી.એમ.સી. જંકશન નજીક ફલાય ઓવર બ્રીજ – રૂા.૩૯.૩૬ કરોડ
- વલ્લાભાચાર્ય રોડ પર આવેલ શ્રી વલ્લાભાચાર્ય વિધાધામથી શરૂ થઈ હીરાબાગ સર્કલ જંકશનની પહેલા હયાત શ્રીનાથજી ફલાય ઓવર બ્રીજ પર જવા માટેનો એન્ટ્રી રેમ્પ – રૂા.૧૬.૪૩ કરોડ

રેલ્વે ઓવર બ્રીજ/અંડર બ્રીજ

- સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન વિસ્તારમાં ઉધના યાર્ડ ખાતે સુરત– ભુસાવલ રેલ્વે લાઈન પર સાંઈબાબા મંદીર પાસે લીંબાયત – ડીંડોલી વિસ્તારને જોડતો રેલ્વે અંડરપાસ / ઓવર બ્રીજ – રૂા.૫૧.૦૭ કરોડ
- સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મુંબઈ–સુરત મેઈન રેલ્વે લાઈન પર ભેસ્તાન ખાતે સિધ્ધાર્થનગર કેનાલ પાસે રેલ્વે ઓવર બ્રીજ – રૂા.૫૯.૪૩ કરોડ
- સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં.૫૯(ઉન) માં સુરત થી સચીન થઈ નવસારી જતા ૯૦.૦૦ મી. ના સ્ટેટ હાઈ વે ઉપર આવેલ હયાત રેલ્વે ઓવર બ્રીજને વાઈડનીંગ કરવાનું કામ – રૂા.૨૮.૧૬ કરોડ
- ટી.પી.સ્કીમ નં.૬૯(ડીંડોલી– ગોડાદરા)માં ૪૫.૦૦ મીટરના રસ્તા પર માનસરોવર સોસાયટી થી ઉધના – ભુસાવલ રેલ્વે લાઈનને ક્રોસ કરતો રેલ્વે ઓવર બ્રીજ – રૂા.૯૬.૬૧ કરોડ

ખાડી બ્રીજ

- વરાછા ઝોન વિસ્તારમાં આવતા ટી.પી.સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા) ના ૩૦.૦૦ મીટરના ટી.પી. રસ્તા પર શ્રીરામનગર સોસાયટી પાસેથી ટી.પી. સ્કીમ નં.૨૦(પુણા) ના ૨૪.૦૦ મીટરનાં સાકેતધામ સોસાયટી નજીકનાં રસ્તાઓનાં નવી કનેકટીવીટી અર્થે ખાડી બ્રીજ – રૂા.૨૭.૬૦ કરોડ
- સાઉથ (ઉધના) ઝોન–બી વિસ્તારમાં ટી.પી. નં.૫૯(ઉન) માં ૧૮.૦૦ મીટરનાં રસ્તા પર ફા.પ્લોટ નં. ૧૮૧ અને ફા.પ્લોટ નં. ૧૮૨ ને જોડતો ખાડી બ્રીજ – રૂા.૭.૬૫ કરોડ
- સાઉથ (ઉધના) ઝોન–બી વિસ્તારમાં ટી.પી. નં.૫૯(ઉન) માં ૨૪.૦૦ મીટરનાં રસ્તા પર ફા.પ્લોટ નં. ૨૦૨ અને ફા.પ્લોટ નં. ૨૦૭–ઈ ને જોડતો ખાડી બ્રીજ – રૂા.૯.૫૬ કરોડ

વર્ષ ૨૦૨૫ –૨૬ નાં આયોજન હેઠળનાં કામો

ફલાય ઓવર બ્રીજ

- ઉધના ઝોન વિસ્તારમાં પત્રકાર કોલોની અને કૈલાશનગર જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ – રૂા.૧૦૩.૮૨ કરોડ
- સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાંથી પસાર થતા મીડલ રીંગરોડના મહારાણા પ્રતાપ જંકશન પર ફલાય ઓવર બ્રીજ – રૂા.૬૦.૦૦ કરોડ
- સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં નિલગીરી સર્કલ જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ – રૂા.૫૦.૦૦ કરોડ
- ઉધના ઝોન વિસ્તારમાં ઉધના–નવસારી મેઈન રોડ ઉપર પાંડેસરા ભેદવાડ જંકશન તથા પાંડેસરા જી.આઈ.ડી.સી. ઉપર ફલાય ઓવર બ્રીજ – રૂા.૫૦.૦૦ કરોડ
- ડીંડોલી ખરવાસારોડને ક્રોસ કરતા કરડવા– ડીંડોલી રોડ પર કેનાલને સમાંતરે ડીંડોલી મીડલ રીંગરોડની કનેકટીવીટી માટે મધુરમ સર્કલ પાસે ફલાય ઓવર બ્રીજ – રૂા.૮૦.૦૦ કરોડ
- વેસ્ટ (પશ્ચિમ) ઝોન વિસ્તારમાં સુરત હજીરા મેઈન રોડ ઉપર આવેલ પાલ ઉમરા બ્રીજનાં પાલ તરફના છેડે આવેલ RTO જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાનું કામ – રૂા.૮૦.૦૦ કરોડ
- સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં અનુવ્રતદ્વાર જકંશન પાસેના હયાત ફલાય ઓવર બ્રીજ સાથે ભટાર તરફથી બ્રેડ લાઈનર ICCC જંકશન પર ચડતા તેમજ ઉતરતા રેમ્પની નવી કનેકટીવીટી બનાવવાનું કામ– રૂા.૮૦.૦૦ કરોડ
- સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં SVNIT જંકશન અને કારગીલ ચોક જંકશન ઉપર ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ – રૂા.૧૨૦.૦૦ કરોડ
- સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં ઉધના મગદલ્લા રોડ ઉપર ગાંધીકુટીર જંકશન ઉપર ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ– રૂા.૪૦.૦૦ કરોડ
- સાઉથ ઝોન વિસ્તારમાં સુરત નવસારી રોડ ઉપર ઉધના ત્રણ રસ્તા જંક્શન ઉપર ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ – રૂા.૪૦.૦૦ કરોડ
- વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં રાંદેર રોડ ઉપર રામનગર જંકશન ઉપર ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ – રૂા.૭૦.૦૦ કરોડ
- વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં રૂસબ ચાર રસ્તા જંકશન ઉપર ફલાયઓવર બ્રીજ બનાવવાનું કામ – રૂા.૭૦.૦૦ કરોડ

રેલ્વે ઓવર/અંડરપાસ બ્રીજ

- અમરોલી–સાયણ રોડ પર કોસાડ–ક્રીભકો લાઈન એલ.સી.નં.૦૫ ઉપર રેલ્વે ઓવર બ્રીજ – રૂા.૧૦૦.૦૦ કરોડ
- વેસ્ટન રેલ્વે લાઈન પર ભેદવાડ થી ડીંડોલીને જોડતો ૪૫.૦ મી. પહોળા રોડ પર આવેલ પ્રમુખપાર્ક રેલ્વે ઓવર બ્રીજ સાથે નંદનવન સોસાયટી નજીકનાં ૩૦.૦ મી. રસ્તા પરથી કનેકટીવીટી અર્થે રેલ્વે ઓવર બ્રીજ બનાવવા બાબત – રૂા.૪૫.૦૦ કરોડ

રીવર બ્રીજ

- તાપી નદી ઉપર રેલ્વે બ્રીજ નં.૪પર ને સમાંતર અશ્વનિકુમાર – ફુલપાડાથી ઉત્રાણને જોડતો બ્રીજ – રૂા.૧૧૫.૦૦ કરોડ
- તાપી નદી ઉપર કતારગામ–અમરોલી વિસ્તારને જોડતો રીવર બ્રીજને બંન્ને તરફે વાઈડનીંગ કરવાનું કામ – રૂા.૧૮૦.૦૦ કરોડ

ખાડી બ્રીજ

- સાઉથ ઈસ્ટ લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ ડ્રા. ટી.પી. સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) ૪૫.૦૦ મી. ટી.પી. રોડ પર પ્રમુખપાર્ક રેલ્વે ઓવર બ્રીજની નીચે તથા ૨૪.૦૦ મી.ટી.પી.રોડના વચ્ચે આવેલ ખાડી પર બ્રીજ બનાવવા બાબત – રૂા.૧૫.૦૦ કરોડ
- સાઉથ ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૫૬ (બમરોલી) ના ૧૮.૦૦ મી. ના ટી.પી. રોડ ઉપર ગોવાલક તથા સામે છેડે સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારનાં મોજે મજુરાને જોડતો ખાડી બ્રીજ – રૂા.૨૦.૦૦ કરોડ
- વરાછા વિસ્તારમાં ટી.પી.૩૮(નાના વરાછા) અને ટી.પી. ૬૮(પુણા) ના ૪૫.૦૦ મીટરનાં રસ્તા પર આવેલ ખાડી પુલ પહોળો કરવા તથા ટી.પી.૩૮(નાના વરાછા) માં આવેલ ૧૨.૦૦ મીટર પહોળાઈનાં રસ્તા પર આવેલ લો લેવલ ખાડી બ્રીજની જગ્યાએ નવો બ્રીજ બનાવવા બાબત – રૂા.૨૦.૦૦ કરોડ

વર્ષ ૨૦૨૫ –૨૬ નાં નવા સુચિત બ્રીજો

ફલાય ઓવર બ્રીજ

- ઈસ્ટ ઝોન–એ (વરાછા) વિસ્તારમાં સુરત –કામરેજ રોડ ઉપર શ્યામધામ મંદીર જંકશન નજીક ફલાય ઓવર બ્રીજ – રૂા.૭૦.૦૦ કરોડ
- ઈસ્ટ ઝોન–એ (વરાછા) વિસ્તારમાં સુરત–કામરેજ રોડ ઉપર સરથાણા ફલાય ઓવર બ્રીજ ઉપર એન્ટ્રી એકઝીટ રેમ્પ – રૂા.૨૫.૦૦ કરોડ

વર્ષ ૨૦૨૫ –૨૬ નાં આઉટગ્રોથ વિસ્તારના સુચિત બ્રીજો

ફલાય ઓવર બ્રીજ

- ઈસ્ટ ઝોન–બી (સરથાણા) ના નવા સમાવિષ્ટ વિસ્તારમાં નેશનલ હાઈ–વે ૪૮ હજીરા સુધીના ૬૦.૦૦ મી. ના ડી.પી. રસ્તા પર રંગોલી ચોકડી જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજ – રૂા.૫૦.૦૦ કરોડ

કેનાલ / ખાડી બ્રીજ

- વેસ્ટ (રાંદેર) ઝોન વિસ્તારનાં નવા સમાવિષ્ટ વિસ્તારમાં નેશનલ હાઈ વે–૪૮ હજીરા સુધીના ૬૦.૦૦ મી. ના ડી.પી. રસ્તા પર ટી. પી. સ્કીમ નં.૪૬ (ગોથાણ–ભરથાણા–કોસાડ–વરીયાવ) માં અંજની ઈન્ડસ્ટ્રીસ પાસે કેનાલ કલવર્ટ/ બ્રીજ સ્ટ્રકચરને વાઈડનીંગ કરવાનું કામ. – રૂા.૧૫.૦૦ કરોડ
- વેસ્ટ (રાંદેર) ઝોન વિસ્તારની ફા. ટી.પી. સ્કીમ નં.૩૭ (વરીયાવ) ના ફા. પ્લોટ નં.૧૦૬ (રી–ક્રીએશનલ) અનામત પ્લોટને ૩૦.૦૦ મી. ના રસ્તા પર ખાડી બ્રીજ બનાવવાનું કામ. – રૂા.૧૫.૦૦ કરોડ

વર્ષ ૨૦૨૪–૨૦૨૫ નાં સુધારેલ અંદાજપત્રમાં અને વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના ડ્રાફટ અંદાજપત્રમાં ચાલુ અને નવા કામો પાછળ પૂરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

➢ ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ

સુરત શહેરના તથા દેશવિદેશના સહેલાણીઓ માટે અતિપ્રિય મનોરંજન અને આકર્ષિત તેમજ કુદરતનું એકદમ નજીકથી સાનિધ્ય અનુભવી શકાય તેવુ અતિ નયનરમ્ય પ્રાકૃતિક થીમ પાર્ક/ ઈકો ટુરીઝમ પાર્ક તૈયાર કરી તેનો બાળકો તેમજ વયસ્કો સુધીના તમામ વયના લોકો મનોરંજનનો લાભ લઈ શકે તે હેતુસર ડુમસ દરિયા કિનારાને અધતન પર્યટન સ્થળ તરીકે ઈકો ટુરીઝમ પાર્કનું આયોજન છે.

સદર પ્રોજેકટનો ફીઝીબીલીટી રીપોર્ટ, માસ્ટર પ્લાનીંગ તથા જુદા–જુદા ડી.પી.આર. તૈયાર કરવા સહિત અને ત્યાર બાદ ટ્રાન્ઝેકશન એડવાઈઝરી સર્વિસીસ સહિતની કન્સલ્ટન્ટસીનું કામ આઈ.એન.આઈ. ડિઝાઈન સ્ટુડિયો, અમદાવાદને સોંપવામાં આવેલ છે.

વધુમાં, સદર પ્રોજેકટના અલગ અલગ ઝોન પૈકી હાલ ઝોન–૧ ને કુલ ૨(બે) પેકેજમાં ડેવલપ કરવામાં આવનાર છે.જે પૈકી પેકેજ–૧ નું રૂા.૧૭૪.૨૨ કરોડ કામનું ટેન્ડર સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતીના ઠરાવ નં.૧૨૦૫/૨૦૨૩, તા.૦૩/૦૮/૨૦૨૩ તથા અત્રેના તા.૨૨/૧૨/૨૦૨૩ હેઠળના વર્કઓર્ડર થી ઈજારદારશ્રી એમ.પી.બાબરીયા–યુનિક કન્સ્ટ્રકશન, સુરત (જે.વી.) ને તથા પેકેજ–૨ નું રૂા.૮૩.૪૪ કરોડ કામનું ટેન્ડર સુરત મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ઠરાવ નં. ૬૪૮/૨૦૨૪, તા.૦૭/૦૩/૨૦૨૪ તથા અત્રેના તા.૧૧/૦૩/૨૦૨૪ થી ઈજારદારશ્રી એમ.પી.બાબરીયા, સુરત ને સોંપવામાં આવેલ છે. જે અન્વયે બંને કામગીરી સ્થળ પર પ્રગતિમાં છે તથા સદર પ્રોજેકટના પેકેજ–૧ માં PMC કન્સલટન્ટ તરીકે જયેશ એ. દલાલ, સુરતને અત્રેના તા.૨૩/૦૧/૨૦૨૪ થી કામ સોંપવામાં આવેલ છે.

વધુમાં, ફોરેસ્ટ વિભાગની હેઠળની જમીન નું ડેવલપમેન્ટનો ડી.પી.આર / ટેન્ડર તૈયાર કરવા માટેના કન્સલ્ટન્સીનો ખર્ચ સુરત મહાનગરપાલિકાએ કરવાનો રહેશે. જ્યારે વન વિભાગ ની જમીન પર પ્રોજેકટ વન વિભાગ ડેવલપ કરશે તથા તેનો કેપિટલ ખર્ચ તથા O&M નો ખર્ચ વન વિભાગ ધ્વારા કરવામાં આવશે. સદર ડેવલપ માટેના કન્સલટન્ટ ધ્વારા ટેન્ડરો તૈયાર કરી વન વિભાગને સુપ્રત કરવામાં આવેલ છે.

વધુમાં, ડુમસ દરિયા કિનારા ઉપર ઈકો–ટુરીઝમ પ્રોજેકટ ડેવલપ કરવાના કામે Nature Based Solutions (NbS) ને Support કરવા માટે Global Environment Facility (GEF) માંથી ગ્રાંટ મેળવવાની કામગીરી UrbanShift Country Project હેઠળ United Nations Environment Programme (UNEP) દ્વારા સુરતમાં અમલીકરણ એજન્સી તરીકે National Institute of Urban Affairs (NIUA) સંકલને પ્રગતિમાં છે. જેમાં NIUA ના જણાવ્યા મુજબ અંદાજીત રૂા.૧૩.૦૦ કરોડ મળનાર છે.

સદર ડુમસ દરિયા કિનારાની ડેવલપમેન્ટની કામગીરી માટે બજેટમાં પૂરતી જોગવાઈ કરવામાં આવેલ છે.

➢ યુ.સી.ડી.

(A) ન્યુ અર્બન પ્રોર્વટી એલિવેશન મિશન – New Urban Poverty Alleviation Mission

યુસીડી વિભાગ ધ્વારા દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન– (DAY-NULM) યોજનાના વિવિધ ઘટકોનું અમલીકરણ કરવામાં આવી રહયું છે. મિનીસ્ટ્રી ઓફ હાઉસીંગ અને અર્બન અફેર્સ મંત્રાલય ભારત સરકારશ્રી ધ્વારા શહેરી ગરીબી નાબુદી માટેનું નવુ પાયલોટ મિશન લોન્ચ કરવામાં આવેલ છે. સદર યોજના તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજથી સમગ્ર દેશમાંથી પસંદગી પામેલ કુલ–૨૫ શહેરોમાં પાયલોટ પ્રોજેકટ તરીકે શરૂ કરવામાં આવેલ છે. જેમાં સુરત શહેરનો સમાવેશ ઔદ્યોગિક શહેર તરીકે કરવામાં આવેલ છે. સદર પાયલોટ પ્રોજેકટના આધારે વર્ષ ૨૦૨૫–૨૬માં ન્યુ અર્બન પ્રોર્વટી એલિવેશન મિશન અમલમાં મુકવવામાં આવશે.

શહેરી ગરીબી નાબુદી માટેના નવા મિશન હેઠળ શહેરી ગરીબો અને નિયત કરવામાં આવેલ વલ્નરેબલ ઓકયુપેશન (૧) બાંધકામ વર્કર (૨) ટ્રાન્સપોર્ટ વર્કર (૩) ગીગ વર્કર (૪) ડોમેસ્ટિક વર્કર (૫) વેસ્ટ વર્કર (૬) કેર વર્કર કેટેગરીના લાભાર્થીઓના વ્યવસાયિક, સામાજિક અને રહેઠાણ અંગેના પડકરોને લક્ષ્યમાં રાખી યોજના અંતર્ગત વિવિધ ઘટકો મારફતે સર્વાગી વિકાસ થકી તેઓની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાનો મુખ્ય ધ્યેય છે.

(૧) Community Led Institution Development (CLID)

ઘટક હેઠળ લક્ષિત શહેરી ગરીબ પરિવારના સભ્યોને સાંકળી સ્વ–સહાય જુથ (SHG) અને તેના ફેડરેશનોની રચના તેમજ યોજના હેઠળ આવરી લીધેલ ૬ (છ) વલ્નરેબલ ઓકયુપેશન સાથે સાંકળાયેલ વ્યકિતઓને સમાવી કોમન ઈન્ટ્રેસ્ટ ગ્રુપ (CIG) ની રચના કરી તેઓને બચત ધિરાણ થકી બેંકો, તાલીમ, ખાનગી ક્ષેત્ર, બજાર અન્ય યોજનાઓ સાથે જોડાણ કરી આર્થિક રીતે પગભર થવા સારૂ સહાય પૂરી પાડવાની જોગવાઈ છે.

(૨) Financial Inclusion and Enterprise Development (FI&ED)

શહેરી ગરીબ પરિવાર તથા લક્ષિત જુથના ૬ (છ) વલ્નરેબલ ઓકયુપેશન સાથે સંકળાયેલ વ્યકિતઓને વ્યકિતગત તથા ગ્રુપ લોન અપાવવાની જોગવાઈ છે. તેમજ સ્વ સહાય જુથ (SHG) / કોમન ઈન્ટ્રેસ્ટ ગ્રુપ (CIG) ના સભ્યોને જુથની બચતને આધારે બેંક મારફતે લોન (બેંક લિંકેજ) અપાવવાની જોગવાઈ છે.

(૩) કર્ન્વજન્સ (Convergence)

શહેરી ગરીબ/વલ્નરેબલ ઓકયુપેશન જૂથોના લાભાર્થીઓનું ઓનલાઈન પોર્ટલ મારફતે પ્રોફાઈલિંગ કરી તેના આધારે પાત્રતા નકકી કરી લાભાર્થીઓ અને તેના પરીવારના સભ્યોનુ ૦૯ કેન્દ્રિય યોજનાઓ સાથે જોડાણ કરવાની કામગીરી કરવાની રહે છે. લાભાર્થીઓને વિવિધ યોજનાઓ સાથે જોડવા સિંગલ વિન્ડો સિસ્ટમ ઉભી કરવા "સુયોગ સેન્ટર" કાર્યરત કરવાનુ રહે છે.

(૪) સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર

મિશન હેઠળ વલ્નરેબલ ઓકયુપેશન જૂથોની વ્યવસાયિક નબળાઈઓને સંબોધવા માટે સામાજિક માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. મિશન હેઠળ શહેરી ઘરવિહોણા લોકો માટે આશ્રય સ્થાન, શહેરી આજીવિકા કેન્દ્રો, બાંધકામ શ્રમિકો માટે લેબર ચોક અને કેર ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહે છે.

(B) પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (Pradhan Mantri Street vender's Atmanirbhar Nidhi - PM SVNidhi Scheme)

શેરી ફેરિયાઓ શહેરી અનૌપચારિક અર્થતંત્રનું મહત્વનું અંગ છે. શેરી ફેરિયાઓ શહેરીજનોને વ્યાજબી કિંમતે વસ્તુઓ અને સેવાઓ પુરી પાડવાનું કામ કરે છે. શેરી ફેરિયાઓ એટલે શાકભાજી, ફળ, ખાણીપીણીની–ચાની લારીવાળા, કલાકારીગીરીની વસ્તુ, ધોબી, નાઈ, મોચીકામ તથા જીવનજરૂરી અન્ય વસ્તુઓ ફેરી ફરીને અથવા ફુટપાથ અથવા ખુલ્લી જગ્યામાં વેચાણ કરનાર તમામનો શેરી ફેરિયામાં સમાવેશ થાય છે. શેરી ફેરિયાઓને કાર્યકારી મૂડી માટે તાત્કાલિક લોન મળી રહે તે હેતુથી Ministry of Housing Urban Affairs (MoHUA) ધ્વારા Pradhan Mantri Street vender's Atmanirbhar Nidhi (PM SVNidhi) યોજના લાગુ કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત શેરી ફેરિયાઓને પ્રથમ તબકકામાં રૂા.૧૦,૦૦૦/– સુધીની કાર્યકારી મૂડી બેંક મારફતે આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રથમ તબકકામાં સફળતા પૂર્વક લોન ભરપાઈ કરનાર લાભાર્થીને બીજા તબકકામાં રૂા.૨૦,૦૦૦/– અને ત્રીજા તબકકામાં રૂા.૫૦,૦૦૦/– લોન મળવાપાત્ર છે. જેમાં સરકારશ્રી ધ્વારા લોનની નિયમિત ભરપાઈ પર ૭% (સાત ટકા) વ્યાજ સહાય લાભાર્થીના બેંકખાતામાં DBT મારફતે જમા કરવામાં આવશે. તદ્ઉપરાંત શેરી ફેરિયાઓ દ્વારા કરવામાં આવેલ નિર્ધારીત ડીજીટલ ટ્રાન્ઝેકશન પર માસિક રૂા.૧૦૦/–(સો) સુધી કેશબેક આપવામાં આવે છે. શેરી ફેરિયાઓ દ્વારા ડીજીટલ ટ્રાન્ઝેકશન કરવામાં આવે તે માટે ડીજીટલ પેમેન્ટ એગ્રેગેટર સાથે જોડી યુ.પી.આઈ. / કયુ. આર. કોડ અપાવવા તથા ડીજીટલ ટ્રાન્ઝેકશન અંગેની તાલીમ પણ આપવામાં આવે છે.

સ્વનિધિ સે સમૃધ્ધિ

પી.એમ. સ્વનિધિ (પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ) યોજના અંતર્ગત લાભ મેળવેલ લાભાર્થીઓનું "સ્વનિધિ સે સમૃધ્ધિ " કાર્યક્રમ અંતર્ગત સોશિયો–ઈકોનોમિક પ્રોફાઈલીંગ કરી લાભાર્થી તથા તેના પરિવાજનોને પાત્રતાના આધારે ભારત સરકારની ૮ યોજનાઓ સાથે જોડવામાં આવે છે.

➢ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ

વર્ષ ૨૦૨૪–૨૫ ના પ્રગતિ હેઠળના કામો

- સુરત શહેરના કલા વારસાના પ્રતિક સમા ગાંધી સ્મૃતિ ભવનના નવનિર્માણનું કામ. (૮૮૬ વ્યકિતની બેઠક ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, ગ્રીન બિલ્ડીંગ રેટીંગ સહિત)
- નોર્થ (કતારગામ) ઝોન વિસ્તારમાં વસવાટ કરતી જાહેર જનતાની સુવિધા અર્થે ટી.પી.૩૫ (કતારગામ), એફ. પી.૧૩૦ ખાતે ૮૮૪ વ્યકિતઓની બેઠક ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ બનાવવાનું કામ.
- સુરત શહેર વિસ્તારમાં મહિલાઓની સુવિધાર્થે વિવિધ સ્થળોએ કુલ ૪ (ચાર) જેટલા SHE Block બનાવવાનું કામ.

વર્ષ ૨૦૨૫–૨૬ ના આયોજન હેઠળના કામો

- વેસ્ટ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી ૪૪ (જહાંગીરાબાદ) ફા. પ્લોટ નં. ૧૧ ખાતે અદ્યતન તરણકુંડ બનાવવાનું કામ.
- સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ટી.પી ૬૧ (પરવટ – ગોડાદરા) ફા. પ્લોટ નં. ૨૫૩ ખાતે અદ્યતન તરણકુંડ બનાવવાનું કામ.
- ન્યુ ઈસ્ટ ઝોન (સરથાણા) વિસ્તારમાં ટી.પી ૮૫ (સરથાણા – લસકાણા – પાસોદરા) ફા. પ્લોટ નં. ૧૩૨ ખાતે અદ્યતન તરણકુંડ બનાવવાનું કામ.
- ન્યુ ઈસ્ટ ઝોન (સરથાણા) વિસ્તારમાં ટી.પી ૮૫ (સરથાણા – લસકાણા – પાસોદરા) ખાતે અદ્યતન ઓડીટોરીયમ બનાવવાનું કામ.
- સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ખાતે અદ્યતન ઓડીટોરીયમ બનાવવાનું કામ.
- સરકારશ્રીની DAY-NULM યોજના હેઠળની ગ્રાંટમાંથી સુરત શહેરમાં કામ કરવા આવતા કામદારોને કામચલાઉ રહેઠાણ તેમજ સ્કીલ ડેવલપમેન્ટ માટે 'શેલ્ટર ફોર અર્બન હોમલેસ' બનાવવાનું કામ.
- સરકારશ્રીની DAY-NULM યોજના હેઠળની ગ્રાંટમાંથી SUSV-Support to Urban Street Vendors ઘટક હેઠળ આજીવીકા રક્ષણ માટે પ્રાથમિક સુવિધા પૂરી પાડવા તથા શહેરી ફેરિયાઓ માટે પ્રાથમિક સુવિધાઓ સહિત 'વેન્ડીંગ માર્કેટ' બનાવવાનું કામ.

પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલને લાગત સ્મીમેર મેડીકલ કોલેજ તથા હોસ્પિટલના કામો
સને ૨૦૨૪ – ૨૫ માં પુર્ણ થયેલ કામો

- સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે G+16 માળની, કુલ ૧૯૨ સ્ટુડીયો એપાર્ટમેન્ટ રૂમ્સ ધરાવતી પી.જી હોસ્ટેલ બનાવવાનું કામ (એટેચ ટોયલેટ, પેન્ટ્રી, બેડ તથા સ્ટડી ટેબલ સહિત).
- સ્મીમેર કેમ્પસ ખાતે કોલેજના B Block ના પ્રથમ માળ પર આવેલી હયાત વાઈરોલોજી લેબના અપગ્રેડેશનનું કામ.
- સ્મીમેર લાયબ્રેરી ખાતે ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે હેતુસર ૨૪ × ૭ કાર્યરત રહી શકે તેવા એર કન્ડીશન્ડ રીડીંગ રૂમ બનાવવાનું કામ.

સને ૨૦૨૪ – ૨૫માં પ્રગતિ હેઠળના કામો

- સ્મીમેર હોસ્પીટલના G-H બ્લોકમાં ફલોર એકસટેન્શન (સર્જરી વિભાગ માટે ૦૪ ઓ.ટી + ૦૧ સેપ્ટીક ઓ.ટી તથા ઓથ્રેલ્મોલોજી વિભાગ માટે ૦૧ ઓ.ટી તથા ૦૧ સેપ્ટીક ઓ.ટી થઈને કુલ ૦૭ ઓપરેશન થીયેટર્સ, આઈ.સી.યુ, પ્રી અને પોસ્ટ ઓ.ટી એરીયા, પેશન્ટ રીકવરી રૂમ વિગેરે) તથા કોલેજના A-B બ્લોકમાં એકસપાન્શનનું કામ.
- નેશનલ મેડીકલ કાઉન્સીલની ગાઈડલાઈન્સ મુજબ સ્મીમેર હોસ્પિટલ અને કોલેજ એક્ષપાન્સના ભાગરૂપે મંજુર કરવામાં આવેલા સ્મીમેર હોસ્પીટલ કેમ્પસના માસ્ટર પ્લાન મુજબ નવો ED-1 Block (અંદાજે ૬૦૦ બેડની હોસ્પીટલ, ઓપરેશન થીયેટર્સ, ઈમરજન્સી તથા કેઝયુઆલીટી, આઈ.સી.યુ વિગેરે) તથા નવો ED-2 Block (સાઈકાઈટ્રી, જનરલ મેડીસીન, RNTCP, ન્યુરોલોજી, નેફ્રોલોજી, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, ઈન્ટરવેશનલ રેડીયોલોજી ઓ.પી.ડી, બચત સેન્ટર, ડિપાર્ટમેન્ટ ઓફીસીસ – ટીચીંગ રૂમ્સ, લેકચર થીયેટર્સ, ગ્રૂપ ટીચીંગ રૂમ્સ, જીનોમ સીકવન્સીંગ લેબ, કાઉન્સીલ હોલ વિગેરે) બનાવવાનું કામ.
- સ્મીમેર કેમ્પસ ખાતે હોસ્પીટલના સાતમા માળે આવેલા હયાત બર્ન્સ વોર્ડના અપગ્રેડેશનનું કામ.

સને ૨૦૨૫ – ૨૬માં આયોજન હેઠળના કામો

- સ્મીમેર ખાતે હોસ્પીટલના G બ્લોકના ગ્રાઉન્ડ ફલોર પર આવેલા સેન્ટ્રલ કિચનના અપગ્રેડેશનનું કામ.
- સ્મીમેર હોસ્પીટલ ખાતે વિવિધ બ્લોકના અલગ–અલગ માળ પર આવેલા ટોયલેટ બ્લોકના રીનોવેશનનું કામ.
- સ્મીમેર કોલેજ ખાતે વિવિધ બ્લોકના અલગ–અલગ માળ પર આવેલા ટોયલેટ બ્લોકના રીનોવેશનનું કામ.
- સ્મીમેર કોલેજ ખાતે વિવિધ બ્લોકસમાં આવેલા લેકચર થીયેટર્સમાં એકોસ્ટીક સિસ્ટમ અપગ્રેડ કરવાનું કામ.
- સ્મીમેર ખાતે પબ્લીક એડ્રેસ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનું કામ.
- સ્મીમેર કાઉન્સીલ હોલ ખાતે નવી કોન્ફરન્સ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનું કામ.
- સ્મીમેર હોસ્પીટલ તથા કોલેજના વિવિધ બ્લોકસમાં સોલાર હીટર ઈન્સ્ટોલ કરવાનું કામ.
- સ્મીમેર કેમ્પસની હયાત ઈલેકટ્રીકલ પેનલ્સને અપગ્રેડ કરવાનું કામ.

➢ સ્મીમેર મેડિકલ કોલેજ–હોસ્પિટલ

- સુરત શહેરમાં ટી.પી. સ્કીમ નં.૮ ફાયનલ પ્લોટ નં.૬૪ અને ૩૦ પૈકી ઉમરવાડા વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વભંડોળમાંથી સને ૨૦૦૦ માં નિર્મિત અને સંચાલિત સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર) ના નેજા હેઠળ સ્નાતક કોર્ષની કુલ ૨૫૦ બેઠકો અને અનુસ્નાતક કોર્ષની ૧૭૧ બેઠકો મળી કુલ ૪૨૧ બેઠકોની એન.એમ.સી. માન્યતા પ્રાપ્ત મેડીકલ કોલેજ સાથે ૧૨૦૦ ટીચીંગ બેડની ક્ષમતા ધરાવતી અદ્યતન હોસ્પિટલ કાર્યરત છે.
- માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા, એમ.આર.યુ.માં ICMR- DHR ની ગાઈડલાઈન મુજબ કોવીડ–૧૯ ટેસ્ટીંગ લેબ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ અન્ય ફેરફાર સહિતની "બાયોસેફટી લેવલ–૨" લેબ યુધ્ધના ધોરણે ઉભી કરવામાં આવેલ. આ લેબ માટે, માઈક્રોબાયોલોજી વિભાગને ICMR- DHR દ્વારા તા.૧૭ એપ્રિલ ૨૦૨૦ ના રોજ કાર્યરત કરવા મંજુરી મળેલ છે. જે સુરત મહાનગરપાલિકા માટે નોંધપાત્ર સિધ્ધી છે.
- કેન્દ્ર સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ "જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ" અંતર્ગત રાજય સરકાર/ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્મીમેર હોસ્પિટલને નિયત કરવામાં આવેલ છે. તા.૦૧/૦૪/૨૦૧૩ થી તમામ સગર્ભા મહિલાઓને ડીલીવરી પહેલા તથા પછીના ૪૨ દિવસ સુધીની તમામ સારવાર તથા પરીક્ષણનો ખર્ચ વિગેરે વિના મૂલ્યે પુરૂ પાડવામાં આવે છે જેમાં પ્રસૂતાને વિના મૂલ્યે સારવાર ઉપરાંત ડાયેટ, દવા, બ્લડ વિગેરે વિના મૂલ્યે પુરૂ પાડવામાં આવે છે. એપ્રિલ–૨૦૧૩ થી ડિસેમ્બર–૨૦૨૪ સુધી આ યોજના હેઠળના લાભાર્થીઓની વિગત નીચેના કોષ્ટકથી સામેલ છે.

Work Done under JSSK at SMIMER from Apr-2013 to Dec-2024				
Sr. No.	Particulars	Mothers	Babies	Total
1.	OPD	473098	155526	628624
2.	ADMISSIONS	127932	29300	157232
3.	DIAGNOSTICS (LAB & RADIOLOGY)	127932	29300	157232
4.	BLOOD TRANSFUSED	3963	8591	12554
5.	BLOOD UNITS CONSUMED	18539	9671	28210
6.	DIET	127932	-	127932

- કેન્દ્ર સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માર્ચ ૨૦૧૯ થી અમલમાં આવેલ છે આ યોજના હેઠળ જુન–૨૦૨૧ સુધી કુલ ૧૨૭ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે જે પૈકી ૪૩ ડાયાલીસીસ સાઈકલ ૭૧ દર્દીઓને સર્જરી અને ૧૬ દર્દીઓને અન્ય સારવાર આપવામાં આવેલ છે. તે જ રીતે રાજય સરકારીના "મુખ્યમંત્રી અમૃતમ યોજના (માં) " હેઠળ જાન્યુઆરી ૨૦૧૫ થી જુન–૨૦૨૧ સુધી કુલ ૫૫૪૯ ડાયાલીસીસ સાઈકલ, ૨૦૪ દર્દીઓને સર્જરી તેમજ ૩૧ દર્દીઓને અન્ય સારવાર આપવામાં આવેલ છે. જુલાઈ–૨૦૨૧ થી આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ યોજના (માં) ના લાભ એક જ સોફ્ટવર (HBP2.0) અંતર્ગત આપવામાં આવતા હોય, જેના સંયુકત લાભાર્થી દર્દીઓની સંખ્યા ડિસેમ્બર–૨૦૨૪ સુધી ૫૮૬૩ છે જે પૈકી ૧૬૫૯ ડાયાલીસીસ સાઈકલ, ૧૫૯૭ દર્દીઓને સર્જરી અને ૨૬૦૭ દર્દીઓને અન્ય સારવાર આપવામાં આવેલ છે.
- સ્મીમેર ખાતે આવેલ લેકચર હોલોને ઈ–કલાસીસ તરીકે અપગ્રેડ કરવાની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાયેલ છે.
- સ્મીમેર ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કાર્યદક્ષતામાં વધારો કરવા માટે સ્કીલ લેબ તૈયાર કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.
- દર્દીઓની સારવાર,પરીક્ષણ તેમજ શસ્ત્રક્રિયાની ગુણવતામાં વધારો કરવા માટે તેમજ સ્ટાફની કાર્યદક્ષતા વધારવા ઉપરાંત વિદ્યાર્થીઓના અભ્યાસ સંદર્ભે સ્મીમેર હોસ્પિટલ ખાતે જુદા જુદા સાધનો ખરીદવામાં આવ્યા છે.

સ્વચ્છતમ થી સ્વસ્થતમ સુરત

- **રોબોટિકસ સર્જરી :** સ્મીમેર હોસ્પિટલ ખાતે ૧૦ કરોડનાં ખર્ચે રોબોટિકસ મશીન દ્વારા સર્જરી કરવાનું આયોજન જેના થકી વધુ ચોકસાઈ, ઓછા ઘા, ઓછા રકતસ્ત્રાવ અને ઓછા જોખમ સાથે સર્જરી કરી શકાશે તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓને પણ એડવાન્સ ટેકનોલોજીનાં ઉપયોગમાં લાભ મળશે.
- AR & VR આધારિત મેડીકલ એજયુકેશન : સ્મીમેર હોસ્પિટલ ખાતે ગુજરાતમાં સૌ પ્રથમ ઘમ ઈમેજિંગ અને ઈન્ટરેકટીવ સિમ્યુલેશન અને ઓગ્મેન્ટેડ રીયાલીટી (AR) અને વર્ચ્યુઅલ રીયાલીટી (VR) આધારિત વર્ચ્યુઅલ

ડીસેકટર રૂ. ૨.૫૦ ના કરોડના ખર્ચે ખરીદી સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થિઓ તથ વ્યવસાયિકોને ઈન્ટરેકટીવ લર્નિંગ એન્વાયરોમેન્ટ ઉપલબ્ધ કરાવવાનું આયોજન.

- બોન બેન્ક અને ટીશયુ બેંક : સ્મીમેર હોસ્પિટલ ખાતે દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમ વાર બોન બેન્ક અને ટીશ્યુ બેંક બનાવવા માટેનું આયોજન, જેનાથી જુદા જુદા ઓપરેશન દરમ્યાન જરૂરીયાત મુજબ સંગ્રહ કરેલા ટીશ્યુઓનો ઉપયોગ થઈ શકશે.
- આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ બેઈઝડ ડાયગ્નોસ્ટિક ટુલની મદદથી ટી.બી. ના દર્દીઓનું સચોટ નિદાન થઈ શકે તે માટે નિષ્ણાંત સંસ્થા સાથે MOU કરી પ્રોજેકટ શરૂ કરવામાં આવનાર છે.
  સ્મીમેર હોસ્પિટલ ખાતે Continuous Renal Replacement Therapy Equipment થકી ICU ખુબ જ ક્રિટીકલ દર્દીઓ કે જેઓ રેગ્યુલર હિમોડાયાલીસીસ ટોલરેટ નથી કરી શકતા એવા દર્દીઓને સારવારમાં ખુબ જ ઉપયોગી થશે.
- National Accreditation Board for Testing and Calibration Laboratories(NABL) : સ્મીમેર હોસ્પીટલના લેબોરેટરી વિભાગના NABL સર્ટિફિકેશન મેળવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે, જે થકી ગુણવત્તાસભર સેવાઓ સુનિશ્ચત કરવામાં આવશે. National Institutional Ranking Framework(NIRF) થકી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સંસ્થા/યુનિવર્સીટી પસંદગીમાં મદદરૂપ થશે.
- NABH (National Accreditation Board for Hospitals) : સ્મીમેર હોસ્પીટલ માટે NABH સર્ટીફીકેશન માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવશે, જે થકી હોસ્પીટલમાં દર્દીઓની ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળશે, ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો થશે તેમજ સ્મીમેર હોસ્પીટલ ખાતેથી નેશનલ માપદંડ મુજબની સેવાઓ શહેરીજનોને પ્રાપ્ત થશે.
- **સ્ટ્રેસ મેનેજમેન્ટ** :– વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટસ અને રિક્રીએશનલ સંબંધિત પ્રવૃતિ થાય અને તણાવ મુકત અભ્યાસ કરી શકે તે માટેનું આયોજન.
- **મ્યુઝિક લેબ** :– વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભાને પ્રોત્સાહન મળી રહે તે માટે હકચ હેઠળ મ્યુઝિક લેબ બનાવવાનું આયોજન.

➢ ડિપાર્ટમેન્ટ ઓફ એફોર્ડેબલ હાઉસીંગ

દેશના ઝડપભેર વિકાસ પામી રહેલ શહેરોની યાદીમાં સુરત શહેર મોખરાનું સ્થાન ધરાવે છે. આ શહેરના વિકાસમાં અગત્યનો ફાળો આપનાર શહેરી ગરીબોના જીવનધોરણને ઊંચુ લાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા સતત /અવિરત કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણની કાર્યવાહી કરવામાં આવે છે તથા સરકારી યોજનાઓનો મહત્તમ લાભ ગરીબ, મધ્યમ તથા સામાન્ય મજુર વર્ગોને મળે તે અંગેના પગલાં ભરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબોને સંપૂર્ણ આંતરિક તથા બાહય સુવિધાયુકત આવાસો બનાવી ફાળવવા અંગે ભૂતકાળમાં વિવિધ સરકારી યોજનાઓ હેઠળ ૮૨૩૩૯ આવાસોનું રૂા.૧૬૬૯.૬૦ કરોડના ખર્ચે નિમાર્ણ કરી સોંપણી કરવામાં આવેલ છે. જેના થકી સને ૨૦૦૧ માં સ્લમ પોપ્યુલેશન જે ૨૦% ઉપરાંતની હતી તે સને ૨૦૨૧ સુધીમાં ૫.૯૯% સુધી નીચે લાવી શકાયેલ છે, અને ત્યાર પછી પણ બીજી યોજનાઓ અંતર્ગત આવાસો બનાવવામાં આવી રહેલ હોય, જેથી ઉકત દર પણ નીચે લાવી શકવાના પ્રયાસો ચાલુ છે.

માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા સને–૨૦૧૫ માં દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થાય ત્યારે એટલે કે સને–૨૦૨૨ સુધી દેશમાં સૌને પોતાનું ઘરનું સ્વપ્ન સાકાર થાય તેવી પરિકલ્પના કરવામાં આવેલ. તે હેતુને સિધ્ધ કરવા માટે કેન્દ્ર સરકારશ્રી ધ્વારા વર્ષ – ૨૦૧૫ માં પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવેલ. આ યોજના હેઠળ AHP (એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ) ઘટકમાં પ્રતિ આવાસ દીઠ રાજય સરકારશ્રી તેમજ કેન્દ્ર સરકારશ્રી દ્વારા રૂા.૧.૫૦ લાખ અને રૂા.૧.૫૦ લાખ સહાય આપવાનું નિર્ધારીત કરેલ. આ યોજનાના વિવિધ ઘટકો પૈકી AHP (એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ) ઘટક હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ નાણાકીય વર્ષોમાં ૨૯૮૭૬ આવાસોના બાંધકામ અંગેના DPR મંજુર કરાવવામાં આવેલ. તે પૈકી ૨૮૪૯૬ EWS-I/II કેટેગરીના આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને ૧૩૮૦ આવાસોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેની વિગતવાર માહિતી નીચે પરિશિષ્ટ મુજબ છે.

પરિશિષ્ટ

અ. નં.	DPR/ રીવાઈઝડઆવાસો	કેટેગરી	મંજુરીનું વર્ષ	લોકેશન	પ્રોજેકટ રકમ રૂા. કરોડમાં	પૂર્ણ થયેલ આવાસો	પ્રગતિ હેઠળના આવાસો	ડ્રો થયેલ આવાસો
૧.	૨૨૯૬	EWS	૨૦૧૫–૧૬	૦૭	૧૪૨.૩૩	૨૨૯૬	–	૨૨૯૬
૨.	૫૦૧૬	EWS-I/II	૨૦૧૫–૧૬	૧૨	૩૦૯.૧૫	૫૦૧૬	–	૫૦૧૬
૩.	૩૦૯૪	EWS-I/II	૨૦૧૬–૧૭	૦૭	૧૯૪.૮૬	૩૦૯૪	–	૩૦૯૪
૪.	૫૨૯૩	EWS-II	૨૦૧૭–૧૮	૧૦	૩૭૭.૨૧	૫૨૯૩	–	૫૨૯૩
૫.	૫૫૧૪	EWS-II	૨૦૧૮–૧૯	૦૬	૩૯૭.૧૩	૫૫૧૪	–	૫૫૧૪
૬.	૩૮૬૫	EWS-II	૨૦૧૮–૧૯	૦૬	૨૭૯.૮૦	૩૮૬૫	–	૨૯૩૭
૭.	૬૬૮	EWS-II	૨૦૧૯–૨૦	૦૨	૪૯.૧૩	૬૬૮	–	૩૯૫
૮.	૧૪૦૨	EWS-II	૨૦૧૯–૨૦	૦૩	૧૦૨.૯૪	૧૪૦૨	–	૧૩૨૧
૯.	૨૭૨૮	EWS-II	૨૦૨૦–૨૧	૦૪	૨૩૪.૬૦	૧૩૪૮	૧૩૮૦	–
કુલ	૨૯૮૭૬			૫૭	૨૦૮૭.૧૫	૨૮૪૯૬	૧૩૮૦	૨૫૮૬૬

સરકારશ્રી દ્વારા આપવામાં આવતા લક્ષ્યાંક મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના–AHP (એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ) અંતર્ગત સમયાંતરે EWS-II પ્રકારના આવાસો જેમ જેમ રીઝર્વેશન હેઠળની જમીન ઉપલબ્ધ થતી જાય, તેમ તેમ DPR બનાવી મંજુરી અર્થે રજુ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત વિવિધ હાલ ૧૩ સાઈટો ઉપર કુલ ૭૯૧૧ આવાસોના DPR સરકારશ્રીમાં રજુ કરેલ. જે તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ SLSMC માં પેન્ડીંગ રાખવામાં આવેલ છે.

સને ૨૦૨૪–૨૫ ની સિધ્ધિઓ

- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરના જુદા જુદા ૪ સ્થળોએ વિવિધ DPR હેઠળ મંજુર થયેલ આવાસો પૈકી ચાલુ બજેટ વર્ષ દરમ્યાન ૨૦૯૨ આવાસોના કામો પૂર્ણ / લોકાર્પણ કરાવવામાં આવેલ છે. હાલના તબકકે ૧૩૮૦ આવાસો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ટેનામેન્ટ રીડેવલપમેન્ટ પોલીસી અંતર્ગત ડુંભાલ ટેનામેન્ટના ૮૯૬ આવાસોનું બાંધકામ પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે.
- અલથાણ ટેનામેન્ટના PHC ઘટક હેઠળના ૮૪૮ આવાસો પૈકી ૭૮૪ આવાસોના કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરી લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જયારે ૬૪ સ્ટાફ કવાર્ટસનો કબ્જો મેળવવા સંબંધિત વિભાગને જણાવવામાં આવેલ છે.
- અલથાણ ટેનામેન્ટના બાકી રહેલ આવાસો, આંજણા ટેનામેન્ટ અને ગોતાલાવાડી ટેનામેન્ટના AHC ઘટક હેઠળના રીડેવલપમેન્ટના કામો સ્થળ પર પ્રગતિ હેઠળ છે તેમજ સદર રીડેવલપમેન્ટના કારણે સુરત મહાનગરપાલિકાને ૧૨૦૪ આવાસો વિનામુલ્યે મળી રહેશે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના BLC ઘટક હેઠળ ૧૩૯૩ લાભાર્થીઓના DPR મંજુર કરી બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે પૈકીના ૧૧૨૫ મકાનો પૂર્ણ કરવામાં આવેલ અને ૧૦૭ આવાસો પ્રગતિ હેઠળ છે.

➢ એફોર્ડેબલ હાઉસીંગ સેલ

- મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા એલ.આઈ.જી. સ્કીમમાં ૮૭૨૧ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમમાં ૨૨૯૬ આવાસો મળી કુલ ૧૧૦૧૭ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે જે પુરેપુરા આવાસ લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે. આવાસની પ્રોજેકટ કોસ્ટ રૂા.૭૭૩.૪૫ કરોડ છે. જેની સામે રૂા.૭૭૨.૫૭ કરોડ ડિપોઝીટ સાથેની વસુલાત કરવામાં આવેલ છે. મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા નિર્મિત એલ.આઈ.જી. સ્કીમની કુલ ૩૦ સાઈટોના ૮૭૨૧ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમની કુલ ૭ સાઈટોના ૨૨૯૬ આવાસો મળી કુલ ૧૧૦૧૭ પૂરેપૂરા આવાસોનું લોકાર્પણ થઈ ગયેલ છે. જે પૈકી એલ.આઈ.જી. સ્કીમના ૮૭૧૦ તથા ઈ.ડબલ્યુ.એસ. સ્કીમના ૨૨૯૦ મળી કુલ ૧૧૦૦૦ લાભાર્થીઓના

"કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવવામાં આવેલ છે, જે પૈકી ૧૧૦૦૦ લાભાર્થીઓને આવાસનો કબજો સોંપવામાં આવેલ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ.ડબલ્યુ.એસ–૧ ટાઈપ સ્કીમમાં ૩૧૧૮ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ –૨ ટાઈપ સ્કીમમાં ૪૯૯૨ મળી કુલ ૮૧૧૦ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે જે પુરેપુરા આવાસ લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે. આવાસની પ્રોજેકટ કોસ્ટ રૂા.૪૦૨.૪૧ કરોડ છે. જેની સામે રૂા.૪૦૧.૮૧ કરોડ ડિપોઝીટ સાથેની વસુલાત કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત ઈ.ડબલ્યુ.એસ–૧ ટાઈપ સ્કીમની સ્કીમ કોડ નં.૦૮,૧૨,૧૬,૧૯, ૨૦ અને ૨૧ ના ૩૧૧૮ આવાસો તથા ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમની સ્કીમ કોડ નં. ૦૯,૧૦,૧૧,૧૩,૧૪,૧૫,૧૭,૧૮, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫ ના ૪૯૯૨ આવાસો મળી કુલ–૮૧૧૦ આવાસોનું લોકાર્પણ થઈ ગયેલ છે. જે પૈકી ઈ.ડબલ્યુ.એસ–૧ ટાઈપ સ્કીમના ૩૧૦૬ તથા ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમના ૪૯૮૮ મળી કુલ–૮૦૯૪ લાભાર્થીઓના "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવવામાં આવેલ છે. જે પૈકી ૮૦૯૪ લાભાર્થીઓને આવાસનો કબજો સોંપવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ.ડબલ્યુ.એસ – ૨ ટાઈપ સ્કીમમાં ૫૨૯૩ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે જેમાંથી ૫૨૯૩ આવાસ લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે. આવાસની પ્રોજેકટ કોસ્ટ રૂા.૩૧૭.૫૮ કરોડ છે. જેની સામે રૂા.૩૧૫.૨૧ કરોડ ડિપોઝીટ સાથેની વસુલાત કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમની સ્કીમ કોડ નં. ૨૬,૨૭,૨૮,૨૯,૩૨,૩૩,૩૪,૩૫,૩૬ અને ૩૧ ના ૫૨૯૩ આવાસો પૈકી ૫૨૪૫ લાભાર્થીઓના "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવવામાં આવેલ છે. જે પૈકી ૫૨૪૫ લાભાર્થીઓને આવાસનો કબજો સોંપવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩, ૪ અને ૫) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમમાં ૮૬૧૫ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાંથી ૮૩૪૨ આવાસ સ્કીમ કોડ નં.૫૧ ના કુલ–૩૩૬ આવાસો પૈકી ૬૩ આવાસોનો કોમ્પ્યુટાઈઝ ડ્રો કરી ફાળવણી કરવામાં આવેલ છે તથા ૨૭૩ આવાસો સ્થાયી સમિતિ ઠરાવ નં. ૩૯૧/૨૦૨૩ તા.૧૦/૦૩/૨૦૨૩ મુજબ લિંબાયત ઝોનનાં ડીમોલીશનના અસરગ્રસ્તોને ફાળવવા ઠરાવેલ છે, આવાસની પ્રોજેકટ કોસ્ટ રૂા.૫૧૬.૯૦ કરોડ છે. જેની સામે રૂા.૪૨૬.૪૩ કરોડ ડિપોઝીટ સાથેની વસુલાત કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩,૪ અને ૫) અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમના સ્કીમ કોડ નં. ૩૭(P૧),૩૭(P૨),૩૮,૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૨ અને ૫૧ ના ૮૩૪૨ આવાસો પૈકી ૬૯૬૦ લાભાર્થીઓના "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવવામાં આવેલ છે. જે પૈકી ૬૯૪૪ લાભાર્થીઓને આવાસનો કબજો સોંપવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૬) અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમના સ્કીમ કોડ નં. ૪૦, ૫૩, ૫૫, ૫૪ ના ૧૯૦૬ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાંથી ૧૮૨૫ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. સ્કીમ કોડ નં.૫૪ ના કુલ ૪૦૮ આવાસો પૈકી ૩૨૭ આવાસોનો કોમ્પ્યુટાઈઝ ડ્રો કરી ફાળવણી કરવામાં આવેલ છે જેમાંથી ૧૪૩ આવાસો કતારગામઝોનના પટેલવાડી ઝૂંપડપટીના અસરગ્રસ્તોને ફાળવવાનું નકકી થયેલ છે તે પૈકી ૬૨ આવાસો લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે અને બાકી રહેલા ૮૧ આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવશે. આવાસની પ્રોજેકટ કોસ્ટ રૂા.૧૧૪.૩૬ કરોડ છે. જેની સામે રૂા ૭૧.૦૯ કરોડ ડિપોઝીટ સાથેની વસુલાત કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૬) અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમના સ્કીમ કોડ નં. ૪૦, ૫૩ ,૫૫ અને ૫૪ ના ૧૮૨૫ આવાસો પૈકી ૯૨૪ લાભાર્થીઓના "કન્વેયન્સ ડીડ" (દસ્તાવેજ) બનાવવામાં આવેલ છે. જે પૈકી ૮૯૩ લાભાર્થીઓને આવાસનો કબજો સોંપવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩, ૪ અને ૫) અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમના સ્કીમ કોડ નં.૪૪ ના ૯૨૮ આવાસો, (ફેઝ–૭) અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમ કોડ નં.૫૬ નાં ૫૪૦ અવાસો અને (ફેઝ–૧૦) અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમ કોડ નં.૫૯ નાં ૮૦૮ અવાસોની અરજી ફોર્મની ચકાસણી કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે જેનો કોમ્પ્યુટરાઈઝ ડ્રો સંભવિત માહે –ડિસેમ્બર ૨૦૨૪માં કરવાનું આયોજન છે જે સાથે વધુમાં મુખ્યમંત્રી ગૃહ યોજનાના એલ.આઈ.જી. સ્કીમના ૭ તથા ઈ.ડબલ્યુ.એસ સ્કિમ ના ૫, પ્રધાનમંત્રી આવાસ યોજના ઈ.ડબલ્યુ.એસ–૧ ટાઈપ સ્કીમના ૧૧ તથા ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમના ૩, પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૨) સ્કીમના ૨૬, પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩, ૪ અને ૫) અંતર્ગત સ્કીમ ના ૩૪૧ અને પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૬) સ્કીમના ૨૭ આવાસો મળી કુલ ૪૨૦ આવાસોનો વેઈટીંગ

લીસ્ટમાંથી કેટેગરી વાઈઝ ક્રમાનુંસાર કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરી નજીકના ભવિષ્ય માં કામગીરી હાથ ધરવામાં આવશે. તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના (ફેઝ–૩, ૪ અને ૫) અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ–૨ ટાઈપ સ્કીમ કોડ નં.૫૧ ના ૨૭૩ આવાસો સ્થાયી સમિતિ ઠરાવ નં. ૩૯૧/૨૦૨૩, તા.૧૦/૦૩/૨૦૨૩ મુજબ લિંબાયત ઝોન તરફથી ડીમોલીશનનાં અસરગ્રસ્તોના અરજીફોર્મ આવ્યેથી ફાળવણી કરવામાં આવશે.

➢ અર્બન હેલ્થ કેર

(૧) મોડેલ ઈમ્યુનાઈઝેશન સેન્ટર

પાલ, બમરોલી,કોસાડ, પૂણા, વેસુ, કતારગામ, ભાઠેના, મગોબમાં મોડેલ ઈમ્યુનાઈઝેશન સેન્ટર સવારે ૮ થી સાંજે ૮ વાગ્યા સુધી દરરોજ (જાહેર રજાના દિવસો સિવાય) ૦ થી ૫ વર્ષના બાળકો તેમજ સગર્ભા માતાઓના રસીકરણ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ થી કાર્યરત છે. જેમાં આજ દિન સુધી ૨૮,૩૪૧ બાળકો અને ૫,૦૩૭ સગર્ભાનું રસીકરણ કરવામાં આવેલ છે.

(૨) ડાયાલીસીસ સેન્ટર

મસ્કતી હોસ્પિટલ ખાતે ૪(ચાર) ડાયાલીસીસ મશીન, પાલ ખાતે ૨(બે) ડાયાલીસીસ મશીન, બમરોલી ખાતે ૨(બે) ડાયાલીસીસ મશીન અને ટેક્નીસીયન સાથે ડાયાલીસીસ સેન્ટર કાર્યરત કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં પાલ ખાતે ૭૨ અને બમરોલી ખાતે ૨૦ ડાયાલીસીસ થયેલ છે.

(૩) ૫૦ બેડ હોસ્પિટલ

- કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર અને પૂણા સામૂહિક આરોગ્ય કેન્દ્રના અપગ્રેડ અને ઈન્ફાસ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થયેલ છે. ટૂંક સમયમાં ૫૦ બેડ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવામાં આવશે.
- સાઉથ વેસ્ટ ઝોન માં ટી.પી. સ્કીમ નં.૪ (રૂંઢ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૬૭ માં ૫૦ બેડની હોસ્પિટલ અને સાઉથ ઝોન –બી માં ટી.પી.સ્કીમ નં.૫૯ (પારડી – સચિન – કનસાડ), ફા.પ્લોટ નં. ૧૯૬ માં ૫૦ બેડની હોસ્પિટલ બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- ૫૦ બેડ હોસ્પિટલ ખાતે ફીઝીયોથેરાપી અને ડેન્ટલ સેવાઓને ફૂલ ટાઈમ ઉપલબ્ધ કરાવવાનું કામ પ્રગતિ હેઠળ છે.
- ઈસ્ટ ઝોન–બી માં ૧, ઈસ્ટ ઝોન–એ માં ૧ માં નવી ૫૦ બેડ હોસ્પિટલ બનવાનું આયોજન કરવામાં આવેલ છે.
- સુરત મહાનગરપાલિકા સંચાલિત પાલ,બમરોલી, ભાથેના, કતારગામમાં ૫૦ બેડની હોસ્પિટલ ખાતે ૪૦ લાખના ખર્ચે બાયોકેમેસ્ટ્રી એનાલાઈઝર દ્વારા હોસ્પિટલ ખાતે દાખલ દર્દીઓ માટે સુગર અંગેના ટેસ્ટ, કિડની ફંક્શન અંગેના ટેસ્ટ, લીવર ફંક્શન અંગેના ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ થશે.
- વડીલ વય યોજના હેઠળના ૭૦ વર્ષ વધુ ઉંમર ધરાવતા તમામ વડીલો માટે૫૦ બેડની હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ તમામ લેબોરેટરી ટેસ્ટ વિના મૂલ્યે પુરા પાડવાનું આયોજન.

(૪) નવા હેલ્થ સેન્ટર કાર્યરત કરવા અંગે આયોજન

- વરાછા ઝોન–બી માં એક વાલક હેલ્થ સેન્ટર કાર્યરત થયેલ છે.
- લિંબાયત ઝોનમાં બે (દેવધ અને છઠસરોવર) અને વરાછા ઝોન–બી માં બે (મોટા વરાછા બી અને સી) હેલ્થ સેન્ટરના ઈન્ફાસ્ટ્રક્ચર નું કામ પૂર્ણ થયેલ છે. ટૂંક સમયમાં સદર હેલ્થ સેન્ટર કાર્યરત કરવામાં આવશે.
- ઈસ્ટ ઝોન–એ માં ૧, નોર્થ ઝોનમાં ૨, સાઉથ ઈસ્ટ ઝોનમાં ૧, સાઉથ વેસ્ટ ઝોનમાં ૩ , સાઉથ ઝોન–એ માં ૩, સાઉથ ઝોન–બી માં ૧ અને વેસ્ટ ઝોનમાં ૫ આમ કુલ ૧૬ શહેરી આરોગ્ય કેન્દ્રો બાંધકામ હેઠળ છે. નોર્થ ઝોનમાં–૧ શહેરી આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે વર્કઓડર આપવામાં આવેલ છે. નોર્થ ઝોનમાં–૧, સાઉથ ઈસ્ટ ઝોન માં ૨, સાઉથ ઝોન–એ માં ૧, સાઉથ ઝોન–બી માં ૨, ઈસ્ટ ઝોન–એ માં ૧, અને ઈસ્ટ ઝોન–બી માં ૧ નવા શહેરી આરોગ્ય કેન્દ્રો બનાવવાનું કામ એસ્ટીમેટ લેવલે છે.

(૫) અર્બન હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર

આજદિન સુધી ૯૭ અર્બન હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે તેમજ ૭ અર્બન હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર આગામી માસમાં શરૂ કરવાનું આયોજન છે.

(૬) ટીબી મુક્ત સુરત અન્વયે C19RM Project

આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્ટસ સાથે X-Ray પોર્ટેબલ મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવી કુલ ૫૨૦ કેમ્પ કરી ૩૨,૩૦૦ વ્યક્તિના X-Ray ધ્વારા તપાસ કરવામાં આવેલ છે.

(૭) હાઈપર ટેન્શન, ડાયાબીટીસ તથા કેન્સર સ્કીનીંગની કામગીરી

સુરત શહેરમાં હાયપર ટેન્શન, ડાયાબીટીસ અને અન્ય નોન કોમ્યુનીકેબલ ડીસીઝનું સ્કીનીંગ અન્વયે કુલ ૧૯,૭૧,૧૭૯ શહેરીજનોના સ્કીનીંગ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨,૭૨,૯૧૫ હાયપર ટેન્શનના અને ૨,૩૧,૫૪૮ ડાયાબીટીસના દર્દીઓનું નિદાન કરી સારવાર સુનિશ્ચિત કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષે તમામ હેલ્થ ફેસીલીટી ખાતેથી ૩૦ વર્ષની ઉપરના તમામ શહેરીજનોનું હાઈપરટેન્શન, ડાયાબીટીસ અને અન્ય નોન કોમ્યુનીકેબલ ડીસીઝ સ્કીનીગનું આયોજન છે.

(૮) વડીલ વંદના યોજના

વડીલ વંદના યોજના હેઠળ ૬૦ વર્ષ થી વધુ ઉંમરના ૨ લાખ વડીલોનું આરોગ્યલક્ષી સ્કીનીંગ/તપાસનું આયોજન અન્વયે ૨,૦૨,૧૦૧ વ્યક્તિઓનું સ્કીનીંગ/તપાસ કરવામાં આવેલ છે.પ્રધાનમંત્રી વય વંદના યોજના અંતર્ગત કુલ ૧,૯૩,૨૮૫ જેટલા ૭૦ વર્ષથી વયના વડીલોના વય વંદના કાર્ડ બનાવામાં આવેલ છે.

(૯) સ્વસ્થ તરૂણી, સલામત માતૃત્વ

સ્વસ્થ તરૂણી, સલામત માતૃત્વ અન્વયે ૨,૩૪,૦૩૫ તરુણ–તરુણીઓની આરોગ્યલક્ષી તપાસ અને કાઉન્સેલીંગ કરવામાં આવેલ છે. આગામી વર્ષે વધુ ૨ તરુણ–તરુણીઓની આરોગ્યલક્ષી તપાસ અને કાઉન્સેલીંગ કરવામાં આવશે.

(૧૦) સ્વસ્થ મહિલા, સ્વસ્થ સમાજ

સુરતની પહેલ સ્વસ્થ મહિલા, સ્વસ્થ સમાજ અંતર્ગત ૫ લાખથી વધુ મહિલાઓનું ગર્ભાશયના સર્વાઈકલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર અને ઓરલ કેન્સરનું સ્કીનીંગ અન્વયે ૯,૭૧,૪૧૯ મહિલાઓનું સ્કીનીંગ કરવામાં આવેલ અને ૯,૯૮,૭૬૦ પુરુષોનું ઓરલ કેન્સર સ્કીનીંગ કરવામાં આવેલ.જે પૈકી ૨૦૨ બ્રેસ્ટ કેન્સર, ૩૨૩ ઓરલ કેન્સર અને ૯૪ સર્વાઈકલ કેન્સરનું નિદાન કરી સારવાર હેઠળ મુકવામાં આવેલ છે. આગામી વર્ષે વધુ ૫ લાખ મહિલાઓનું સ્કીનીંગ કરવામાં આવશે.

(૧૧) આયુષ્માન ભારત ડીજીટલ મિશન

આયુષ્માન ભારત ડીજીટલ મિશન અંતર્ગત હેલ્થ આઈ.ડી. જનરેટ કરવાની કામગીરી અન્વયે કુલ ૨૦,૨૧,૬૦૪ આભા આઈ.ડી. બનાવવામાં આવેલ છે. આગામી વર્ષે આયુષ્માન ભારત ડીજીટલ મિશન અંતર્ગત હેલ્થ આઈ.ડી. જનરેટ કરવાની કામગીરી અન્વયે કુલ ૩૫ લાખ જેટલા શહેરીજનોનું ABHAID જનરેટ કરવાનું આયોજન કરેલ છે.

(૧૨) ફૂડ વિભાગ

ફૂડ વિભાગ દ્વારા ડિસેમ્બર માસ સુધી કુલ ૨૩૨૭ નમુનાઓની તપાસ કરવામાં આવેલ તેમજ ૩૭.૬૩ લાખ જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

- ઈટ સ્માર્ટ સિટીઝ અંતર્ગત ફુડ એન્ડ ડ્રગ્સ, ગાંધીનગર ધ્વારા આપવામાં આવેલ એજન્સી "GREEN FOOD SOLUTION" ધ્વારા સુરત મહાનગરપાલિકામાં આવેલ વેજીટેબલ માર્કેટો, રેલ્વે સ્ટેશન અને ધાર્મિક સ્થળોનું ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે રજીસ્ટ્રેશન કરી FSSAI ધ્વારા ફાળવવામાં આવેલ એજન્સી ધ્વારા માર્કેટોનું ઓડીટ કરી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકારની રૂા.૧.૦૦ કરોડની ગ્રાંટ માંથી Clean Street Food Hubs અંતર્ગત પીપલોદ રાત્રી બજારના અપગ્રેડેશનની પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને બીજા તબક્કાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- FSSAI હેઠળ LCMS (Liquid Chromatography Mass Spectrometry), GCMS (Gas Spectrometry Chromatography Mass), ICPMS (Inductive Coupled Plasma Mass Spectrometry) જેવા આધુનિક સાધનોની રૂા.૮.૦૦ કરોડના ખર્ચે ખરીદી કરી ફળ તથા શાકભાજીમાં પેસ્ટીસાઈડ રેસીડ્યું ટેસ્ટીંગ, મરી મસાલા તેમજ સુકા મેવામાં માઈકોટોકસીનનું ટેસ્ટીંગ, પાણી અને અન્ય ખાદ્ય પદાર્થોમાં હેવી મેટલ જેવી કે લેડ, મરકયુરી વિગેરેનું ટેસ્ટીંગ માટે ઈન્ફાસ્ટ્રકચર માટે રીનોવેશનની કામગીરી ઝોન દ્વારા પ્રગતિ હેઠળ છે તેમજ સાધનોની ખરીદી માટે ટેન્ડરની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૧૩) માર્કેટ વિભાગ

એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ

- ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં ૬૧૯૪૨ પશુઓમાં RFID ઈન્જેકટ કરવામાં આવેલ છે તેમજ હાલ ૨૨૪ પશુઓને ભેસ્તાન કેટલ પોંડ ખાતે રાખવામાં આવેલ છે.
- સુરત શહેર હદ વિસ્તારમાં વસવાટ કરતા પશુ માલિકોના ઢોરોની નોંધણી માટે નંબરવાળા ઈયર ટેગ સાથે RFID લગાવી રજીસ્ટ્રેશન કરવા અંગેની કામગીરી હાલ ચાલુ છે.

- ઢોર ડબ્બામાં પુરાયોલ ઢોરોને છોડતી વખતે વસુલ કરવામાં આવતા વહીવટી ચાર્જમાં ક્રમિક વધારા અને ટેગીંગ વગર પકડાયેલ જાનવરને કાયમી જપ્ત કરવાની કાર્યવાહી.
- RFID દ્વારા રજીસ્ટ્રેશન થયા બાદ સુરત શહેર હદ વિસ્તારમાં હયાત પોલીસ વિભાગના તેમજ મહાનગરપાલિકાના ઉપલબ્ધ CCTV કેમેરાનો ઉપયોગ કરી પશુપાલકોની વધુ સંખ્યા ધરાવતા વિસ્તારોમાં Cattle Mapping & Monitoring by Image Identification કરી રખડતા જાનવરોની અવર–જવર નું નિયંત્રણ કરવામાં આવે છે.

ઢોર ડબ્બા બનાવવાનું આયોજન

- કુલ ૩૬૫૪ પશુઓને ઢોર ડબ્બામાં પૂરવામાં આવેલ તેમજ કુલ રૂા.૨૦.૬૨ લાખ જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.
- ઉધના ઝોન–એ ના ભેસ્તાન ખાતે ૩૫૦ જાનવરોની ક્ષમતાવાળા ઢોર ડબ્બાનું રીનોવેશનનું કામ પૂર્ણ થયેલ છે.
- રાંદેર ઝોનના વરીયાવ ખાતેના ૭૫૦ જાનવરોની ક્ષમતાવાળા ઢોર ડબ્બાનું ફેઝ–૧ નું કામ પૂર્ણ થયેલ છે. જયારે ફેઝ–૨ નું ૩૦% થી ૩૫% કામગીરી પૂર્ણ થયેલ છે.
- કતારગામ ઝોનના ટૂંકી ખાતે ૪૫૦ જાનવરોની ક્ષમતા વાળા ઢોર ડબ્બાનું ફેઝ–૧ નું કામ પ્રગતિ હેઠળ છે.

(૧૪) સ્વચ્છતમ સુરત : Surat - The Cleanest City of India

- સ્વચ્છતા સુપર લીગઃ શાળા તથા કોલેજો અને સોસાયટી, માર્કેટ, કોમર્શિયલ વિસ્તારોમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવા માટે સ્વચ્છતા સુપર લીગનું આયોજન.
- Bio-CNG ઉત્પાદનઃ સુરત શહેરમાી દૈનિક ૧૨૦ મેટ્રિક ટન ગ્રીન વેસ્ટના અલગથી કલેકશન ધ્વારા Bio-CNG બનાવવાનું આયોજન.
- ઈ–વેહિકલ બેટરી રિસાયકલિંગઃ સમગ્ર રાજયમાં સર્વાધિક ઈ–વેહિકલ ધરાવતા સુરત માટે ગ્રીન પર્યાવરણને અનુરૂપ ઈ–વેહિકલ બેટરી વેસ્ટ રિસાયકલિંગ માટે નવી પોલિસી ઘડવાનું આયોજન.
- સ્લજથી ખાતર ઉત્પાદનઃ રિસાયકલ અને રિયુઝના સિધ્ધાંત હેઠળ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઉદભવતા સ્લજમાંથી ખાતર બનાવવાનું પ્રાયોગિક ધોરણે આયોજન.
- ઝીરો વેસ્ટ ઈવેન્ટ પ્રોત્સાહનઃ શહેરમાં યોજાતા વિવિધ ઉત્સવો અને મેળાવડાઓમાં વેસ્ટ સેગ્રિગેશન અને વેસ્ટ રિડકશનને પ્રોત્સાહિત કરવા ખાસ યોજના.
- પ્લાસ્ટિક બોટલ રિસાયકલિંગઃ 5R સિધ્ધાંત મુજબ શહેરના જાહેર સ્થળોએ પ્લાસ્ટિક બોટલ રિવર્સ વેન્ડિંગ મશીનો મુકવાનું આયોજન.
- કલોથ બેગ વેન્ડિંગઃ સિંગલ યુઝડ પ્લાસ્ટિકના ઉપયોગોને ઘટાડવા અને સ્વ–સહાય જુથોને પ્રોત્સાહિત કરવા માર્કેટ વિસ્તારોમાં કલોથ બેગ વેન્ડિંગ મશીનો સ્થાપવાનું આયોજન.
- ઈન્સીનરેશનબેઝડ ડિસ્પોઝલઃ આધુનિક ઈન્સીનરેશન પધ્ધતિ ધ્વારા મૃત પ્રાણીઓના વૈજ્ઞાનિક ડિસ્પોઝલ માટે આયોજન.

➢ હેરીટેજ સેલ

સુરતનો ઐતિહાસિક કિલ્લો

ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લો અને તેને સંલગ્ન વિસ્તારને હેરીટેજ સ્કવેર તરીકે વિકસાવવા સુરત મહાનગરપાલિકાના માસિક સાધારણ સભા ધ્વારા તા.૩૧/૦૭/૨૦૧૭ ના રોજ ઠરાવ નં.૪૪૫/૨૦૧૭ થી કુલ રૂા.૧૫૪.૦૭ કરોડના રીવાઈઝડ બ્લોક અંદાજ મંજુર થયેલ.સદર કામો પૈકી ગાંધીબાગ અને કિલ્લાના મેદાનની ખુલ્લી જગ્યાના ડેવલપમેન્ટનું કામ ઓગષ્ટ–૨૦૧૪ માં પૂર્ણ થયેલ, ત્યારબાદ કિલ્લાના રીસ્ટોરેશન અને ડેવલપમેન્ટના ભાગ–એ અને તેને સંલગ્ન કામોનું લોકાપર્ણ તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ તેમજ કિલ્લાના ભાગ–બી ના કામનું લોકાપર્ણ તા.૨૯/૦૯/૨૦૨૨ ના રોજ પૂર્ણ થયેલ છે. સદર કામગીરી અંતર્ગત કિલ્લાના રીસ્ટોરેશન અને ડેવલપમેન્ટના ભાગ–સી ની કામગીરીના આયોજન અંતર્ગત કિલ્લાના પાછળ નદીના ભાગે ગેબીયન વોલ, કિલ્લાની આગળના ભાગે મોટની, કિલ્લાના ફોર કોર્ટ એરીયાનું ડેવલપમેન્ટ, કિલ્લાના પાછળ નદી તરફ ગાર્ડન તેમજ કમ્પાઉન્ડ વોલના ડેવલપમેન્ટ, કિલ્લાના સ્ટોલ એરીયા પાસે કમ્પાઉન્ડ વોલ, જી.એસ.ટી.બિલ્ડીંગ પાસે એ–૩ બુર્જ ના રીસ્ટોરેશન, સુરત સ્ટ્રીટ ફસાડ ગેલેરી

ડેવલપમેન્ટ, કિલ્લેદાર ઘરના ગેલેરી ડેવલપમેન્ટ, ડાયમંડ ગેલેરી ડેવલપમેન્ટ, લોકોના જાણકારી માટે વિવિધ પેનલની, અન્ય ફર્નીચરની કામગીરી, ઉપરોકત કામગીરીઓ સાથે સંલગ્ન ઈલેકટ્રીફિકેશનની કામગીરી કરવામાં આવનાર છે.

લાઈટ એન્ડ સાઉન્ડ શો

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતની ઐતિહાસિક વિરાસત સમાન ચોક બજાર ખાતે આવેલ ઐતિહાસિક કિલ્લાનું સુરત મહાનગરપાલિકા ધ્વારા સાયન્ટીફીક રીતે રીનોવેશન કરી મા. વડાપ્રધાનશ્રીના વરદહસ્તે લોકાપર્ણ કરી કિલ્લો જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. સદર કિલ્લા ખાતે ૩–ડી મેપીંગ બેઝ લાઈટ એન્ડ સાઉન્ડ શો બતાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે કામગીરી સુરત સ્માર્ટ સીટી અંતર્ગત મંજુર કરવામાં આવેલ છે. જે કામગીરીમાં ડિઝાઈન, સપ્લાય, ઈરેકશન, ટેસ્ટીંગ અને કમીશનીંગના રૂા.૧૧,૯૫,૯૮,૩૯૦/– અને છ વર્ષ માટેના ઓલ ઈન્કલુઝીવ એન્યુઅલ મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરીના રૂા.૧,૫૪,૦૮,૦૦૦/– એમ કુલ્લે મળીને રૂા.૧૩,૫૦,૦૬,૩૯૦/– નો ખર્ચ થનાર છે. સદર કામમાં અધતન ટેકનોલોજી વાળા RGB ટાઈપના લેસર પ્રોજેકટરનો ઉપયોગ કરી કિલ્લા ખાતેના A6 અને A3 બિલ્ડીંગ અને બંને બિલ્ડીંગ વચ્ચે આવેલ બુર્જ પર પ્રોજેકશન કરી આશરે ૨૦ મિનીટના એવા ત્રણ અલગ પ્રકારના અને ત્રણ અલગ અલગ ભાષાઓમાં બનાવીને ૩–ડી મેપીંગ બેઝ લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શો બતાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરતનો ઈતિહાસ, વર્તમાન અને ભવિષ્યના સુરત શહેર વિષેની ઝાંખી અંગેના શો બતાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

શહીદ સ્મારક /શૌર્ય સ્મારક

સુરત મહાનગરપાલિકાના સાઉથ–વેસ્ટ ઝોન (અઠવા) વિસ્તારમાં શહીદ સ્મારક / શૌર્ય સ્મારકનું આયોજન ટી.પી.સ્કીમ નં.૨૯ (વેસુ –રૂંઢ –મગદલ્લા) ખાતે વેસુ આભવા મેઈન રોડ સ્થિત સિધ્ધિવિનાયક મંદિરની પાછળના ભાગમાં અંદાજે ૫૯,૪૧૬ ચો.મી.વિસ્તારમાં કરવામાં આવેલ છે. જે પૈકી શહીદ સ્મારક / શૌર્ય સ્મારક બનાવવાના ફેઝ–૧ ટેન્ડર રકમ રૂા. ૨૩.૯૩ કરોડ ની કામગીરી પૂર્ણતાના આરે છે. શહીદ સ્મારક / શૌર્ય સ્મારક બનાવવાના ફેઝ–૨ ની કામગીરી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (SJMMSVY) UDP-78(2024-25) હેઠળ ટેન્ડર રકમ રૂા.૧૧.૯૫ કરોડની કામગીરી પ્રગતિ હેઠળ છે. શહીદ સ્મારક / શૌર્ય સ્મારક બનાવવાના કામે સ્ટેટીક અને ડાયનેમીક ડીસ્પ્લે, કન્ટેન્ટ ક્રિએશન અને કયુરેશનની ફેઝ–૩ ની કામગીરી અંગે RFP પ્રાઈસ બીડ સહીત મંગાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર પ્રોજેકટના ફેઝ–૧ તથા ફેઝ–૨ અંતર્ગત નીચેના કોમ્પોનન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે.

- **કોમ્પોનન્ટ ફેઝ–૧**
  - કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગ, એન્ટ્રન્સ પ્લાઝા, શૌર્ય ધ્વાર, યુનીટી સ્કવેર, ડીસ્પ્લે ગેલેરી (યુનિટ–૨), ટોયલેટ બ્લોક (યુનિટ–૧), ઓપન એકઝીબીશન એરીયા (યુનિટ–૨) એકસીસ ઓફ ટાઈમ, મેમરી સ્કેવર, ઈન્ફીનીટી પ્લેટફોર્મ, ખુલ્લા મેદાન, શહીદ સ્થંભ ઈલેકટ્રીકલ(ઈન્ટરનલ અને એક્ષ્ટર્નલ ઈલેકટ્રીફીકેશન, એચ.વી.એ.સી.સીસ્ટમ, ફાયરપ્રોટેકશન સીસ્ટમ વિગેરેની)
- **કોમ્પોનન્ટ ફેઝ–૨**
  - ઓર્ગેનીક પોન્ડ,એમ્ફી થિયેટર,કમ્પાઉન્ડ વોલ ,ટોયલેટ બ્લોક,ડ્રેનેજ,સ્ટોર્મ ડ્રેનેજ, વોટર સપ્લાય,ઓપન એરીયા ડેવલપમેન્ટ,ઈલેકટ્રીકલ વર્ક (ઈન્ટરનલ અને એક્ષ્ટર્નલ ઈલેકટ્રીફિકેશન, ડી.જી.સેટ અને ઈ.એલ.વી, એચ.વી.એસી, વેન્ટીલેશન સિસ્ટમ, ફાયર પ્રોટેકશન વિગેરે), ઈન્ટીરીયર વર્ક (ફેઝ–૧ અને ફેઝ–૨)

સદર કામે હેરીટેજ સેલ ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં તથા નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ માં પૂરતી બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

➢ સ્ટ્રીટ લાઈટ

વર્ષ ૨૦૨૫–૨૬ માં કરવામાં આવનાર કામગીરી

- શહેરમાં આવેલ અંદાજે બાકી રહેલ આશરે ૬,૮૬૦ કન્વેશનલ સ્ટ્રીટલાઈટને એનર્જી એફીસીયન્ટ LED સ્ટ્રીટલાઈટથી રેટ્રોફીટીંગ કરવામાં આવનાર છે તેમજ રીમોટ મોનીટરીંગ માટે અંદાજે ૨૫૦ સ્માર્ટ ફીડર પીલર્સ CCMS ઈન્સ્ટોલ કરવાની કામગીરી કરવામાં આવનાર છે.
- સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ રાજય ધોરી માર્ગ જહાંગીરપુરા–વરીયાવ–નવી પારડી રોડ (હજીરા–ગોથાણ રોડ) પર સ્ટ્રીટલાઈટની સુવિધા આપવાની કામગીરી કરવામાં આવનાર છે.

➢ એનર્જી એફીશીયન્સી સેલ

વર્ષ ૨૦૨૪– ૨૫ માં પૂર્ણ થયેલ/ થનાર કામગીરી

સોલાર પાવર પ્લાન્ટસ

- આજ પર્યન્ત મહાનગરપાલિકા ધ્વારા કુલ ૮૯ સ્થળો પર કુલ ૯.૦ મેગાવોટ ક્ષમતાના રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવેલ છે. વધુમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા પાટણ જીલ્લાના સાંતલપુરા તાલુકાના બામરોલી ગામ ખાતે ૧૦ મેગાવોટ (AC) ક્ષમતાનનો ગ્રાઉન્ડ માઉન્ટેડ ગ્રીડ કનેકટેડ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવેલ છે. આમ, સુરત મહાનગર પાલિકા ધ્વારા આજ પર્યન્ત કુલ ૧૯ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવેલ છે. સદરહુ સોલાર પાવર પ્લાન્ટ થકી ઓકટોબર– ૨૦૨૪ સુધીમાં કુલ ૬.૧૮ કરોડ નેટ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે અને જેના મારફત મહાનગરપાલિકાને નેટ કુલ રૂા.૪૭.૬૨ કરોડની વીજ બચત/ આવક થયેલ છે.
- સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ એચ.ટી. વીજ કનેકશનોમાં રીન્યુએબલ ઉર્જાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે હેતુંથી વધુ એક ૧૦ મેગાવોટ (AC) ક્ષમતાનનો ગ્રાઉન્ડ માઉન્ટેડ ગ્રીડ કનેકટેડ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે જે સંભવતઃ માર્ચ– ૨૦૨૫ માં પૂર્ણ થશે. સદરહું પ્લાન્ટ થકી વાર્ષિક નેટ ૧.૭૩ કરોડ વીજ યુનિટ જેટલું વીજ ઉત્પાદન થશે અને જેના થકી કુલ ૧૪ જેટલી એચ.ટી. વીજ સર્વિસોમાં અંદાજીત વાર્ષિક રૂા.૯.૫૦ કરોડની નેટ વીજ બચત થશે.

વિન્ડ પાવર પ્લાન્ટસ

- આજ પર્યન્ત મહાનગરપાલિકા ધ્વારા કુલ ૩૮.૭ મે.વો. ક્ષમતાના વિન્ડ પાવર પ્લાન્ટસ થકી નેટ પ્રતિ વર્ષ ૮.૪ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થઈ રહેલ છે, જેના થકી પ્રતિ વર્ષ રૂા.૪૬.૦૦ કરોડ જેટલી આવક થઈ રહેલ છે. સદર તમામ વિન્ડ પાવર પ્લાન્ટસ થકી ઓકટોબર– ૨૦૨૪ સુધીમાં કુલ ૭૬.૦૦ કરોડ વીજ યુનીટનું નેટ ઉત્પાદન થયેલ છે અને જેના મારફત મહાનગરપાલિકાને નેટ કુલ રૂા.૩૮૦.૦૦ કરોડની વીજ બચત/ આવક થયેલ છે.
- વર્ષ ૨૦૨૪– ૨૫ માં ૬.૩ મે.વો ક્ષમતાના વિન્ડ પાવર પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન છે. જેના થકી મહાનગરપાલિકાને વાર્ષિક ૧.૭૦ કરોડ યુનિટ જેટલું વીજ ઉત્પાદન થશે અને જેના થકી વાર્ષિક રૂા.૧૨.૫૦ કરોડ જેટલી ગ્રોસ આવક થશે. સદરહુ કામગીરીની સોંપણી સક્ષમ સત્તાની સમક્ષ મંજુરી હેઠળ છે.

વર્ષ ૨૦૨૫–૨૬ માં કરવામાં આવનાર કામગીરી

- સુરત મહાનગરપાલિકાએ સોલાર એનર્જીનો વધુમાં વધુ ઉપયોગ કરવાની યશગાથાને આગળ વધારતા વર્ષ ૨૦૨૫– ૨૬ માં અન્ય ૧૦ મેગાવોટ (બહ) ક્ષમતાનનો ગ્રાઉન્ડ માઉન્ટેડ ગ્રીડ કનેકટેડ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવાનું આયોજન છે. સદરહું કામગીરીના અંદાજો મંજુર થયેલ હોય, સદર કામગીરી માટે હાલમાં કન્સલ્ટન્ટની નિમણૂંક કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

ઈલેકટ્રીક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન

- સુરત શહેરમાં આવેલા જુદા જુદા ઓવર બ્રીજ તેમજ અન્ય લોકેશનો ખાતે પીપીપી ધોરણે ૫૦ જેટલા પબ્લિક ઈલેકટ્રીક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવનાર છે.

➢ સીટી ઈજનેર સ્પે.સેલ

સીટી ઈજનેર સ્પે.સેલ એ સીટી ઈજનેરશ્રીના સીધા નેજા હેઠળ કામગીરી કરે છે. આ ખાતામાં મુખ્યત્વે સીટી ઈજનેરશ્રી ધ્વારા સૂચવવામાં આવતા સ્પેશ્યલ પ્રોજેકટોની કામગીરીઓ હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ખાતા મારફતે મુખ્યત્વે વિયર કમ કોઝવે તથા પૂર સંરક્ષણના કામો હાથ ધરવામાં આવેલ છે અને આગામી સમયમાં કન્વેશનલ બેરેજ પ્રોજેકટ, ફલડ કંટ્રોલ સ્ટ્રકચરને સ્ટ્રેન્થનીંગ કરવા / નવા ફલડ કંટ્રોલ સ્ટ્રકચર, સ્ટ્રોમ ડ્રેઈનના આઉટલેટ તથા નેચરલ સ્ટ્રોમ ડાઈવર્ટ કરવાના કામો, તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ, સુરત મહાનગરપાલિકાનું નવું વહીવટી ભવન, સુરત રેલ્વે સ્ટેશન રીડેવલપમેન્ટ જેવા કામો હાથ ધરવાનું આયોજન છે.

પ્રગતિ હેઠળના કામો

તાપી નદી ઉપર બહુહેતુક કન્વેન્શનલ બેરેજ પ્રોજેકટ

સુરત શહેરમાં રૂંઢ–ભાઠા વચ્ચે બહુહેતુક કન્વેન્શનલ બેરેજ (વોટર રીટેઈનીંગ સ્ટ્રકચર) બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે, જેને કારણે સિંગણપોર વિયર સુધી આશરે ૧૦.૦૦ કિ.મી. લંબાઈમાં મીઠા પાણીનું સરોવર રચાશે, જેમાં ૧૯.૧૭૨ મિલિયન કયુબીક મીટર સુધી મીઠા પાણીનો સંગ્રહ કરી શકાશે. સદરહુ પ્રકલ્પ સાકારિત થતા ભુગર્ભ જળના સ્તર ઉંચા આવશે, દરિયાની ખારાશ ભુગર્ભ જળમાં પ્રવેશતી ઓછી થશે અને નદી પાર કરવા માટે એક વધારાનો માર્ગ ઉપલબ્ધ થશે.

બેરેજનાં બાંધકામ માટે કરવાજોગ કામગીરી

પાર્ટ A : પ્રિલિમિનરી વર્ક (સમય મર્યાદા ૬ મહિના – Excluding Monsoon)

ઉકાઈ ડેમ થી લઈને ડુમસ દરિયાકિનારા સુધીના ૧૧૦ KM ના નદીના ભાગમાં હાઈડ્રોગ્રાફિક સર્વે, ટોપોગ્રાફિક સર્વે, જીઓટેકનિકલ સર્વે, ફિઝીકલ મોડેલ સ્ટડી, મેથેમેટીકલ મોડેલીંગ, અન્ય પરીક્ષણો, પ્રૂફ ચેકિંગ તથા વિવિધ વિભાગોની મંજૂરીઓ.

પાર્ટ B : કન્સ્ટ્રકશન વર્ક (સમય મર્યાદા ૩ વર્ષ – Excluding Monsoon)

બેરેજ અને તેના હાઈડ્રોમિકેનિકલ સિસ્ટમના ઘટકો જેવા કે, નદીના બને કાંઠાના પાળાના બાંધકામ, રોડ વર્ક, પ્રોટેકશન વર્ક માટે ડાયાફેમ વોલ અને રિટેઈનિંગ વોલ, કંટ્રોલરૂમ બિલ્ડીંગ, ઈન્સ્ટ્રુમેન્ટેશન અને ઈલેકિટ્રકલ વર્ક, તાપી નદીના ડાબા કાંઠાને જોડતો ફલાયઓવર બ્રિજ વગેરેની કામગીરી.

પાર્ટ C : ઓપરેશન અને મેઈન્ટેનન્સ વર્ક (સમય મર્યાદા ૧૦ વર્ષ)

બેરેજ અને તેના હાઈડ્રોમિકેનિકલ સિસ્ટમ,રોડ, તાપી નદીના ડાબા કાંઠાને જોડતો ફલાયઓવર બ્રિજ વગેરેનું ટેન્ડરમાં દર્શાવ્યા પ્રમાણે ૧૦ વર્ષ સુધી ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરી.

યુનિક કન્સ્ટ્રકશન, સુરતને તા.૧૮/૦૫/૨૦૨૨થી કામગીરી સોંપવામાં આવેલ છે. જે અન્વયે ઈજારદારશ્રી, યુનિક કન્સ્ટ્રકશન, સુરત દ્વારા પાર્ટ A–પ્રિલિમિનરી વર્ક અન્વયેની વિવિધ કામગીરી જેવી કે, જીઓટેકનિકલ સર્વે, હાઈડ્રોગ્રાફિક સર્વે, ટોપોગ્રાફિક સર્વે, ફિઝીકલ મોડેલ સ્ટડી, મેથેમેટીકલ મોડેલીંગ, એરીયલ મેપ ઈમેજ, SIA & EIA Studies, CRZ Clearance, Navigational (IWAI) Clearance, GMB NOC મેળવવા અંગેની વિગેરે સંબંધિત કાર્ય પૂર્ણ થયેલ છે.

બેરેજની ડિઝાઈનની કામગીરી સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, કકદદી – વડોદરા દ્વારા હાથ ધરવામાં આવે છે અને તે ડિઝાઈનની ચકાસણી / પ્રૂફ ચેકીંગ સેન્ટ્રલ વોટર કમિશન, નવી દિલ્હી દ્વારા કરવામાં આવે છે. ફલાયઓવર બ્રીજની ડિઝાઈન કસાડ કન્સલ્ટન્ટ, અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવે છે અને તે ડિઝાઈનની ચકાસણી / પ્રૂફ ચેકીંગ આર એન્ડ બી ડિઝાઈન સર્કલ , ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

હાલમાં રાહુલ રાજ મોલ પાસે ફલાયઓવર બ્રીજ ની કામગીરી પ્રગતિ હેઠળ છે, જ્યારે કોફરડેમની ડિઝાઈનનું પ્રૂફચેકિંગ સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે, તેમજ કોફરડેમ અને ગાઈડ બંધનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થવાની શકયતા છે.

આયોજન હેઠળના કામો

(૧) હયાત ફલ્ડ કંટ્રોલ સ્ટ્રકચરને સ્ટ્રેન્થનીંગ કરવા / નવા ફલ્ડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાના પ્રોજેકટ

સુચિત કન્વેનશનલ બેરેજ પ્રકલ્પ સાકારિત થતા હયાત વિયર–કમ– કોઝવેના હેઠવાસમાં ૫.૦ મી. R.L.ના લેવલે જળાશયનું નિર્માણ થશે તેમજ સુરત મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ઉકાઈ ડેમમાંથી ૨.૫ લાખ કયુસેક પાણી છોડવામાં આવે ત્યારે શહેરના નીચાણવાળા અડાજણ થી પાલ–ભાઠા વિસ્તારોમાં પાણીનો પ્રવાહ ફેલાઈ જાય છે. જે હકીકત ધ્યાને લઈ શહેરના આવા નીચાણવાળા વિસ્તારોમાં આવેલ હયાત પાળાઓને ઉંચા કરવાના/નવા પાળા બનાવવાની કામગીરી કરવી ખુબ જરૂરી છે.

અધિક્ષક ઈજનેરશ્રી, સુરત સિંચાઈ વર્તુળ દ્વારા "તાપી નદીના ડાબા તથા જમણા કાંઠે કઠોર બ્રિજની નીચવાસમાં જે વિસ્તારમાં પાળા / પુર સંરક્ષણના કામો હાથ ધરવામાં આવેલ નથી એ તમામ રીચના પાળાના કામો સુરત મહાનગરપાલિકા દ્વારા પોતાના ખર્ચ હાથ ધરી પુર સંરક્ષણ ની કામગીરી હાથ ધરવા સ્પષ્ટ મંતવ્ય આપવામાં આવેલ.

હયાત વિયર–કમ–કોઝવેથી સુચિત કન્વેનશનલ બેરેજ સુધીના આશરે ૧૦.૦૦ કિમી. સુધીના વિસ્તારમાં તાપી નદીના બંને ડાબા તેમજ જમણા કાઠાં ઉપર પૂર સંરક્ષણના કામ અન્વયે હયાત ફલ્ડ કંટ્રોલ સ્ટ્રકચરને સ્ટ્રેન્થનીંગ કરવા/નવા ફલ્ડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાના કામે ડિઝાઈન કન્સલ્ટન્સીની કામગીરી Sardar Vallabhbhai National Institute of Technology (SVNIT), Surat ને સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૬૪/૨૦૧૬, તા.૧૦/૦૩/૨૦૧૬થી મંજુર થયેલ ભાવો અને શરતો મુજબ સોંપવામાં આવેલ અને તે મુજબ SVNIT દ્વારા અંદાજિત રકમ રૂા.૪૪૦.૭૭ કરોડ નું ડીપીઆર તૈયાર

કરવામાં આવેલ. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સામાન્ય સભા દ્વારા અંદાજ મંજૂર કરવામાં આવેલ, જે સંબંધિત કામ માટે SVNIT દ્વારા EPC ધોરણે ટેન્ડર તૈયાર કરવામાં આવેલ.

સદર કામની અગત્યતા ધ્યાને લેતાં, શહેરના આવા નીચાણવાળા વિસ્તારમાં ફલડ કંટ્રોલના કામ અન્વયે હયાત ફલડ કંટ્રોલ સ્ટ્રકચર ને સ્ટ્રેન્થનીંગ કરવા / નવા ફલડ કંટ્રોલ સ્ટ્રકચર બનાવવાની કામગીરી સુરત મહાનગરપાલિકા દ્વારા સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૨૪/૨૦૨૪ તા.૧૨/૦૩/૨૦૨૪ માં ઠરાવ્યા મુજબ ટેન્ડર રકમ રૂા.૫૨૬,૯૫,૦૦,૦૦૦.૦૦ (GST સહિત) થી એજન્સી યુનિક કન્સ્ટ્રકશન, સુરતને સોંપવામાં આવેલ છે, જે અન્વયે તમામ જરૂરી મંજૂરીઓ, ડિઝાઈન, ડ્રોઈંગની જરૂરી ચકાસણી/વેટીંગ અને બાંધકામના કામને લગતી કામગીરી એજન્સીના કાર્યક્ષેત્ર હેઠળ છે. ઈજારદાર દ્વારા વિવિધ પ્રકારની સ્ટડીઓ જેમકે, HTL / LTL Mapping, Geotechnical Seepage Analysis, Mathematical Model Study, Environment Impact Study, Social Impact Study, Soil investigation વિગેરે કરાવી તે સ્ટડીઓના રીપોર્ટ મુજબ CRZ Clearance, GPCB Clearance ડિઝાઈન ની કામગીરી હાથ ધરી, સુરત મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવેલ પ્રુફ ચેકીંગ કન્સલટન્ટ પાસેથી તેની ચકાસણી કરાવી તે મુજબ સ્થળ પર કામગીરી હાથ ધરવાની રહે છે.

હાલમાં ડાયફ્રામ વોલ અને રીટેઈનીંગ વોલની ડીઝાઈન કન્સલ્ટન્ટ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, વડોદરા દ્વારા પ્રુફ ચેક કરવામાં આવેલ છે. સુરત સિંચાઈ વર્તુળ દ્વારા મંજૂર કરાયેલા કો–ઓર્ડિનેટસ પર ડાયફ્રામ વોલ નું બાંધકામ સ્થળ પર પ્રગતિ હેઠળ છે.

(૨) સ્ટ્રોર્મ ડ્રેઈન ઈન્ટરસેપ્ટર તથા ડાયવર્ઝન પ્રોજેકટ

તાપી નદી પર આવેલ સિંગણપોર વિયરથી સાકારીત થનાર કન્વેન્શનલ બરાજ વચ્ચે આવેલ હયાત સ્ટોર્મ લાઈનના આઉટલેટસના લેવલ સાકારીત થનાર કન્વેન્શનલ બરાજના લેવલ કરતા નીચા હોવાને કારણે નદીમાં ડીસ્પોઝ થતા સ્ટોર્મ વોટર આઉટલેટ દ્વારા નદીનું પાણી શહેરમાં બેકફ્લો થઈ શકે તેમ છે. સુચિત ઈનટરસેપ્ટર પ્રોજેકટ અંતર્ગત સ્ટોર્મ ડ્રેનેજ લાઈનને ઈનટરસેપ્ટ કરી વરસાદી પાણીને બરાજના ડાઉન–સ્ટ્રીમમાં ડાઈવર્ટ કરવાનું આયોજન છે. જેથી ભવિષ્યમાં સાકારિત થનાર કન્વેન્શનલ બરાજના અપ–સ્ટ્રીમમાં ડેવલપ થનાર સરોવરમાં એકત્રિત થનાર પાણીની ગુણવત્તા જળવાઈ રહે.

(૩) સુરત શહેરમાં તાપી નદી કાંઠાઓનું નવસાધ્યકરણ કરી, રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ

સુરત શહેર માટે લાંબાગાળાની ભવિષ્યલક્ષી તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ યોજનાની આગળની તમામ કામગીરી તેમજ અમલીકરણ, નિભાવ વિગેરે કરવા માટે અલાયદી સ્વતંત્ર/સ્વાયત્ત સ્પેશીયલ પર્પઝ વિહીકલ (SPV) કંપની તરીકે "તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. ને "The Companies Act-2013" હેઠળ રજીસ્ટર્ડ કરવા રાજય સરકારશ્રી દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. "The Companies Act-2013" હેઠળ Ministry of Corporate Affairs (MCA), New Delhi દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૨માં રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા ફેઝ–૧ સિંગણપોર વિયરથી રૂંઢ–ભાઠા સુચિત બરાજ સુધી(૧૦ કી.મી.) અને ફેઝ–૨ સિંગણપોર વિયરથી કઠોર બ્રીજ (ને.હા.) સુધી (૨૩ કી.મી.) આમ, અંદાજે કુલ ૩૩ કિ.મી.ના વિસ્તારમાં તાપી નદીનાં બંને કાંઠાને નવસાધ્યકરણ કરી રીવરફ્રન્ટ વિકસાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને રીજયુવેનેશન પ્રોજેકટ માટે, તાપી નદીના પુરોની અસરો તથા દરિયાની ભરતી/ઓટની અસરોનો અભ્યાસ કેન્દ્ર સરકારની સંસ્થા CW&PRS, પૂણે દ્વારા આપવામાં આવેલ હાઈડ્રોલોજી/હાઈડ્રોલિકસમાં તારણો /સુચનો, વર્લ્ડબેંક દ્વારા સુચવ્યા પ્રમાણેના વિવિધ સ્ટડી/સર્વે, વર્લ્ડબેંક પાસેથી મળનાર નાણાંકીય સહાય, સરકારશ્રીના વિવિધ સંબંધિત વિભાગોમાંથી મળનાર એપ્રુવલ/કલીયરન્સ/ફીઝીકલ મોડેલ સ્ટડીનું કામ પ્રગતિ હેઠળ છે.

(૪) સુરત રેલ્વે સ્ટેશન રીડેવલપમેન્ટ (MMTH) પ્રોજેકટ

સુરત રેલ્વે સ્ટેશન રીડેવલપમેન્ટ અંતર્ગત ઈન્ડીન રેલ્વે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRSDC), ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC) અને સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન (SMC) દ્વારા સંયુકત રીતે Multi Modal Transport Hub (MMTH) પ્રોજેકટના પ્લાનીંગ તેમજ અમલીકરણ માટે SITCO (Surat Integrated Transportation Development Corporation) કંપનીની રજીસ્ટર્ડ SPV ની રચના કરવામાં આવેલ છે. જેમાં રેલ્વે વિભાગ વતી IRSDC ની જગ્યાએ હવે RLDA (Railway Land Development Authority) ના ૬૩%, GSRTC ના ૩૪% તથા SMC નો ૩% શેર ફાળો છે. MMTH Phase - I & II ના ટેન્ડર અંગે રેલ્વે બોર્ડ તથા રાજય સરકારશ્રીની મંજુરી અન્વયે SITCO દ્વારા સ્થળ પર કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

(૫) સુરત મહાનગરપાલિકાનું નવું મુખ્ય વહીવટી ભવન

સુરત મહાનગરપાલિકાનું મુખ્ય વહીવટી ભવન મુગલીસરાઈ ખાતે વોલ સીટીના ગીચ વસ્તીવાળા વિસ્તારમાં આવેલ છે. આ વિસ્તારમાં ટ્રાફિક તથા પાર્કીંગની ખુબ જ સમસ્યા હોવાથી વર્તમાન મુખ્ય વહીવટી ભવન ખાતે મુખ્ય માર્ગ પર રોજીંદી મુશ્કેલીઓ સર્જાય છે. જેથી મહાનગરપાલિકાની વહીવટી પાંખ અને ચુંટાયેલી પાંખનો તમામ સ્ટાફ/અધિકારીગણ/પદાધિકારીગણ તેમજ મુલાકાતીઓ/ શહેરના નગરજનો સહેલાઈથી અવરજવર કરી શકે તેમજ રોજીંદા કામકાજમાં સરળતા રહે તે હેતુથી મહાનગરપાલિકાનું સુચિત મુખ્ય વહીવટી ભવન સુગમતાવાળી જગ્યાએ અન્યત્રે સ્થળાંતરીત કરવા જરૂરી જણાતાં ટી.પી. નં. ૬ (મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં. ૨૩૪, ૨૩૫ મળી કુલ ક્ષેત્રફળ ૨૨,૫૬૩ ચો.મી. ની જગ્યામાં આયોજન કરવામાં આવેલ.

મા.પ્રધાનમંત્રીશ્રી સમક્ષ સુરત મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી ભવનના નિર્માણ બાબતે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. મા.પ્રધાનમંત્રીશ્રીનાં સૂચન મુજબ ટોલ બિલ્ડીંગ નોટીફિકેશન પ્રમાણે મળવાપાત્ર સંપૂર્ણ FSI ૫.૪ નો વપરાશ કરી સુરત મહાનગરપાલિકાની ઓફિસો સાથે સુરત શહેરમાં આવેલ કેન્દ્ર તથા રાજય સરકારના વિવિધ કાર્યાલયનો સમાવેશ કરી સુરત મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી ભવનનું આયોજન કરવામાં આવેલ છે.

સદર કામે ગુજરાત સરકારશ્રીની ટોલ બિલ્ડીંગની નોટીફીકેશન મુજબ સ્પેશીયલ ટેકનીકલ કમિટીની મંજુરી મુજબ સ્થાયી સમિતિ ઠરાવનં.૩૪/૨૦૨૩, તા.૦૭/૦૧/૨૦૨૩ થી કુલ રૂા.૧૩,૪૪,૦૧,૦૧,૧૧૧/– (GST સિવાય) ના ખર્ચે નવા વહીવટી ભવનના નિર્માણની કામગીરી સોંપવામાં આવેલ છે. જે અન્વયે કામગીરી પ્રગતિ હેઠળ છે.

➢ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

૧) વોટર બાઉઝર – નંગ– ૦૫ વાહનનાં (અંદાજીત રૂા.૭.૦૦ કરોડ)

સુરત શહેરનો ૩૨૬.૫૧૫ સ્કૂવેર કી.મી.નો હાલનો વિસ્તાર અને ૫૫ લાખની અંદાજીત વસ્તીને ધ્યાને લેતા અને ભવિષ્યમાં શહેરના આજુબાજુના વિસ્તારોનું ડેવેલોપમેન્ટ, વસ્તી વધારાને ધ્યાને લઈને તેમજ સુરત શહેરમાં આવી રહેલ વિવિધ હાઈરાઈઝ બિલ્ડીંગો, ટેક્ષટાઈલ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો વિગેરેમાં લાગતી આગ ઉપયોગમાં લઈ શકાશે. આવી ઈમારતમાં આગ લાગે ત્યારે વધારે પાણીની જરૂરિયાત વર્તાય તેવા સમયે આ પાણીની વધુ ક્ષમતા ધરાવતા આ વોટર બાઉઝર અસરકારકતા રીતે ફાયર ફાઈટીંગ કરવામાં ઉપયોગી નીવડશે. હાઈરાઈઝ બિલ્ડીંગોમાં, ઔદ્યોગિક ઈમારતોમાં લાગતી આગને તેની મદદથી આગ કાબુમાં લઈ શકાય છે. આ વાહનમાં હાઈ કેપેસીટીના પંપ તથા પીટીઓ ઈન્સ્ટોલ કરવામાં આવશે.

૨) વોટર ટેન્કર નંગ –૧૦ (અંદાજીત રૂા.૧૦.૦૦ કરોડ)

ભવિષ્યમાં શહેરના આજુબાજુના વિસ્તારોનું ડેવેલોપમેન્ટ, વસ્તી વધારાને ધ્યાને લઈને તેમજ સુરત શહેરમાં આવી રહેલ વિવિધ હાઈરાઈઝ બિલ્ડીંગો, ટેક્ષટાઈલ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો વિગેરેમાં લાગતી આગ ઉપયોગમાં લઈ શકાશે. વધુમાં સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગ માટે મંજુર થયેલા નવા ફાયર સ્ટેશનો માટે પણ વોટર ટેન્ડરની જરૂરિયાત છે તથા સુરત મહાનગરપાલિકાના ગીચ વિસ્તારો જ્યાં સહેલાઈથી ફાયર ફાઈટીંગ માટે અત્યંત ઉપયોગી એવા વોટર ટેન્ડર જે મેઈન ફાયર એન્જીનને વોટર સપ્લાય કરવા સક્ષમ છે.

૩) ફર્સ્ટ રીસ્પોન્ડર ફાયર એન્જીન નંગ –૦૫ (અંદાજીત રૂા.૫.૦૦ કરોડ)

ભવિષ્યમાં શહેરના આજુબાજુના વિસ્તારોનું ડેવેલોપમેન્ટ, વસ્તી વધારાને લઈને તેમજ સુરત શહેરમાં આવી રહેલ વિવિધ હાઈરાઈઝ બિલ્ડીંગો, ટેક્ષટાઈલ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો વિગેરેમાં લાગતી આગ ઉપયોગમાં લઈ શકાશે. જયારે પણ સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગને આગના કોલ મળતા હોય કે ત્યારે સૌ પ્રથમ આ પ્રકારેના ફર્સ્ટ રિસ્પોન્ડર ફાયર એન્જીન ટર્ન આઉટ લેતા હોય છે. આ પ્રકારેના ફાયર એન્જીનમાં વોટર ટેંક ઉપરાંત ફોમ ટેંક રાખવામાં આવતી હોય છે જે કલાસ –બી પ્રકારની ફાયર એટલે કે તરલ પદાર્થોની આગ કાબુમાં લેવા માટે અતિ ઉપયોગી છે. વધુમાં સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગ માટે મંજુર થયેલા નવા ફાયર સ્ટેશનો માટે પણ ફર્સ્ટ રિસ્પોન્ડર ફાયર એન્જીનની જરૂરિયાત છે.

૪) બોટ નંગ –૧૨ (અંદાજીત રૂા.૨.૦૦ કરોડ)

સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગને ચોમાસાની ઋતુ દરમિયાન તાપી નદીમાં તેમજ વિવિધ ખાડીઓમાં પુરની પરિસ્થિતિ સર્જાવાને કારણે નીચાણ વાળા વિસ્તારોએ થી સ્થળાંતર કરી ઉંચાઈ વાળા સલામત સ્થળે ખસેડવાની કામગીરી બોટ મારફત કરવાની થતી હોય છે તથા તાપી નદી, નહેર, તળાવો વિગેરે સ્થળો એ પણ વ્યક્તિઓના ડૂબવાના કોલ પણ અવારનવાર મળતા હોય છે જેથી ફાયર વિભાગમાં Fiber Reinforced Plastic (FRP) બોટ ની જરૂરિયાત છે.

૫) સ્માર્ટ ઈન્ટીગ્રેટેડ ઈન્સીડેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ (અંદાજીત રૂા. ૬.૦૦ કરોડ)

શહેરમાં વિવિધ ટેક્ષટાઈલ્સ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો, પેટ્રોલ પંપો, જરીના કારખાના, ટેક્ષટાઈલ્સ પ્રોસેસ યુનિટો વિગેરે જેવા આગ અને અકસ્માત ના કોલ ફાયર વિભાગના ફાયર કંટ્રોલ રૂમને મળતા હોય છે. આવા કોલના સમયે ફાયર કંટ્રોલ રૂમ દ્વારા વિસ્તાર અને જરૂરિયાત મુજબ જે –તે ફાયર સ્ટેશન ના વાહનો ઘટના સ્થળે મોકલાવવામાં આવતા હોય છે. આવા સમયે ઘટના સ્થળે મોકલાવવામાં આવેલ વ્હીકલોમાં કેમેરા લાગેલ હશે અને સદર વાહનને લાઈવ મોનીટરીંગ ફાયર કંટ્રોલ રૂમમાં લગાવવામાં આવેલ ડિસ્પ્લે પર લાઈવ જોઈ શકાશે. જેથી કરીને સદર વાહનનું ટર્ન આઉટ, વિસ્તારનો ટ્રાફિક મુવમેન્ટ, ઘટના સ્થળની પરિસ્થિતિનું અવલોકન થઈ શકશે અને ફાયર વિભાગ માટે ડોકયુમેન્ટ્રી તરીકે પણ અત્યંત ઉપયોગી નીવડશે.

૬) સ્કોર્પિયો યુટીલીટી રેસ્કયુ વ્હીકલ નંગ –૦૨ (અંદાજીત રૂા.૫૦.૦૦ લાખ)

શહેરમાં વિવિધ ટેક્ષટાઈલ્સ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો, પેટ્રોલ પંપો, જરીના કારખાના, ટેક્ષટાઈલ્સ પ્રોસેસ યુનિટો વિગેરે જેવા આગ અને અકસ્માત ના કોલ ફાયર વિભાગને મળતા હોય છે. આવા સમયે આગ– અકસ્માત ની ઘટના માં રોકાયેલ વાહનો ફાયર –ફાઈટીંગ અને બચાવ કામગીરી માં જોતારેલ હોય તેવા સમયે વધુ મેનપાવર અથવા સંશાધનો જેમકે ,ફાયર હોઝ પાઈપ ,બ્રાંચ , રેસ્કયુના સાધનો, કટર, સ્પ્રેડર, કોમ્બી ટુલ્સ, જમ્પિંગ કુશન, થર્મલ ઈમેજિંગ કેમેરા, લાઈફ ડિટેકટર, બ્રીધીંગ એપ્રેટસ સેટ ને સીલીન્ડર, નદીના કોલ ના સમયે સ્કુબા ડાઈવીંગ શુટ, અન્ડર વોટર સર્ચ કેમેરા, અન્ડર વોટર બી.એ.સેટ વિગેરે પ્રકારના સાધનોની જરૂરિયાત વર્તાય તેવા સમયે જોતરાયેલ વાહનોની મુવમેન્ટ ન કરતા આ પ્રકારના મીની વાહનો થકી સંશાધનો મંગાવી અસરકારકતા થી ફાયર ફાઈટીંગ અથવા બચાવ કામગીરી કરી શકાશે.વધુમાં સદર વ્હીકલ નો ઉપયોગ વી.વી.આઈ.પી કોન્વોય વ્હીકલ તરીકે પણ કરી શકાશે.

૭) ટાટા યુટીલીટી રેસ્કયુ વ્હીકલ નંગ –૦૨ (અંદાજીત રૂા.૩૦.૦૦ લાખ)

શહેરમાં વિવિધ ટેક્ષટાઈલ્સ માર્કેટો, ઔદ્યોગિક સંકુલો, પેટ્રોલ પંપો, જરીના કારખાના, ટેક્ષટાઈલ્સ પ્રોસેસ યુનિટો વિગેરે જેવા આગ અને અકસ્માત ના કોલ ફાયર વિભાગને મળતા હોય છે. આવા સમયે આગ– અકસ્માત ની ઘટનામાં રોકાયેલ વાહનો ફાયર –ફાઈટીંગ અને બચાવ કામગીરી માં જોતારેલ હોય તેવા સમયે વધુ મેનપાવર અથવા સંશાધનો જેમકે ,ફાયર હોઝ પાઈપ ,બ્રાંચ , રેસ્કયુના સાધનો , કટર, સ્પ્રેડર, કોમ્બી ટુલ્સ, જમ્પિંગ કુશન, થર્મલ ઈમેજિંગ કેમેરા, લાઈફ ડિટેકટર, બ્રીધીંગ એપ્રેટસ સેટને સીલીન્ડર, નદીના કોલના સમયે સ્કુબા ડાઈવીંગ શુટ, અન્ડર વોટર સર્ચ કેમેરા, અન્ડર વોટર બી.એ.સેટ વિગેરે પ્રકારના સાધનોની જરૂરિયાત વર્તાય તેવા સમયે જોતરાયેલ વાહનોની મુવમેન્ટ ન કરતા આ પ્રકારના મીની વાહનો થકી સંશાધનો મંગાવી અસરકારકતા થી ફાયર ફાઈટીંગ અથવા બચાવ કામગીરી કરી શકાશે.

➢ સેન્ટ્રલ ડિઝાઈનીંગ સેલ

